કુમાર



સ્નાન પછી
શિલ્પી · દેવીપ્રસાદ રાયચૌધરી

તંત્રી
બચુભાઈ રાવત

મે·૧૯૪૫

સ્થાપક · રવિશંકર રાવળ
આવતી કાલનાં નાગરિકોનું માસિક



કલાકાર દેવીપ્રસાદ રાયચૌધરીની બે શિલ્પકૃતિઓ (ફોટો · જગન મહેતા)

ઉપર : 'પરિશ્રમનો વિજય'
નીચે : 'સ્નાન પછી'



ચિત્રકાર, શિલ્પકાર. કવિ, લેખક, સંગીતકાર...એમ, રંગ-રેખા, રૂપ-આકૃતિ, નાદ અને શબ્દનો આ કલાકાર સર્જનનાં નાનાવિધ ક્ષેત્રોનો જાણે સ્વામી છે. મદ્રાસની સરકારી કળાશાળાના આચાર્ય એ શ્રી દેવીપ્રસાદ રાયચૌધરી સમકાલીન કલાકારોમાં આજ લગભગ ત્રણ દાયકાથી આગળપડતું સ્થાન ધરાવે છે અને શિલ્પકલામાં તો કદાચ તે સમસ્ત ભારતમાં શ્રેષ્ઠ છે. એમની એ કલાની બે ઉત્તમ કૃતિઓ અહીં આપી છે. પડછંદ દેહના એ કલાકારના શરીરની પેઠે જ એના બુદ્ધિતેજ અને ઊર્મિ-આવેગ પણ પ્રચંડ જ છે, અને શિલ્પસર્જન કરતી વખતે માટીને 'ઘડવા'ને બદલે એ જાણે તેને ચીરીને અંદરથી પોતાનું પ્રબલ સંવેદન મૂર્ત કરવા મથતા હોય એમ લાગે. એમની એવી બલવતી શિલ્પકૃતિઓમાં શ્રેષ્ઠ 'પરિશ્રમનો વિજય' આ ઉપર આપી છે. એમાં ચાર મજૂરોને ભીષણ પરિશ્રમપૂર્વક એક મોટા ખડકને ઉથલાવતા ઉતાર્યા છે. શરીરની નસેનસને ખેંચીને તંગ સ્નાયુઓ દ્વારા બધું બળ પથ્થર પર કેન્દ્રિત કરતી એ આકૃતિઓના ચારેના જુદાજુદા દેહવિન્યાસમાં સંયોજનની એક લય વ્યાપેલી છે. માત્ર એમની કૃતિઓમાં જ નહિ પણ દેશભરનાં શિલ્પોમાં ઉત્તમ ગણાએલી આ કૃતિ કેવળ શ્રમજીવીઓનું જીવન-દર્શન કરાવવા જ નથી સર્જાઈ. પરિસ્થિતિનાં પરિબળો સામેના માનવીના સનાતન સંગ્રામનું એક પ્રતીક સર્જાવવાનો એમની લાંબા કાળની સંવેદના મૂર્ત કરવાનો એમાં પ્રયત્ન છે. આઠ વર્ષ સુધી એ વિષય એમના મનમાં ઘુંટાયા કર્યો હતો.

પ્રચંડતાની પેઠે મૃદુતા પણ એમની આંગળીઓ એટલી જ સાહજિકતાથી રમાડી શકે છે એનું ઉદાહરણ આ બીજી શિલ્પકૃતિ છે. બે હાથમાં વસ્ત્રના બે છેડા ધારીને, પગ ઉપર પગ ચડાવીને ઊભેલી એ નારીની અંગભંગી દ્વારા એમણે એમાં 'સ્નાન પછી'ની સ્ત્રીમૂર્તિ-



ગ્રીષ્મનું ગાન · ચિત્રકાર કનુ દેસાઈ · (નલિનીના સૌજન્યથી)

દાંત
કઢાવશો નહિ



- દાઢનું દર્દ, દુઃખતા દાંત તથા પાયોરીઆ મટાડે છે.
- મ્હોંની ખરાબ વાસ દૂર કરે છે.
- પેઢાંમાંથી નીકળતું લોહી બંધ કરે છે.
- જંતુવિનાશક, ખુશબોદાર તથા સ્વાદિષ્ટ છે.

સનટોન

દાંત સાફ કરવા રોજ વાપરો.

કુમાર

મે ૧૯૫૧

અંક ૩૨૯

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ, પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન . કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૭ાા; પરદેશમાં રૂ. ૯ાા અથવા શિ૦ ૧૫; છુટક નકલ: બાર આના

કુમારમાંનાં સર્વ લખાણો ચિત્રો અને ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે

વૈશાખ

ધધખતો આવ્યો રે વૈશાખ !
ઉગ્ર ધૂર્જટી તપે ગગનમાં ઉડે ધધખતી રાખ !
ધધખતો૦

દશે દિશાની ઊભી ઊભી કાયા સળગી જાય
દિશાપારથી વરસે કેવળ વૈશ્વાનરની લ્હાય !
આ તે બાળી કરશે ખાખ !–ધધખતો૦

દુર્નિરીક્ષ્ય કૈં રુદ્રરૂપની સન્મુખ નહિ ભળાય.
પારવતી-પરિયાણ સમેનો કોપ કંઈક કળાય.
દક્ષ પર લાલ રુદ્રની આંખ !–ધધખતો૦

વાયુ સૂસવે ઘોર શોરથી, ડમરૂ ગાંડુ તૂર !
ભરી ભરી લેંકાર ભુવન ત્રણ ડહકે ભૈરવ સૂર !
પંખી પડતાં જ્યમ પાકી શાખ !–ધધખતો૦

ત્રાહિ,ત્રાહિ,ત્રિભુવન કર જોડે દેવદેવ,મહાદેવ,
આશુતોષ,હે શંભુ,સૌમ્યશિવરૂપધરો તતખેવ;
ગંગ રેલો ધારાએ લાખ !–ધધખતો૦

પ્રજારામ

(શ્રી નાથાલાલ દવેની 'આવ્યો રે વૈશાખ' એ લીટીનો ઉપાડ લઇને.)

માત્ર ઉપાડ જ લીધો છે અન્યની લીટીનો; બાકી તો આખું ગાન, ક્રોધાવિષ્ટ શંકરના રૂપક અને બળવતી બાની વડે, વૈશાખના ઘોમનો, આપણને જાણે દઝાડતો હોય એવો સાક્ષાત્કાર કરાવી રહે છે.

વત્સલા

· અનુષ્ટુપ ·

ચાણે વર્ષે મળી તું તો, કાંખમાં છોકરું હતું,
બોખલું હસતું મીઠું સર્વે કોને હસાવતું;
સુગન્ધી વાળમાં તારી આંગળી ફરતી હતી,
ઊડતી બે લટો એની પ્રેમથી તું સમારતી;
પળ બે બેસતું ખોળે, એકાએક ઊભું થતું,
અને પાછું પડે ધબ્બ, પાછું એ વળી કૂદતું;
ગાલ પે ચોંટીઓ લેતાં ક્રુચ્યું એ હસતું હતું,
હાસ્ય એ ઝીલતાં તારું મુખડું મરકી જતું.

'બાબો કે બેબી?' પૂછ્યું મેં; 'બેબી.' વાણીમધુરવી
ઝરી મૃદુલ ઓષ્ઠેથી; પરન્તુ શોકની નવી
છાયા મેં રેલતી ભાળી મુખચન્દ્ર પરે તવ,
ઊડી ગૈ હાસ્યની રેલ, બની ગઈ તું નીરવ.

'બેબીનું નામ શું પાડ્યું?' મોઢે અસ્પષ્ટ વેદના
સ્ફુરી તારે; વદી તું, 'આપાડોશીની છ રંજના!'

રંજનમ્

કશું જ સમજાવવા જેવું નથી આ કાવ્યમાં: વાત કરતા હોય એવી ઢબે એક પ્રસંગ આલેખ્યો છે; ને છેલ્લી લીટીના છેલ્લા સાદા શબ્દોમાં છુપાએલી ઊંડી વેદના દ્વારા આ સૉનેટ કરુણાની જે છાયા મૂકી જાય છે, તે મથાળાને સાર્થ કરે છે.—કે મથાળું એને ?

ઇતિહાસને

· મિશ્ર ·

તેં દીધેલા શબ્દના દીપ દ્વારા
મેં અંધારે કાળનું હૈયું જોયું :
ઊનાં ઊનાં અશ્રુની નીરધારા,
ઓષ્ઠો કેરો મત્ત કૈં રક્ત રંગ,
વ્હેતાં જે મિશ્ર થૈને ધબકીધબકી આનંત્યનાં ગૂઢ અંગ !

પ્રિયકાન્ત મણિયાર

સદા નવતર કલ્પના લઇને આવતા આ નવોદિત કવિ આ મુકતકમાં ઈતિહાસને ઉદ્દેશી કહે છે: 'તારા દીધેલા શબ્દના દીપ વડે મેં અંધારામાં કાળનું હૈયું જોયું. તો શું જણાયું?–એ વસ્તુ : વિલાસની લોહીરંગી લાલિમા ને કરુણાનાં ઊનાં આંસુ. ને અનંતતાનાં ગૂઢ અંગ જેવાં એ બેનો પ્રવાહ જે મિશ્ર થઇને ધબકતો વહેતો હતો તે ઇતિહાસ.'

વ્યથા

· વંશસ્થ ·

આ મૌનનાં અમૃતને ઉતારવાં
શી રીત વાણી મહીં, એ મને વ્યથા;
ને શબ્દની સુંદર સ્વપ્ન શી કથા
જ્યાં સ્પર્શું ત્યાં જાય ઉડી બની હવા.

પિનાકિન્ ઠાકોર

નાનકડા મુક્તકમાં મોટી ગૂઢ વાત કહેવાનું લાઘવ, એ મુક્તક-કલાની સિદ્ધિ દાખવતું કાવ્યમોતી. કવિની વ્યથા છે : મૌનનાં અમૃતને વાણીમાં કઇ રીતે ઉતારવાં ?—અને શબ્દની વાત તો એવી છે કે અડતાંવેંત જ સ્વપ્નની પેઠે હવા બનીને ઊડી જાય છે !

ફ્રાન્સ દેશનો મરજીવો શોધસફરી

લા પેરૂઝ



દક્ષિણ મહાસાગરનાં અફાટ પાણી અને અણજાણ પ્રદેશોની મોજણી કરીને તેના વિગતવાર હેવાલોના ચાર મોટાગ્રંથ જે આપતો ગયો,— અને જેની આખરી અને છેલ્લા ધ્યેયની સફરના સમાચાર મેળવવા આતુર આખું યુરોપ ચાળીસ વર્ષ સુધી ઝંખી રહ્યું; પણ...

લેખક - 'શૂન્ય' પાલનપુરી

થીજાવીને મારી નાખે એવા દક્ષિણ ધ્રુવના બરફના પડથાર પર પણ જો ક્યાંયે વસવાટ યોગ્ય જમીન હોય તો તેના પર પણ ફ્રેંચ સામ્રાજ્યની સીમા-રેખા આંકવા કપરામાં કપરી સાગર-સફર ખેડવાનું બીડું ઝડપી, ફ્રાંસનો એ વીર સાગરપુત્ર આજથી દોઢસો વરસ પહેલાં નીકળી પડ્યો;—મોતને સાથે લઇને, ત્રણ વાર એણે પાસિફિકનાં ઊંડાં પાણી ખૂંદ્યાં ને કૅપ્ટન કૂકની હરીફાઇ કરે એવી ત્યાંના જલમાર્ગોની તથા ઘણા અણજાણ ટાપુઓની મોજણી કરી. અને પછી પોતાના લક્ષ્ય તરફ જવા તૈયાર થયો. પણ વિધિની રચના જુદી જ હતી. દક્ષિણ મહાસાગરના એ અફાટ એકાંત જળ-રાશિ વચ્ચે આવેલા, પરવાળાના તીક્ષ્ણ ખડકોથી બનેલા એક નિર્જન ઉજ્જડ ટાપુ પર તેનાં વહાણો અથડાઇને તેણે ચિરનિદ્રા લીધી. મહિનાઓ નહિ વર્ષો વીતતાં ગયાં. પણ તેના કાંઈ જ ખબર ન મળતાં દુનિયા અધીરી બની. એની માતૃભૂમિ ફ્રાંસે જ માત્ર નહિ, પણ યુરોપના બધા દેશોએ એની શોધ આદરી : કોઇને યે માટે નહિ કરી હોય એટલી શોધ કરી. એનું મૃત્યુ એ યુરોપના સાગર-સફરીઓમાં સૌથી વધુ રોમાંચક અને દુઃખદ બનાવ ગણાયો છે.

એક જૉન ફ્રૅંકલિન અને તેના ૧૩૦ સાથીઓને શોધવા માટે પણ આવા પ્રયત્નો થએલા, પરંતુ એ તો કેવળ એક જ વાર; જ્યારે આ અમર ખલાસીની શોધ એ જાણે પ્રત્યેક જહાજનું લક્ષ્ય જ થઇ પડેલું. ફ્રાન્સ પોતાનું કટ્ટર દુશ્મન હોવા છતાં પણ, જો એ જીવતો હોય તો તે આસાનીથી પાછો ફરી શકે એ માટે ઇંગ્લંડે પોતાના લડાઈના કાનૂનો પણ એને માટે મોકૂફ રાખ્યો અને એનાં વહાણો ગમે ત્યાં વગર અડચણે ફરી પાછાં આવી શકે એવો હુકમ કર્યો. અગાઉ ઈંગ્લંડ સાથે યુદ્ધ ચાલતું હોવા છતાં ફ્રાંસે પણ કૅપ્ટન કૂકનાં વહાણોને સહી-સલામત જવા દીધેલાં તેનો બદલો ઈંગ્લંડે આ ખેલદિલી દાખવી વાળી આપ્યો. પણ એનો પત્તો ન મળ્યો તે ન જ મળ્યો.

લોકહૈયાંમાં ઘર કરી ગએલા એ સાગરખેડુ સાહસવીરનું નામ ઝયાં ફ્રાંસ્વા ગૅલપ, કાઉન્ત દ લા પેરૂઝ. જેવો ઈંગ્લંડનો કૂક તેવો જ ફ્રાંસનો આ લા પેરૂઝ. કૂકે જ એને પ્રેરણા આપી. ૧૭૪૧માં મહાન યુદ્ધની નોબત ગગડતી હતી ત્યારે, ફ્રાન્સમાં ટાર્ન પ્રદેશના અલ્બી નજીક તેનો જન્મ થયો. એક નાનીશી જાગીર પણ તેને વારસામાં મળેલી. ૧૮ વર્ષનો થયો ત્યાં તો ફ્રાન્સ ને ઇંગ્લંડ વચ્ચેના યુદ્ધમાં તે જોડાયો અને સાગરયુદ્ધોના મોરચા તથા અનુભવોમાંથી પસાર થઈ ઘડાયો. અને પછી તો સાતે સાગરોના જુદાજુદા વિભાગોમાં અનેક નૌકાયુદ્ધો એ લડ્યો. આમ, જીવનની શરૂઆતથી જ સાહસો ખેલતોખેલતો એ એક નિપુણ નાખુદો બની ગયો.

લડાઈ દરમ્યાન ફ્રાન્સ, શોધખોળ સફરો અને શોધક સાહસિકો પર જરાયે લક્ષ્ય આપી શકેલું નહિ; પણ લડાઇ પૂરી થતાં જ એણે એ તરફ દૃષ્ટિ કરી. કોલંબસે સ્પેનને પશ્ચિમની એક નવી દુનિયા મેળવી આપી હતી. ગામાએ પોર્ટુગલ માટે પૂર્વની દુનિયાનો માર્ગ મોકળો કરી આપ્યો હતો. ઇંગ્લંડના કૂકની અદ્‌ભુત મુસાફરીઓની વાતો એ સમયે આખા યુરોપમાં થતી હતી. પાસિફિકથી આટલાંટિક તરફનો માર્ગ શોધવા તે જોકે નિષ્ફળ નીવડ્યો હતો, છતાં એણે ઑસ્ટ્રેલિયાનો ઘણો ભાગ શોધી એક નવા ખંડ પર ઇંગ્લંડનો વાવટો ફરકાવી દીધો હતો.

ત્યારે હવે દુનિયાનો વણશોધાએલો એવો કયો ભાગ હતો કે જેને શોધી કાઢી ફ્રાન્સ પોતાના સામ્રાજ્યમાં ભેળવી દે? હિંદ, અમેરિકા, ઑસ્ટ્રેલિયા, એમ નવાનવા પ્રદેશો પર વિસ્તરતા જતા હરીફ બ્રિટનના સામ્રાજ્યનો ધ્વજ ફરકતો જોઈ, ફ્રાન્સને અદેખાઈ થાય એ સ્વાભાવિક હતું. હવે તેને ભાન આવ્યું કે પોતે તો લડાઈમાં વિજય મેળવવા જ ફાંફાં માર્યા કરતું હતું, જ્યારે ઇંગ્લંડ એક વિશાળ સામ્રાજ્ય જમાવતું ગયું હતુ.

ઇંગ્લંડે કૅપ્ટન કૂકને દક્ષિણ ગોળાર્ધમાં પ્રદેશો શોધવા મોકલ્યો હતો, પણ તેને બરફ સિવાય બીજું કૈં જ મળ્યું નહોતું. છતાં ફ્રાન્સના વિદ્વાનોને ત્યાં કોઇ પ્રદેશ હોવાની આશા હતી. અને બીજાં રાજ્યોની જેમ પોતાની યે સીમા વધારવી હોય તો હવે તેણે તે પ્રદેશને જ શોધી કાઢ્યે છૂટકો હતો. પણ વિરાટ પાસિફિકનાં ધૂઘવતાં પાણીની યે પેલી પારના, એ ઠીંગરાવી નાખતા હિમપ્રદેશમાં જવાની કેડી તાકાતવાળો જુવાન, ખડતલ, સાહસિક સફરી કોણ હતો, જે ત્યાં જઈ, કૈંક શોધી કાઢી. તે પર ફ્રાન્સનો વાવટો ફરકાવે?

ફ્રાન્સે લા પેરૂઝ પર મીટ માંડી; અને પોતાના વહાલા વતનની એ મહત્ત્વાકાંક્ષા પાર પાડવા તેણે બીડું ઝડપ્યું. પૂર્વે કદી ન બંધાએલાં એવાં બે મજબૂત વહાણો 'બૂસોલ' અને 'ઍસ્ટ્રોલૅબ' તૈયાર કર્યાં અને પોતાનો કાર્યક્રમ ઘડી લીધો. આખી દુનિયાની પ્રદક્ષિણા કરીને પૃથ્વીના ગોળાની માપણી તેણે કરવાની હતી. એમાં નવા શોધાતા પ્રદેશો પર ફ્રાન્સનો વિજયવાવટો ફરકાવવાનો હતો. એટલું જ નહિ પણ એ પ્રદેશના લોકો, એમની રહેણી-કરણી, રીતરિવાજો, ત્યાંનાં પ્રાણીઓ અને તેમની ઉત્પત્તિ, ત્યાંની વનસ્પતિ ને ભૂતળ-રચના વગેરે વિષે બને તેટલું જ્ઞાન પણ એકઠું કરવાનું હતું. અને એ માટે મહાસાગરનાં ઊંડાણ માપનારા નિષ્ણાતો, તારા અને ગ્રહો પરથી પંચાગ બનાવનારા ખગોળશાસ્ત્રીઓ, પૃથ્વીની મોજણી કરનાર.

'સર્વેયરો' (મોજણીદારો), વિજ્ઞાનશાસ્ત્રીઓ, યાંત્રિકો, ઉત્તમ ખડતલ ખલાસીઓ તથા વિદ્યાભિલાષી સજ્જનોનો મોટો કાફલો પણ તેણે સાથ લઇ જવાનો હતો.

ઇશાન કોણેથી સફર શરૂ કરી, બને તો ઑસ્ટ્રેલિયાને (જો તે પર ઇગ્લંડનો કબ્જો ન હોય તો) કબ્જે કરવાનું હતું,ને પછી દૂર નવા પ્રદેશો શોધી કાઢવા દક્ષિણ ધ્રુવનો ઠંડો ક્રૂર સાગર ખેડવાનો હતો.

સિકંદરની અભિલાષાથી યે મહાન એવી અભિલાષા લઇને આ કાફલો ઈ.૧૭૮૫ની પહેલી ઑાગસ્ટે બ્રેસ્ટ બંદરેથી ઊપડ્યો.ફ્રાન્સના પ્રજાજનોએ જાણે બીજો કોલંબસ પોતાનો કિનારો છોડી રહ્યો હોય એવો ગર્વ લીધો અને તેને માટે નવી દુનિયાની શોધસફર શરૂ થઈ.

જ્યાં જ્યાં એ ગયો ત્યાં ત્યાં પોતાની કામગીરી સંપૂર્ણરીતે તે બજાવતો ગયો. તેણે અમેરિકાના પૂર્વ પ્રદેશોના કિનારે કિનારે ચાલીને, મૅગલનના ખલાસીઓને ભડકાવનારી ને એ વખતે ભયંકર મનાતી હૉર્ન ભૂશિર ઓળંગી. ક્વીન શાર્લોત આઇલૅન્ડ્ઝને નામે ઓળખાતા ટાપુઓના એક સમૂહ પર શોધખોળ કરી અને પછી પાસિફિક વટાવી સૅન્ડવિચ ટાપુઓ, અને ત્યાંથી મૅકાઓ થઈ ફિલિપાઇન્સ પહોંચ્યો. અહીંથી તેણે ૧૭૮૭ની ૯મી એપ્રિલે એશિયાના અગ્નિ કોણના કિનારા પર શોધખોળો કરી. એ ફૉર્મોસા, લૂ-ચૂ આઇલૅન્ડઝ, કવેલપાર્ટ ટાપુઓ અને કોરિયાની સામુદ્રધુનીમાં થઈ, જાપાનના સમુદ્રને માર્ગે ટાર્ટરીના અખાતમાં પ્રવેશી, તેના જઇ શકાય તેટલા સાંકડા છેડા સુધી મોજણી કરી પાછો વળ્યો. 'સેઘેલન' અને 'યેજો' ટાપુઓની વચ્ચે ફરી આરપાર જઈ એણે સાબિત કર્યું કે તે ફક્ત ટાપુઓ જ છે—ખંડનો કોઇ ભાગ નથી.ન્યૂ ઝીલૅન્ડના ટાપુઓની પેઠે આ ટાપુઓ પણ સામુદ્રધુનીથી છૂટા પડે છે. એ સામુદ્રધુની વચ્ચે પણ એણે સફર કરી અને એને પોતાનું નામ આપ્યું. આજે યે એ 'લા પેરૂઝની સામુદ્રધુની' તરીકે ઓળખાય છે.

તે કામચાટકા પહોંચ્યો ત્યારે દુનિયાની પ્રદક્ષિણાનો મોટો ભાગ પૂરો થયો હતો. આ એનું મોટું સદ્ભાગ્ય હતું. જ્યારે આજ જેવાં ઝડપી વહાણો ન હતાં, વાયરલેસ પણ શોધાયો ન હતો, અરે આગગાડીઓ પણ નહોતી, એવા એ જમાનામાં યે ફ્રાન્સે પોતાના આ વીર માટે બનતું બધું કર્યું અને કામચાટકામાં તેને આવકારવા જંગી તૈયારીઓ કરાવી. ત્યાં એને રોકી લેવા ખાસ કાસદો રવાના કર્યાં અને એને 'નૌકાદળના સરસેનાપતિનો' હોદ્દો આપ્યો. કામચાટકા રશિયાના તાબામાં હતું.રશિયાની રાણી કૅથેરાઈન પણ એ વીર સફરીને જોવા ખૂબ ઉત્સુક હતી. તેણે પણ તેને માન આપવા માટે ખાસ સમારંભ યોજ્યો હતો, જેમાં રશિયાના નૌકાદળના અધિકારીઓએ પણ ભાગ લીધો અને લા પેરૂઝને તોપોની સલામી આપી.

પણ ખરી, સફર તો હજુ હવે શરૂ થવાની હતી. ભવિષ્યની મુશ્કેલીઓથી તે પૂરેપૂરો સભાન હતો. કદાચ એ સફરેથી પાછા ન ફરાય એ ખ્યાલે એણે કામચાટકામાં જ પોતાના અનુભવો અને શોધખોળો વર્ણવતો ચાર ભાગનો એક દળદાર મહાગ્રંથ લખી કાઢ્યો. આ પુસ્તક તેની અંતિમ કૃતિ હતી; કેમકે તે પછી એક નાનકડા પત્ર સિવાય દુનિયાને તેના તરફથી કાંઈ જ મળ્યું નહિ. એ વખતે એનાં પ્રખ્યાત વહાણોનું સમારકામ ચાલતું હતું. પુસ્તક પૂરું કરી, કાસદો મારફત તેણે તે ફ્રાન્સ મોકલાવ્યું. પણ ત્યાં એ અમૂલ્ય પુસ્તકનું છાપકામ થઈ રહ્યું હતું ત્યારે કોઇને સ્વપ્નેયે ખ્યાલ હશે કે એ જ વખતે એનાં હાડકાં એક અજાણ્યા ટાપુ પર રઝળતાં હતાં? પુસ્તક બહાર પડ્યું ત્યારે કોઈ માનવાને યે તૈયાર નહોતું કે લા પેરૂઝ આ પૃથ્વી પર નથી. પણ જ્યારે લાંબા કાળ સુધી એ લાપત્તા જ રહ્યો ત્યારે એમને માનવું



લા પેરૂઝનો પ્રવાસમાર્ગ

પડ્યું. અને ત્યારે સૌ એકી અવાજે બોલી ઊઠ્યા કે તેનું મૃત્યુ એળે નથી ગયું. એ જગતને કૈંક આપીને ગયો છે; એ મરીને અમર થઇ ગયો છે.

કામચાટકામાં વહાણો તૈયાર થઈ ગયાં. હવે એને ઑાસ્ટ્રેલિયા પર ફ્રાન્સનો ધ્વજ ફરકાવવા જવાનું હતું. એ ઊપડ્યો.

ચાર હજાર માઈલની સતત મુસાફરી પછી સામોઅન દ્વિપસમૂહમાં મનોઆ ટાપુએ એણે વિસામો લીધો. અહીં એને પ્રથમ વિપત્તિ નડી. તેના ઍસ્ટ્રૉલૅબ વહાણનો કપ્તાન દ'લાંગલે કિનારે ઊતરતાં જ ત્યાંના વતનીઓની ખૂની વૃત્તિનો ભોગ બની કૂકની જેમ મૃત્યુને ભેટ્યો. લા પેરૂઝને આથી સખત ફટકો પડ્યો. છતાં ભગ્ન હૃદયે પણ તે ૧૭૮૮ની ૨૬મી જાન્યુઆરીએ ત્યાંથી ઊપડ્યો. વતનથી નીકળ્યે એને લગભગ અઢી વરસ થઇ ગયાં હતાં. થોડાક દિવસની સફર પછી એનાં વહાણ બોટૅની અખાતમાં દાખલ થયાં.

સત્તર વર્ષ પહેલાં કૂકે આ જગ્યા પર પથમ પગ મૂકેલો. એ વખતે એ બિલકુલ અજાણ્યો પ્રદેશ હતો. જોસેફ બૅંક્સ નામના વનસ્પતિશાસ્ત્રીને એના કિનારે અપૂર્વ વનસ્પતિ જોઇને એના પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થયો અને પરિણામે એ અખાતનું નામ બોટૅની (Botany) પડ્યું. બૅંક્સે ઇંગ્લંડ પહોંચ્યા બાદ આ નવા પ્રદેશમાં સામ્રાજ્ય સ્થાપવા ઇગ્લંડની સરકારને સમજાવ્યું, કારણકે એ બહુ જ ફળદ્રુપ પ્રદેશ હતો. પણ એની એ દરખાસ્તને ટેકો ન મળ્યો. એણે બીજી દરખાસ્ત મૂકી: કેદ પકડાએલા ગુલામોને આવી આદર્શ જગ્યાએ એ પ્રદેશને વિકસાવવા મોકલી દેવા જોઇએ. એક કાંકરે બે પક્ષી!

એ વખતે કાયદા ખૂબ કડક. નજીવા કારણે પણ ભયંકર સજાઓ થાય. એટલે ઇગ્લંડનાં કેદખાનાં કીડિયારાંની જેમ ઊભરાતાં હતાં. એમાંના ઘણાખરા કેદીઓને તો યુનાઇટેડ સ્ટેટ્સ તથા વેસ્ટઈન્ડીઝમાં વસવાટ માટે મોકલી દેવામાં પણ આવ્યા હતા. સજાની સજા અને સામ્રાજ્યનું સામ્રાજ્ય. કોલંબસ, માર્ટિન, ફ્રૉબીશર વગેરે શોધકો પણ પોતાની સાથે આવા ગુલામોને જ લઇને નીકળેલા. ખરું પુછાવો તો આ શોધસફરોમાં એ ગુલામોનો હિસ્સો પણ ઓછો નથી.

બ્રિટન અને અમેરિકા વચ્ચે જ્યારે લડાઈ સળગી ત્યારે સંસ્થાનોમાં ગુલામો ન મોકલી શકાયા અને ઇગ્લંડમાં એમનો વધારો થઈ પડ્યો હતો. એટલે જોસેફ બૅંક્સની આ દરખાસ્ત મન્જૂર થઈ. ઑસ્ટ્રેલિયા આવા ગુલામો માટે કાળા પાણીનું સ્થાન થઈ પડ્યું. વહાણો ભરીભરીને ત્યાં ગુલામો મોકલાયા.

લા પેરૂઝ જ્યારે બોટૅની અખાતમાં દાખલ થયો ત્યારે આર્થર ફિલિપનાં અંગ્રેજી વહાણો ગુલામો ભરીને બીજું સંસ્થાનો શોધી કાઢવા ઊપડી ગયાં હતાં, અને અખાતમાં અંગ્રેજ ગુલામોનો ક્બ્જો

એક નાનો સરખો કાફલો હતો; અને એ પણ ઊપડવાની તૈયારીમાં હતો.

પેરૂઝ ફક્ત બે જ દિવસ મોડો પડ્યો. જે ટાપુ ઉપર ફ્રાન્સની સત્તા બેસાડવા એણે આટલો લાંબો પ્રવાસ ખેડ્યો હતો તે ટાપુ અંગ્રેજોને હાથોહાથ હાંકી કાઢી એ કબ્જે લઈ લેત. પણ હવે તો ફક્ત ગુલામોની એક ટુકડી જ હતી. પેરૂઝને જોઇ તેમણે હર્ષની કીકિયારીઓ કરી. તેમણે આ ફ્રેંચ શોધકને ખૂબ આવકાર આપ્યો. થોડાંક અઠવાડિયાં એ અહીં રહ્યો અને પછી ત્યાંથી દક્ષિણ મહાસાગરના અગમ્ય પ્રદેશની શોધમાં નીકળી પડ્યો. ઊપડતાં પહેલાં ફ્રાન્સની સરકાર પર એક પત્ર તે પાઠવી ગયો હતો. એ એનો છેલ્લો પત્ર. તેમાં હવે પછીની સફરની રૂપરેખા દર્શાવી હતી.

એ પછી શું થયું તે કદી જ જણાયું નથી. ફક્ત અનુમાન થયું છે કે બૉટૅની અખાતમાંથી નીકળીને તે દક્ષિણ પાસિફિક મહાસાગરમાં સાંટાક્રુઝ ટાપુઓ તરફ ગયો હોવો જોઇએ અને ત્યાંથી કાં તો કોઈ વાવાઝોડાને લઇને યા તો અંધકારને કારણે એનાં વહાણો પરવાળાના ખડક સાથે અથડાઇને નાશ પામ્યાં હોવાં જોઇએ. ગમે તે હો, પણ એટલું તો ચોક્કસ કે એ સાગરખેડુ વિષે ફરી કૈં કદી ન સંભળાયું. જાણે તે ઑસ્ટ્રેલિયાના બંદરેથી મૃત્યુલોક તરફ જ ઊપડી ગયો ન હોય!

પણ તેનાં પુસ્તકો દ્વારા આખો યુરોપખંડ તેને ઓળખતો થઇ ગયો હતો. તેના સમાચાર મેળવવા માટે પ્રજા તલપાપડ થઈ રહી. વરસ, બે વરસ, ત્રણ વરસ વીત્યાં. પણ કાંઈ જ સમાચાર ન આવ્યા. ફ્રાન્સની સરકારે એને શોધવા કાફલા મોકલ્યા, પણ દક્ષિણના અફાટ મહાસાગરમાં તેઓ શું કરે? ક્યાં જાય? ક્યાં શોધે? ભટકીભટકીને કાફલા પાછા આવ્યા: સારા કે માઠા કાંઈ જ સમાચાર વિના.

વરસો વીતી ગયાં. હજુપણ એ બેપત્તા વહાણો વિષે કંઇ ને કંઈ સમાચાર મેળવવાની આશા પ્રજાના મનમાં જલતી હતી. ફરીથી ઇંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે લડાઇ સળગી. ભયંકર કાયદાઓ થયા. એકબીજાનાં વહાણો અરસપરસ ડુબાડી દેવામાં આવ્યાં. એવે ભયંકર ટાણે પણ સર જોસેફ બૅન્ક્સ એ લાકડાનાં વહાણોના સાહસને આશાની નજરે જોતો હતો. લા પેરૂઝની શક્તિ વિષે તેને ઘણું માન હતું. એ જીવતો જ હોવો જોઇએ અને એક દિવસ વિજયના સમાચાર લઈ જરૂર પાછો ફરશે એવી એને શ્રદ્ધા હતી. તેણે બ્રિટિશ સરકારને વિનંતી કરી અને પેરૂઝ જીવતો હોય તો એનાં વહાણોને કોઈ પણ અંગ્રેજ વહાણ નુકસાન ન કરે એવો હુકમ કઢાવ્યો. બૅન્ક્સની લાગણીઓ એટલેથી અટકી નહિ. જ્યારેજ્યારે કોઇ વહાણ દક્ષિણ તરફ પ્રયાણ કરતું ત્યારે તેના કપ્તાનને તે પૈસા આપતો કે જેથી એ પેરૂઝની શોધ માટે જહેમત ઉઠાવે.

શોધ કરનારા સમુદ્રેસમુદ્રે ફરી વળ્યા. અને અંતે, લા પેરૂઝના બૉટૅની અખાતથી નીકળ્યા પછી છેક ચાલીસમે વર્ષે, એક વહાણે વાવડ દીધા કે દક્ષિણ પાસિફિકના ટાપુવાસીઓ પાસે એણે ક્રૉસ અને એક મેડલ જોયાં હતાં. સંભવ હતો કે એ લા પેરૂઝનાં જ હોય. વિશેષ માહિતી માટે એક ફ્રેંચ વહાણ મોકલવામાં આવ્યું, પણ વ્યર્થ.

પછી તો કોઇ અંગ્રેજ કપ્તાનના સાંભળવામાં આવ્યું કે કેપ્ટન કૂકના શોધેલા ન્યૂ હેબ્રીડીઝ ટાપુઓમાં બે વહાણો ભાંગેલા પડ્યાં છે. તેને એ વિષે આગળ શોધ કરવા કહેવામાં આવ્યું. પરિણામે છેવટે સત્ય પરથી પડદો ઊંચકાયો. કપ્તાનને બૂસોલ અને ઍસ્ટ્રોલૅબના કકડા મળી આવ્યા. સાન્ટાક્રુઝ દ્વિપસમૂહમાં 'વાનીકોરા' ટાપુના ખડક પર એ પડેલા હતા. તેમના કપ્તાન અને ખલાસીઓનું શું થયું એ તો ભગવાન જાણે. કાં તેઓ ડૂબી ગયા હોવા જોઇએ, કાં કિનારે પડીને ભૂખથી મરણ પામ્યા હોવા જોઈએ, કાં ત્યાંના વતનીઓએ તેઓને મારી નાખ્યા હોય. ગમે તે રીતે મૃત્યુ થયું હશે, પણ એટલું તો ચોક્કસ કે લા પેરૂઝ તેને હિંમતપૂર્વક ભેટ્યો હશે.

આખા યુરોપની લાગણી આ વીર પુરુષ તરફ હતી. ફ્રાન્સે પણ ડ્યુમોંટ અર્વિલની સરદારી નીચે એક કાફલો રવાના કર્યો. તેણે આ દુઃખદ બનાવના સ્થળે જઈ પોતાના માનીતા વીર અને એના સાથીદારોના માનમાં એક સ્તંભ ઊભો કર્યો. એ વાતને આજ સૈકો ઉપર વીતી ગયો છે. અત્યારે તો આપણે બીજા ઘણાયે શોધકોનાં નામ જાણીએ છીએ, કે જેઓએ આખા ધ્રુવપ્રદેશની તસુયે તસુ જમીન શોધી કાઢી છે અને ત્યાં જ લાંબી સોડ તાણી છે. પરંતુ પેરૂઝના હૃદયભેદક મૃત્યુની વાર્તા આપણાથી ભૂલી શકાય એમ નથી.

પાસિફિકના અજાણ્યા અને ભયંકર મહાસાગરમાં આવેલા આ ખડકો અને લા પેરૂઝનું મિલન ખરેખર કદી નહિ વિસરાય. એમ તો પરવાળાના પથરા આપણે ઘણા જોયા છે. કોઈ કોઈ બાળક-બાળકીના ગળામાં એના મણકાની માળા જોઇને એની સુંદરતાના આપણને વિચારો આવે છે. એ સુંદર મણકા અને લા પેરૂઝના વિનાશક ખડકો વચ્ચે બહુ ઘેરો સંબંધ છે.

એક બાજુ એ પરવાળાની ઉત્પત્તિ સમુદ્રમાં થઈ. વનસ્પતિ કરતા જરાક આગળના દરજ્જાનાં એ જીવડાં ઘૂઘવાટ કરતા સાગરમાંથી ખનીજદ્રવ્યો ચૂસી ઝીણાં ઝીણાં છિદ્રોવાળાં ઘરો બાંધે છે. કરોડો વર્ષોથી એવું થયા જ કરે છે. સમુદ્રની ભરતી તેમને ભેગાં કરી દે છે. આ બધાં ઘરો એકસાથે જોડાઈને વિસ્તારમાં ફેલાતાં જાય છે. આ રીતે ઊંચા ઊંચા ખડકો અસ્તિત્વમાં આવે છે.

બીજી બાજુ માણસે પ્રગતિ કરી. વધતાં વધતાં એ બીજા દેશો શોધવા શક્તિમાન થયો; અજાણ્યા મહાસાગરોમાં સ્વચ્છંદે વિહાર કરવા લાગ્યો; અને એવી સાહસિક વ્યક્તિઓમાં એક લા પેરૂઝ પણ થયો કે જે અગમ્યની શોધમાં એવા ભયંકર સાગરોમાં ઘૂમ્યો.

અને છેવટે મનુષ્ય અને પરવાળાનું કુદરતે નિર્માણ કરેલું વિચિત્ર મિલન થયું. સાહસવીરો ફરતા ફરતા આ નાના જંતુઓએ રચેલા ખડકો પર આવી અફળાયા અને મૃત્યુને ભેટ્યા.

આ નાના જંતુઓએ ઇતિહાસનું એક પાનું લખ્યું છે, જે કદી નહિ વિસરી શકાય. જ્યાંસુધી એ ખડકો રહેશે ત્યાં સુધી ફ્રાન્સના એ વીર નાવિક અને જગતવીરોમાંના એક લા પેરૂઝનું નામ કાયમ રહેશે.

કુમારની જૂની ફાઇલો
નીચેની વિગતે–૨૧ વરસ સુધીની

પડતર કિંમતે આપવાની છે: વર્ષ ૧, ૨, ૪, ૫, ૬ (અંક ૬૭મા સિવાય), ૭ (અંક ૭૬ અને ૭૭ સિવાય), ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ (અંક ૧૪૦-૧૪૧ સિવાય), ૧૩, ૧૪ (માત્ર ૧૬૧મો જ અંક છે), ૧૫ (અંક ૧૮૦ સિવાય), ૧૬ (અંક ૧૮૯ સિવાય, ૧૯ (અંક ૨૨૬-૨૨૭ સિવાય), ૧૭ (માત્ર અંક ૧૯૫, ૧૯૬, ૧૯૭, ૧૯૮, ૧૯૯ છે), ૧૮ (માત્ર અંક ૨૦૪, ૨૦૯, ૨૧૦, ૨૧૧, ૨૧૬ છે), ૨૦ (અંક ૨૩૧ વિના), ૨૧ (અંક ૨૫૦ ૨૫૧ વિના). શરત એ છે કે આ આખો સેટ અકબંધ જ વેચવાનો છે. છુટક નહિ. કિંમત દરેક અંકના ૦-૮-૦ લેખે કુલ ૨૦૩ અંકના રૂા. ૧૦૧-૮-૦ રેલવે ખર્ચ વગેરે જુદું આ ઉપરાંત કૌમુદી, યુવક, કિશોર, નવરચના વગેરેના પણ અંકો આપવાના છે. બધું સાહિત્ય લવાજમ ભાવે જ આપશે. લખો: શ્રી એસ.જે.લાલાણી, હોલીવૂડ સ્ટોર, મ્યુનિસિપલ ગાર્ડન સામે, સાસન રોડ, પૂના.



કાગડા ને વાંદરાં ઠેલે-ઠોલે છે :
પતંગિયાં બળી મરે છે...

પ્રેમસગાઇ

લેખક
'સારંગ' બારોટ



સાતેક હજારની વસતિ સંઘરતા એ ગામને સીમાડે રેલવે સ્ટેશનના રસ્તા ઉપર, પરદેશ રળતા એક કાળાબજારિયા નાગરિકે, એના ધોળા રૂપિયાની કાળાશ ધોવા જ્યારે સાર્વજનિક દવાખાનું બંધાવ્યું, ત્યારે જેઠી સુયાણીના જીવતરમાં એક નાનો શો પલટો આવ્યો. એ દવાખાનાના પ્રસૂતિ-વિભાગમાં એને માસિક પંદર રૂપિયાના પગારની નોકરી મળી ગઈ. કામ તો ઝાઝું રહેતું નહિ કારણ કે પ્રસૂતિગૃહનો લાભ ઉઠાવવાનો ગામમાં હજી રિવાજ પડ્યો ન હતો. એટલે જેઠી ઘણોખરો વખત બાઇ ડાક્ટરનું ને મોટા ડાક્ટરનું ઘરકામ કરવામાં ગાળતી. વાસણ માંજે, કપડાં ધૂએ, ઘરમાં સાફસૂફી કરે, અનાજ વીણી આપે, અને આ બધા કામના બદલામાં એને બંને ઘેરથી સવારસાંજ ખાવાનું મળે.

દરેક કામ કરનારને હોય છે તેમ જેઠીને પણ એક કામ પ્રત્યે ખાસ પક્ષપાત હતો;અને એ કામ ડાક્ટર સાહેબના બાબાની સંભાળ રાખવાનું. એને નવડાવવો-ધોવડાવવો, કપડાં બદલાવવાં, સાંજે ફરવા લઇ જવો, સમયસર દૂધ-બિસ્કિટ આપવાં, આ બધાં કામો કરતાં જેઠી કદી થાકતી નહિ. જ્યારે કાંઈ કામ હાથ પર ન હોય ત્યારે એ બાબાને લગતું કોઈ ને કોઈ કામ શોધી કાઢે. કાંઈ જ ન મળે તો એને રમાડે, પણ કદી નવરી તો બેસે જ નહિ. જાણ્યે અજાણ્યે એ જબરદસ્તીથી બાબાની પાલક માતા બની બેઠી હતી. અને એ તોફાની છોકરાને પણ જેઠી વિના જરા યે ચાલતું ન હતું. મા દૂધ આપે તો ન પીએ; પરાણે પીવડાવવા જાય તો ઢોળી નાખે; કપડાં બદલાવે તો બૂમરાણ મચાવે; નવડાવવા બેસે તો રડી રડીને આંખો સુજાવે; અને ગમે તે સમયે, ગમે તે કારણસર એનો એની જનેતા સાથે ભીષણ સંગ્રામ ચાલતો હોય અને રડારોળ મચી હોય ત્યારે જેઠી એ સાંભળી દોડી આવતાં દૂરથી જ બૂમ મારે 'બાબલાભાઈ...ઓ' એટલે તુરત સુલેહની ઝંડી ફરકે, રડવાનું અંતર્ધાન થઇ જાય અને બાબલાભાઇ હસી પડે. ક્યારેક તો એવા હસે કે ડાક્ટરપત્ની રમાબેનને પણ હસવું પડે. હસીને રમાબેન કહે : 'અલી જેઠી! આ બબલાની મા તે હું કે તું? મૂઇ, આટલો બધો હેવાયો કરી નાખ્યો છે તે ક્યારેક મારે બહારગામ જવાનું હોય ત્યારે શું થાય?'

'જવાનું વળી, બીજું શું? મારે આવવું પડે તમારી જોડે: ગનેય તો બાબાભાઈ વગર ગોઠે નહિ.' જેઠી જવાબ આપતી.

અને એકવાર બન્યું પણ એવું જ. રમાબેનના પિયરમાં લગ્ન હતું. ડાક્ટરસાહેબ તો જઇ શકે તેમ ન હતા, એટલે એકલાં રમાબેને જવાનું ઠર્યું. સવારની વહેલી ગાડીએ રમાબેન રવાના થયાં. એ વખતે તો બાબો ઊંઘતો હતો એટલે કશું બન્યું નહિ, પણ પિયર પહોંચતાં જ રમાબેનને તાર કરવો પડ્યો. સાંજે તાર આવ્યો ત્યાં સુધીમાં જેઠી છાનુંછાનું કેટલું રડી હતી એની તો ડાક્ટર સાહેબને ખબર ન હતી; પણ જ્યારે એમણે તારમાં જણાવેલા સમાચાર સંભળાવવા એને પોતાની પાસે બોલાવી ત્યારે એમનાથી જેઠીની આંખ જોઇ બોલી જવાયું: 'જેઠી! આ શું? આંખો દુઃખવા આવી છે?'

જેઠીએ મોઢું મૂકી દીધું. ડાક્ટર બોલ્યા : 'પણ વાત શું છે એ તો કહે. તારાં સગાંમાંથી કોઈ ગુજરી તો નથી ગયું ને?'

તારની વાત બાજુએ જ રહી. જેઠી રડવામાંથી ઊંચી આવે તો જવાબ આપેને?

'જો જેઠી, મને આ પસંદ નથી. તું કાંઈક બોલે તો સમજ પડે તારાં બાઇનો તાર આવ્યો છે અને તને ત્યાં બોલાવી છે; પણ તું વળી કાંઇ નવી જ મુસીબતમાં મુકાઈ લાગે છે. કોઈનું મરણ થયું હોય તો તો તારાથી શી રીતે જવાય!'

પણ ડાક્ટરસાહેબ આગળ બોલી શક્યા નહિ. જેઠીનું રુદન અચાનક જ અટકી ગયું હતું. આંખો લૂછતાં એ હસી રહી હતી. ડુસકાંની જગ્યાએ હવે હર્ષનો શ્વાસ ચડ્યો હતો. એ બોલી :

'તાર...?! તાર આવ્યો છે સાહેબ?'


'હા, બાબો તારા વિના એક ઘડી રહેતો નથી; પણ...'

'તો...તો સાહેબ, મારે જવાનું ને?...હમણાં જ જાઉં. બાબલાભઇ બિચારા રડીરડીને...' કહેતાં જેઠી ઊઠી.

'પણ હમણાં કેમ કરી જશે? ગાડી તો છેક કાલે સવારે ઊપડે છે.'

જેઠી ખસિયાણી પડી જતાં બોલી : 'એ તો હું ભૂલી જ ગઇ'તી. હું યે મૂઈ રોલી જ છું ને!'

આપણાં તન-મનને સ્વસ્થ રાખતાં **યોગાસનો**ની વ્યાયામ-પદ્ધતિ



૧૪-યોગમુદ્રા

હવે આપણે કેટલીક 'ક્રિયાઓ' જોઈશું. આ ક્રિયાઓ યોગનાં આસનોની બહારની છે, પણ યોગાસનો કરવાથી જે ફાયદો થાય છે તે આ ક્રિયાઓથી દ્વિગુણિત થાય છે. આ ક્રિયાઓનાં સાદાં રૂપો તો સહેલાઇથી કરી શકાશે. એમાં આગળ વધવું હોય તો કોઈ નિષ્ણાતની દોરવણી હેઠળ કામ કરવું.

આસન ઉપર પદ્માસન વાળીને બેસો. બંને પગની એડીઓ પેટના નીચેના ભાગ સાથે દબાવી જોઈએ. હવે કમ્મરમાંથી વાંકા વળો અને કપાળ જમીનને અડકાડો. બંને હાથને પાછળ (ડાબા હાથથી જમણા હાથનું કાંડું પકડીને) રાખો. કપાળ જમીનને અડકાડો. એકદમ ન અડકે તો ધીરજ રાખજો. થોડા જ સમયમાં એ અડકી શકશે. જોર કરીને પહેલે જ દિવસે અડકાડવાનો આગ્રહ ન રાખજો. પહેલે દિવસે જેટલું વળાય તેટલું જ વળો. એ સ્થિતિમાં થોડી ક્ષણ રહો. પછી બીજે દિવસે થોડું વધારે વળવાનો પ્રયત્ન કરો. એમ કરતાં કરતાં એકાદ અઠવાડિયામાં કપાળ જરૂર જમીનને અડકી શકશે.

કેટલાક માણસોનું પેટ નીચે લચી પડયું હોય છે અને પેટની અંદરના સ્નાયુઓ ઢીલા થઇ ગયા હોય છે. એવા માણસો જો આ મુદ્રામાંથી વધારેમાં વધારે ફાયદો ઉઠાવવા માગતા હોય તો એમણે બંને હાથને પાછળ રાખવાને બદલે પગની એડીઓ ઉપર રાખવા, અને પછી વળવું. આથી પેડુના ભાગ ઉપર વધારે દબાણ આવશે અને વધારે ફાયદો થશે. લાંબા સમય સુધી આ મુદ્રા રાખી મૂકવાને બદલે એને વધારે વાર કરવી એ શારીરિક દષ્ટિએ વધારે હિતાવહ છે. આનાથી કબજિયાત મટે છે. બ્રહ્મચર્યપાલનમાં આ મુદ્રા ખૂબ ઉપયોગી થાય છે.

દામુભાઇ શુક્લ

ઘડી પહેલાં શ્રાવણ-ભાદરવો વરસાવતી જેઠી એકાએક આમ હસતી શાથી થઈ ગઇ એ ડાક્ટરને સમજાયું નહિ.

'પણ તું હમણાં રડતી'તી કેમ, એ તો તેં મને કહ્યું જ નહિ.'

'બળ્યું એ તો અમથી, સાહેબ.'

'અમસ્તી જ !?'

જેઠી જરા સંકોચ સાથે બોલી: 'સાહેબ, ભાઈશાબ, શું કઉં? મારો જીવ લગાર જાવરો બળ્યો છે; મનેય તે બબાભાઇ વગર સોરવતું નો'તું.'

બેઉ હસી પડયાં: ડાક્ટર મુક્તરીતે, જેઠી લજાતાં લજાતાં.

જેઠીની આ મમતા પાછળ એક વેદનાભરી વાત હતી. છવ્વીસમે વર્ષે એને વૈધવ્ય મળ્યું હતું અને પતિના વિયોગનો શોક એના ત્રણ વર્ષના બાળકના આધારે એ સહી શકી હતી. પણ બીજે જ વર્ષે એ બાળક પણ બાપને પંથે વળ્યો. એ દિવસથી જેઠીની મમતાનું ઝરણું સુકાઈ ગયું હતું. ડાક્ટર સાહેબના બાબાને જોતાં જ એ સુકાએલું ઝરણું ફરી વહેવા લાગ્યું હતું. બાબાના ચહેરાનો અણસાર, હસવું, રડવું, રમવું, બધું જ જેઠીના બાળક જેવું જ હતું. વર્ષોની વેદના એ બાળકને જોતાં શમી ગઈ. જેઠીને માટે અશક્ય થઈ ચૂકેલો માતૃત્વનો લહાવો ફરી એ લેતી થઈ હતી. જેઠી માની બેઠી હતી કે ભગવાને એના મૂંગા રુદનનો જવાબ આપ્યો હતો. નહિ તો વળી એ ભૂખ ગામમાં દવાખાનું કેવું અને એ ડાક્ટરનું આવવું કેવું? અને એ તો બધું ઠીક, પણ પોતાની જનેતાની છાતી ઉપર હોવા છતાં પોતા માટે બબાભાઇ તાર કરાવવા જેટલો વિયોગ વેઠે એ પક્ષપાત...

નાચતું હૈયું શરીરનું ભાન ન ભુલાવે એની તકેદારી રાખતાં જેઠીએ 'જવાનું છે' એ સમાચાર મળ્યા પછીનો સમય બહુ સંભાળપૂર્વક વિતાવ્યો. છતાંય એનો અવાજ આનંદના અતિરેકથી ઠરડાઈ ગયો હતો. બોલતી ત્યારે ખોંખારીને બોલવું પડતું. દિવસ આથમ્યો. રાત વીતી અને પહેલા કૂકડે જેઠી સ્ટેશને જઇ ગાડીએ બેઠી.

બબાભાઈનાં સર્વ દુ:ખો જેઠીને જોતાં જ દૂર થઈ ગયાં. રમાબેનને હાશ વળી. પણ એ હાશ લાંબી ટકે તેમ ન હતું.

'નક્કી રાંડે કાંઇક જાદુ કર્યું છે.' એક વૃદ્ધાએ બીજીને કહ્યું; 'નહિતર કાંઇ છેક આવું તે હોય?!'

'હાં'લી, બઇ! જોયું નંઇ! એને જોતાં જ ટપ્પ દઈને છાનો રૈ ગ્યો.'

'અને એ આવી છે ત્યારનો પછી રડતો સાંભળ્યો છે કોઇએ?'

દિવસો સુધી આ જ વાત ચાલતી રહી:

'ના જાણે મંત્રી નાંખ્યો. પહેલાંતો તાળવે જીભ નો'તો ઘાલતો.'

પછી તો આ વાત નાનાંમોટાં બધાંએ કરી, સાંભળી, અને જેણે સાંભળી તેણે બીજાંને સંભળાવી.

'બેન, અમેય છોકરાં ઉછેર્યાં છે;' રમાબેનની માએ એક દિવસ એને કહ્યું, 'તું માનતી નથી; પણ જરૂર આ રાંડે કાંક કામણ કર્યું છે.'

'તું યે શું, બા, અઢારમી સદીની વાત લઈને બેઠી છે? ભલે કર્યું કામણ, મારે એને ઉછેરવાની પીડા તો નહિ રહે; જેઠી ઉછેરશે.'

માને તો રમાબેન આટલું જ કહીને અટક્યાં, પણ એક વયોવૃદ્ધ બાઈએ આ વાત એમને કરી ત્યારે એમનાથી રહેવાયું નહિ. એ બાઈ વડિલ હતાં, પૂજ્ય હતાં, પણ રમાબેન એમનું અપમાન કરી બેઠાં.

'બુન,' જેઠીએ એક દિવસ રમાબેનને કહ્યું, 'તમારાં પિયરયાં...'

'તારે એનું શું કામ છે?' રમાબેન વચ્ચે જ બોલ્યાં, 'છો ને બકવાદ કરતાં. હું કાંઇ કહું ત્યારે તારે ખોટું લગાડવાનું. અહીંનાં તો લોકો જ એવાં છે.'

'હું એ જ કે'વા કરતી'તી, બુન. આપણે હવે કેટલા દા'ડા આંઈ રે'વું પડશે?'

'થશે હજી દસેક દિવસ.'

'લગન ઊકલી જાય એટલે તરત હેંડવાનું કરજો. મને આંઇ ગોઠતું નથી.'

'તો મને ય કયાં ગોઠે છે? જો, હવે પછી કોઇ એવી વાત કરશે તો હું લગ્ન લટકતાં જ મૂકીને ચાલી નીકળીશ, બસ?'

'એવું નો કરાય, બુન. તમે ય પાછાં કરોધીલાં છો એ તો હું ભૂલી જ ગઈ. આપણે થોડો જ આંઇ જન્મારો કાઢવાનો છે?' કહી જેઠી બાબાને લઇ બહાર ચાલી ગઇ.

પણ વાત અટકી નહિ અને રમાબેનનાં અપમાનો અને અણગમાની દરકાર કર્યા વિના નવરી જીભો જોડકણાં જોડતાં થાકી નહિ. પરિણામ એ આવ્યું કે કયારેક રમાબેનના દિલમાં પણ થઈ જતું કે

'આ આટલાં બધાં લોકો મારા અણગમાની અને અપમાનની દરકાર કર્યા વિના કહ્યા જ કરે છે તે વાત કાંઈ સાવ પાયા વિનાની તો નહિ જ હોય ને? બધાં કાંઇ મારાં દુશ્મન થોડાં જ છે?'

અને પછી તો વહેમના બીજને પાંગરતાં વાર શી? એ બીજને પોષનારાંઓનો તો ત્યાં તોટો જ ન હતો. રમાબેનમાં થએલા આ સૂક્ષ્મ ફેરફારની જાણ થતાં એકવાર એમના આગળ અપમાનિત થએલ વૃદ્ધાએ કહ્યું: 'મારું કહ્યું તું માનતી નથી બેન, પણ મારી આંખ આગળની જ વાત કહું; લે, સાંભળ: પેલા પરભુદાસ કાકાના 'જીતેંદર'ની બાબરી એક સુયાણી કાપી ગઈ'તી. કે'છેકે વાળ બાળીને રાખ કર્યા ત્યાં છોકરો તાવે પટકાયો, અને વાળની રાખ, કે'છેકે, પેલા છગન બાવાની વહુ પેટ નો'તી માંડતી તે એને દૂધમાં ઘોળીને પાઇ દીધી. આ બાજુ જીતેંદરે ત્રણ જ દિવસના તાવમાં દેહ છોડ્યો અને ત્યાં છગન બાવાની વહુને ઓધાન રહ્યાં! છોકરો જન્મ્યો તે ય જાણે અસલ જીતેંદર જ લાગે! તમે બે ચોપડી ભણ્યાં એટલે અમારું માનો નંઇ, પણ આ જેઠી જરૂર રાંડ કો'ક જીવતી ડાકણ છે.'

'ભાઇ, લાખ વાતની એક વાત;' રમાબેનનાં બાએ બહુ ચુંથાતી વાતનો તોડ લાવતાં કહ્યું, 'હું તો કઉં છું કે એ જેઠીને પૂંછડે પાપડ બંધાવી કાઢો પાછી. બાબો ભલે બે દા'ડા રડતો; રડવાથી કાંઈ ફૂલ નહિ ગરી પડે. અઠવાડિયામાં એનો હેવા છૂટી જશે એટલે ટેવાઇ જશે. અને એ જેઠીને પછી દવાખાનામાંથી રજા જ આપી દ્યો. એ ત્યાં હોય ત્યાં લગી, રમા, તારે અહીંથી જવું જ નહિ.'

રમાબેનને વાત રુચી નહિ. પણ વડિલોનો નિર્ણય કાયમ રહ્યો અને જેઠીને જવું પડ્યું.

'ખેલાડુ કેવી છે ?! જતાંજતાં એવી રડી કે જાણે પોતાના પેટના જણ્યાનો વિજોગ ન થતો હોય!' જેઠીની વિદાય પછી કોઇએ કહ્યું.

જે બનવું જોઇતું હતું તે જ બન્યું. બાબો રડીરડીને થાક્યો, અને પછી શાંત થઇ ગયો: રડવાની હવે એનામાં શક્તિ જ રહી ન હતી. બે દિવસ વીતી ગયા ને ત્રીજા દિવસે સવારે એને તાવ ચડ્યો. સાંજ પહેલાં તો વાત વધી પડી.

કોઈએ સૂચવ્યું કે પીર સાહેબની દરગાહવાળા મુજાવરને બોલાવી ઊંજણી નંખાવો, એટલે પેલીનું કાંઈ કામણ-ટૂમણ હોય તો એનો અંત આવે. મુજાવર આવ્યો અને મોરનાં પીછાંની સાવરણી વડે સંધ્યાટાણે ઊંજણી નાખી. તાવના ઘેનમાં બાબાની આંખો બંધ હતી. સાવરણીના સ્પર્શે એણે આંખ ખોલી, જરાક ચમક્યો અને ફરી પાછી આંખ મીંચી ગયો. રાત્રે તાવ જરા ઓછો થયો, પણ એણે આંખ ખોલી નહિ. બીજા દિવસે એણે આંખ ઉઘાડવા પ્રયત્ન કર્યો, જરાક પોપચાં પહોળાં થયાં કે તુરત જ પાછો ઝબકી ગયો અને આંખ મીંચી ગયો. સાંજે ફરી વાર ઊંજણી નંખાઇ. પીછાં અડતાં બાબો ફરી ચમક્યો. એણે આંખ ઉઘાડી ચીસ નાખી. ભયથી ચકળવકળ ફરતી આંખો મુજાવરે હાથ દાબી બંધ કરી. ત્યાર પછી એણે આંખ ઉઘાડી નહિ!

ત્રણ દિવસ વીતી ગયા, પણ બાબાની તબિયતમાં કશો ફેરફાર જણાયો નહિ એટલે રમાબેનથી ન રહેવાયું. એમણે પતિને તાર કરી તુરત આવવા જણાવ્યું. બાબાની બીમારીના સમાચાર જાણતાં જેઠીનું હૈયું હાથ રહ્યું નહિ. રમાબેને જેઠીને પાછી મોકલી ત્યારે પતિને પત્ર લખી એને પાછી મોકલવાનાં કારણો જણાવ્યાં હતાં. બાબાની બીમારીનો તાર આવ્યો એવા જ ડાક્ટર સાહેબ સમસમી ઊઠ્યા:

'બધાં મળીને એ કૂમળા ફૂલને ચૂંથી નાખવાનાં થયાં છે. ચાલ જેઠી, તું મારી સાથે. લોકો ભલે ગમે તે કહેતાં. મારા દેખતાં કોઇ બોલશે તો મોઢું જ ભાંગી નાખીશ બોલનારાનું.'

બીજા દિવસે ડાક્ટર સાહેબ ને જેઠી રમાબેનને પિયર પહોંચ્યાં. મહોલ્લામાં પગ મૂકતાં જ જ્યાં લગ્નનાં ગીતો અને વાજિંત્રોના મંગળ સ્વરો સંભળાવા જોઇતા હતા ત્યાં રોકકળ થઈ રહી હતી. ડાક્ટર સાહેબના પગ થંભી ગયા. અમંગળ ખબર સાંભળ્યાં પહેલાં જ જેઠી બેહોશ થઈ જમીન પર ઢળી પડી. મહોલ્લાનાં લોકો દોડતાં આવ્યાં. લોકો સાથે રમાબેન પણ આવ્યાં અને પરિસ્થિતિ જોતાં બોલી ઊઠ્યાં: 'અરે! અરે! આ શું? બાબો તો કુશળ છે. પડોશમાં અચાનક જ એક જણનું હૃદય બંધ થઈ ગયું, એની આ તો રોકકળ છે. અરે બીચારી જેઠી! કોઈ પાણી લાવો...દોડો...'

પાણી આવ્યું. જેઠી પર છંટાયું. એ ભાનમાં આવી અને સામે ઊભેલાં રમાબેનનો હસતો ચહેરો જોતાં જ દાંત કચકચાવી બોલી: 'હસે છે શું ડાકણી...? લાવ્ય મારો છૈયો;–લાવ્ય! નકર હમણાં...'



બધાં સડક થઈ ગયાં. તે મગજ પરનો કાબૂ ગુમાવી બેઠી હતી. ધ્રૂજતા શરીરે એ ઊઠી ને રમાબેન તરફ ધસી, પણ બેચાર જણે મળી એને પકડી રાખી ને ઘરમાં લીધી. ડાક્ટરની સૂચનાથી બેચાર ઘડા પાણી એના પર રેડવામાં આવ્યું. જેઠીનો ઉન્માદ જરા ઓસર્યો કે તુરત ડાક્ટરે કહ્યું, 'જેઠી, બાબો સારો છે... સાંભળે છે, જેઠી? બાબો સારો છે, હોં. જરા તાવ આવી ગયો છે એટલું જ...'

'બાબાભઈ...' જેઠી જાણે ભાનમાં આવતી હોય તેમ બોલી. એની ચકળવકળ ફરતી આંખો હવે જાણે સ્થિર થતી જતી હતી. એને કશું જ અજુગતું વિચારવાની કે બોલવાની તક આપ્યા વિના ડાક્ટર બોલતા જ રહ્યા: 'હા, જેઠી, બાબો સારો છે, હોં. ...આપણે સાંભળી એ રોકકળ તો કોઇ બીજા મરણના કારણે હતી. જો, હમણાં જ તારાં બાઈ બાબાને લાવે છે. જો, જો, આ લાવ્યાં, જો...'

રમાબેને તાવમાં બેહોશ થઈ ગએલા બાબાને જેઠીના ખોળામાં મૂક્યો. સહુ શાંત બની ઊભાં હતાં. જેઠીએ પોતાનાં ભીનાં કપડાં સંકોરતાંસંકોરતાં, ગરમ શાલમાં વીંટેલા બાબાને ગોદમાં લીધો અને એના સામું જોઈ બોલી, 'ભઇ...બેટા...'

બાબાએ પાંપણ પહોળી કરવા પ્રયત્ન કર્યો, પણ ઊંજણીની સાવરણીની બીકથી એ ફરી ઝબકી ગયો.

'બબાભાઈ...' જેઠી ફરી બોલી. બાબો જરાક સળવળ્યો.

'બાબલાભાઈ...ઓ!' જેઠી એની રોજની રીતે બોલી.

પરિચિત સાદ સાંભળતાં બાબાએ બળ કરી આંખ ઉઘાડી નાખી. તાવના ઘેનના કારણે તે આંખ ઝાઝી વાર ઉઘાડી રાખી શક્યો નહિ, પણ જેઠીનો ચહેરો નજરે પડતાં જ એણે આંખને ખુલ્લી રાખવાનો એક જબરદસ્ત પ્રયત્ન કર્યો. ઢળવા મથતાં પોપચાંને બળપૂર્વક બીડાતાં રોકી બાબાએ સ્મિત કર્યું અને પછી એ આંખ મીંચી ગયો.

ત્યાર પછી માત્ર ચાર જ કલાકમાં બાબાનો તાવ ઊતરી ગયો.

क्रियासिद्धिः सत्त्वे वसति

રત્નમણિરાવ ભીમરાવ

ચરોતરના એક ગામડામાં પોણો સો વર્ષ પહેલાંના જમાનામાં ખેડૂત કુટુંબમાં જન્મ. એ સમયના સંજોગો ને હવા પ્રમાણે ગામડામાં ખેડૂતના છોકરાને ભણવું કે ખેતરમાં કામે લાગવું એ મોટો પ્રશ્ન. અંગ્રેજી ભણવા માટે તો શહેરમાં જવું પડે, એટલે એ પ્રશ્ન તો વળી વધુ ભારે. પણ બચપણના અનેક તોફાની સમયો વટાવી મૅટ્રિક્યુલેશન સુધી એ કુમાર પહોંચી ગયો. મહત્ત્વાકાંક્ષા તો હતી વિલાયત જઈ બૅરિસ્ટર થવાની, પણ તેને માટે પૈસા જોઇએ. તે કમાવા માટે, કૉલેજનો અભ્યાસ માંડી વાળી હાઇકોર્ટ પ્લીડરની પરીક્ષા આપીને તરત વકીલાત શરૂ કરી. તેમાં કુનેહ દાખવી પૈસા એકઠા કરી વિલાયત જવાનો પાસપોર્ટ મંગાવ્યો, તો મોટા ભાઇએ તેનો ઉપયોગ (બંનેના નામાક્ષર એક હોવાથી) પોતાને માટે કરવા દેવાની માગણી કરી! એટલે તેમને આપી દઈ પોતે થોડાં વરસ મોડા ગયા. ત્યાં પણ દૂધ અને પાઉં પર રહી વહેલી સવારથી મોડી સાંજ સુધી ચૌદચૌદ કલાક અભ્યાસ કરી પહેલા નંબરે બૅરિસ્ટર થયા; ને બીજે જ દિવસે સ્ટીમરમાં બેસી દેશ આવ્યા. ફરી વકીલાતની જમાવટ કરવાની મુશ્કેલીઓ તો ઊભી જ હતી. સમય જતાં, જેના રાજ્યમાં સૂર્ય કદી આથમતો નથી એવી મોટી બ્રિટિશ રાજસત્તા સામે દેશમાં જંગ ઊપડ્યો, અને હથિયાર વિનાના શાંત સંગ્રામમાં ખેડૂત કુળના આ વીર પુરુષે અંગ્રેજ સરકાર સામે જય મેળવ્યો. દેશના લોકોએ એને 'સરદાર'નું બિરુદ આપ્યું. અંગ્રેજોએ દેશને સ્વરાજ આપવાનું નક્કી કર્યું, પણ બાજી એવી ગોઠવી કે સ્વરાજ્ય થોડો સમય પણ નિભાવી શકાય નહિ. એ બાજીમાં મુખ્ય રમત હિંદનાં રજવાડાંની હતી. દેશના ભાગલા પડ્યા ને સ્વરાજ્ય મળ્યું ત્યારે આ સેંકડો અર્ધસ્વતંત્ર રજવાડાં સ્વતંત્ર જેવાં થયાં. અને એનો શાંતિમય નિકાલ ન યોજાય તો દેશના સેંકડો ભાગલા થઈ જવાનો ભય હતો. આખી દુનિયાના રાજનીતિ-વિશારદોને આ કોયડો અતિ વિકટ લાગતો હતો ને દેશમાં તો નિરાશા ફેલાઈ હતી. પણ સરદારે ન કલ્પી શકાય એવી શાંતિ, સમાધાનવૃત્તિ અને કુનેહથી આ અશક્ય પ્રશ્નને એક વર્ષ જેટલા ટૂંકા સમયમાં શક્ય બનાવ્યો અને સેંકડો કે હજારો વર્ષથી છિન્નભિન્ન રહેલા ભારતને એક બનાવ્યો. ક્યાં ખેડૂતને ત્યાં જન્મેલો છોકરો, ક્યાં મહાન બ્રિટિશ સામ્રાજ્યનું બળ, અને ક્યાં અનેક રાજવીઓથી અટવાએલો દેશનો કોયડો! પણ એ ખેડૂત વીરે કેવળ વિરોધી સંજોગો અને સાધનો છતાં આ મહાન અને અશક્ય ગણાતું કાર્ય ટૂંક સમયમાં સિદ્ધ કર્યું. એ સિદ્ધિ એમના પોતાના આત્મબળમાં હતી—પોતે જ મેળવેલી શક્તિમાં હતી.

એ જ પ્રમાણે ગુજરાતના ઇતિહાસમાં સર્વથી મોટો ગણાતો સિદ્ધરાજ જયસિંહ જેવો મહારાજા જેની વિરુદ્ધ હતો અને જેની પાછળ સતત મારા ફરતા હતા એવો કુમારપાળ છેક ઘડપણ સુધી જંગલોમાં ને ગામડાંમાં છૂપે વેશે ભટક્યો, અને છેવટે સિદ્ધરાજથી મોટા ગુર્જર મહારાજ્યનો સ્વામી થયો. ગુજરાતની સંસ્કારિતાનો ખરો જ્યોતિર્ધર મહારાજાધિરાજ કુમારપાળ જ થયો એ સ્વાયત્ત સત્ત્વથી. સાધનો તો વિરુદ્ધ જ હતાં.

એટલે જ સંસ્કૃત કવિ એની લાક્ષણિક રીતથી કહે છે કે

रथस्यैकं चक्रं भुजगयमिताः सप्त तुरगा
निरालम्बो मार्गश्चरणरहितः सारथिरपि ।
रविगच्छत्यन्तं प्रतिदिनमपारस्य नभसः
क्रियासिद्धिः सत्त्वे बसति महतां नोपकरणे ॥

(અનુવાદ : શાર્દૂલવિક્રીડિત)

પૈડું એક રથે, લગામ અહિની, ઘોડા જુઓ સાત છે,
હાંકે સારથિ પાંગળો અરુણ, જે આરામ લેતો નથી;
પોલો માર્ગ છતાં અપાર નભમાં શ્રી સૂર્ય નિત્યે ફરે,
કાર્યે સાધનથી નથી સફળતા, સ્વાયત્ત સત્ત્વે ખરે!

(વિવરણ: સૂર્યના નિત્ય ભ્રમણ ઉપર કવિ પૌરાણિક માન્યતા પ્રમાણે વિરુદ્ધ સાધનો ગણાવે છે: આકાશ જેવો આધાર વગરનો પોલો રસ્તો; સૂર્યના રથને પૈડું તો એક જ; વળી સારથિ અરુણને પગ જ નહિ,—અને એવા પાંગળા હાંકનારને સાત સાત ઘોડા કાબૂમાં રાખવાના; ને લગામ સાદી નહિ પણ લીસા સાપની! આમ છતાં સૂર્ય આરામ વગર આકાશમાં ફરે છે. એટલે કાર્યની સિદ્ધિ સાધનો કે સંજોગોમાં નથી, પણ પોતાના સત્ત્વ ને શક્તિમાં છે.)

વળી કવિ કહે છે:

विजेतव्या लङ्का चरणतरणीयो जलनिधिः
विपक्षः पौलस्त्यो रणभुवि सहायाश्च कपयः ।
तथाप्येको रामः सकलमवधीद्राक्षसकुलं
क्रियासिद्धिः सत्त्वे वसति महतां नोपकरणे ॥

(અનુવાદ : શાર્દૂલવિક્રીડિત)

લેવી લંક, વળી સમુદ્ર તરવો ચાલી પગેથી ખરે!
મોટો રાવણ શત્રુ, લશ્કર રુડું જેમાં બધાં વાંદરાં!
તો યે રાક્ષસલોકનો જય જુઓ શ્રી રામચંદ્રે કર્યો,
કાર્યે સાધનથી નથી સફળતા, સ્વાયત્ત સત્ત્વે ખરે.


(વિવરણ: સામે રાવણ જેવો મોટો શત્રુ, અને એની લંકાને જીતવાની; ત્યાં જવા માટે સમુદ્ર તરવાનો; તે પણ વહાણથી નહિ પણ પગે ચાલીને! અને લશ્કરમાં કોણ? વાંદરાં ને રીંછ! જેમ ગમે તેમ કૂદે! આમ છતાં શ્રીરામે રાક્ષસોનો સંહાર કર્યો ને લંકા જીતી. એટલે કાર્યસિદ્ધિ પોતાની શક્તિમાં રહેલી છે, સાધન-સંજોગોમાં નહિ.)

★

આપણા આખા શરીરનું સૌથી નાનું અને છતાં સૌથી ઉપયોગી અંગ દાંત

આ તમે જાણતા હતા?

- દાંતના ઊગવાની રીત ઊંધી છે: પહેલાં ફણગો ને પછી મૂળ.
- ખોરાક ચાવતી વખતે બે દાંત વચ્ચે કેટલું વજન પડે છે? એરણ ઉપર હથોડાનો ઘા પડે એટલું!
- અને છતાં આ દબાણથી દાંત હાલતા નથી; બલ્કે મજબૂત બને છે.
- એથી ઉલટું, દાંતના ઓછા ઉપયોગથી જ તે બગડવા માંડે છે.
- દાંત, માણસના જન્મ પછી, શરીરનાં બધાં અંગ કરતાં મોડા આવવા માંડે છે, અને બીજાં બધાં અંગ કરતાં વહેલા વિદાય થાય છે.
- શરીરનાં ૮૬ ટકા દરદોનાં મૂળ દાંતના સડાને લીધે થાય છે.




લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આપણા ચહેરાનો દેખાવ અને ઘાટ દંતપંક્તિઓને લીધે છે. જરા પણ બોલતાં દેખા દેતા દાડમની કળી જેવા દાંત સૌંદર્યદાતા હોય, કે આગળપડતા લાંબા દેખાઇને 'દાંતરા'નું ઉપનામ અપાવનાર પણ હોય. વાંકાચૂંકા ઊગેલા દાંત, ને દાંત તદ્દન પડી જવાથી બેસી ગએલા ડાચાવાળી બોખા ચહેરાની વિકૃતિ સહજ રીતે જ સૌની નજરમાં આવે છે.

દાંત જન્મ્યા પછી ઊગે છે; અને શરીરનાં બીજાં અંગો કરતાં (આંખસિવાય)વહેલા વિદાય થાય છે,જે શરીરમાં આવતા વાર્ધક્યની નિશાની રૂપ છે. આપણું જીવન આહાર ઉપર ટકે છે એ ખરું; પણ તે આહારને પોષણરૂપ બનાવનારા અનેક અવયવો પૈકી દાંત અગ્રસ્થાને છે,-બે રીતે: એક તો, પાચનના અવયવોની શરૂઆત દાંતથી થાય છે; બીજું, દાંતની ઘંટીમાં કપાઈ પીસાઈને ભૂકો થએલો ખોરાક જ ગળામાં ઊતરવા લાયક ને નાજુક પાચન-અવયવોમાં જવાલાયક બને છે. આમ દાંત શરીરનું સૌથી નાનું, છતાં સૌથી ઉપયોગી અંગ છે.


નખ જેમ ચામડીના બનેલા છે, તેમ દાંત પણ ચામડીની ગડના જ બનેલા છે. દાંતના બંધારણમાં હાડકું નથી, પણ ડેન્ટીન નામનો હાડકા કરતાં પણ સખત પદાર્થ છે. વળી દાંત કઠણ અને પોચા બંને પ્રકારના પદાર્થોનો બનેલો છે. 'ઇનૅમલ', 'ડેન્ટીન' ને 'સીમેન્ટ' એ ત્રણ એમાંના કઠણ પદાર્થો છે, અને અવાળુ તથા માવો એ બે પોચા પદાર્થો છે. દાંત ઊગે ને કઠણ થાય જડબાંની બખોલમાં. ત્યાં તેને પોષણ ને રક્ષણ મળે ગર્ભના બાળકની જેમ. દાંતની ઊગવાની રીત પણ વિશિષ્ટ છે: પહેલાં પારા અને ઈનૅમલ બંધાય, પછી મૂળ ઊગે! ઝાડ કરતાં ઉલટું: ઝાડમાં પ્રથમ મૂળ ઊગે પછી ફણગો ફૂટે.




વર્ણન ખાતર દાંતના ત્રણ ભાગ પાડવામાં આવે છે: મૂળ,(Root) ગાળો(Neck) અને પારા (Crown). મૂળ ને પારા વચ્ચેનો સાંકડો ભાગ તે ગાળો. અવાળુની ઉપર દાંતનો જે ભાગ દેખાય છે તેને પારો કહે છે. ગાળો અવાળુમાં ઢંકાએલો રહે છે અને મૂળ જડબાના હાડકામાં મજબૂત ચોંટીને સ્થિર થએલું હોય છે. (સામે: ઉપલી દાઢનું ચિત્ર).

દાંતનો ઘણોખરો ભાગ તો ડેન્ટીનનો જ બનેલો છે; પણ ખોરાક કાપવા અને ચાવવાના અતિ સખત કામમાં વપરાતા તેના પારાને મજબૂતાઈ તથા રક્ષણ આપવા માટે તેના ઉપર પત્થર જેવું કઠણ, પાતળું, લીસું, પણ બરડ ઈનૅમલનું કવચ છે; જ્યારે મૂળને રક્ષણ આપવા માટે હાડકાં જેવા સીમેન્ટનું પડ હોય છે. દાંતનાં મૂળ આપણા જડબામાં ઝોળી જેવા રેસાદાર તંતુઓથી એવાં તો સજ્જડ જામેલાં હોય છે કે ખોરાક કાપવાના અને ચાવવાના સખત કાર્યનો ભાર પણ તે સહેલાઈથી ઉઠાવે છે. આ ભાર જેવોતેવો નથી હોતો: એરણ ઉપર હથોડાના ઘા પડે એટલા દબાણવાળો હોય છે! આટલા રોજિંદા દબાણ છતાં ચાવવાથી દાંત હાલી ઊઠતા નથી, પણ ઉલટા વધારે મજબૂત અને સજ્જડ બને છે. પારા ને મૂળના પોલાણમાં, ડેન્ટીનની દીવાલોની અંદર માવો (Plup) આવેલો છે. દાંતનું આ મહત્ત્વનું અંગ છે, કારણ કે તેનું કાર્ય દાંતને પોષણ આપવાનું અને ઘડવાનું છે. માવામાં રક્તવાહિનીઓ, લસી-નલિકાઓ અને જ્ઞાનતંતુઓ આવેલાં છે, કે જે દાંતના મૂળના છેડે આવેલાં સૂક્ષ્મ છિદ્રો દ્વારા અંદર પ્રવેશે છે.

ગર્ભાવસ્થામાં ચોત્રીસથી આડત્રીસ દિવસો દરમિયાન દાંતની જડ બંધાય છે અને જન્મના ચાર મહિના અગાઉ તે ચૂનાતત્ત્વથી પુષ્ટ થાય છે. જન્મ પછી સાતમે મહિને દાંત 'ફૂટવા' માંડે છે, તે સોળ વર્ષની વય સુધી ઊગ્યા કરે છે. બાળકની ઉમરના છ થી આઠમા માસની વચ્ચે નીચલા જડબામાં સૌથી વહેલા 'કાપવાના' દાંત ઊગે છે. આ પછી ચોવીસ માસની વય સુધીમાં વીસ દાંત ક્રમેક્રમે





ડાબી બાજુના ચિત્રમાં મથાળે ચાર ખાનાંમાં દાંતના ચાર પ્રકાર બતાવ્યા છે, તે અનુક્રમે આ મુજબ છે: કાપવાના દાંત, રાક્ષસી, ઉપદાઢ અને દાઢ. તેમાં ઉપરનીચેનાં જડબાંના સામસામા દાંત એકબીજામાં કઇ રીતે ભરાઇને આવી રહેલા હોય છે તે જોડકાંમાં દર્શાવ્યા છે; અને તે દરેક ખાનાની નીચેના ખાનામાં, તે તે દાંત જે પ્રકારની કામગીરી કરે છે તેવી કામગીરી કરતાં હથિયારો કે સાધનોનાં આલેખન છે. જેમકે, કાપવાના દાંતના ખાના નીચે કાપણીનું ચિત્ર છે; રાક્ષસી તોડવાનું ને ઉપદાઢો કચરવાનું કામ કરતી હોઈ તેની નીચે તેવાં ઓજારનું ચિત્ર છે; અને દાઢો પીસવાનું કામ કરે છે તે દર્શાવવા તેની નીચે ખરલ બતાવી છે. મથાળે જમણી બાજુના ચિત્રમાં ચાર ખાનાંમાં દાંતનો ઊગવાનો ક્રમ બતાવ્યો છે: પહેલા ચિત્રમાં દાંતના બીજના બંધારણની તૈયારી છે; બીજામાં તેના પારા (Crown) બંધાતા દર્શાવ્યા છે; ત્રીજામાં અવાળુ ફાડીને દાંત બહાર નીકળ્યો છે; અને ચોથામાં પુખ્તરીતે બંધાએલો સંપૂર્ણ દાંત, ઉપલા જડબામાંના સામેના દાંત સાથે કઇ રીતે ફિટ થાય છે તેનું ચિત્ર છે.

આવી જાય છે. દાંતની એ હારનો ઊગવાનો સમય તથા એક જડબાના અરધા ભાગમાંનો તેનો ક્રમ આ પ્રમાણે હોય છે: (૧) કાપવાનો પહેલો દાંત: છ માસની વયે ઊગે છે; (૨) કાપવાનો બીજો દાંત: નવ માસની વયે; (૩) રાક્ષસી ૧૮મે માસે; (૪) પહેલી દાઢ ૧૨મે માસે; (૫) બીજી દાઢ ૨૪મે માસે.

આ બધા દૂધિયા દાંત કહેવાય છે. સાત કે આઠ વર્ષની વય થતાં આ દૂધિયા દાંતની પાછળ કાયમી દાંત ફૂટવા માંડે છે, ને તે દૂધિયા દાંતને પાડીને તેની જગ્યા લે છે. (જુઓ ચિત્ર) દાઢો બાર-તેર વર્ષે મજબૂત બને છે. આ જ વયની આસપાસના ગાળામાં દરેક જડબામાં બબ્બે ઉપદાઢ પણ સૌથી પહેલી વાર ફૂટે છે.

દાઢના મૂળને ત્રણ ખૂંટા હોય છે, જ્યારે ઉપદાઢના મૂળને બે. કાપવાના દાંત તથા રાક્ષસીને એકએક જ ખૂંટો હોય છે. છેલ્લી ચાર દાઢો ૧૭થી ૨૪ વર્ષની વય સુધીમાં આવે છે, જે 'ડહાપણના દાંત' કહેવાય છે. પણ દરેક માણસમાં આ દાઢો પૂરી સંખ્યામાં ઊગે જ એવું નથી: ઊગે ય ખરી ને ન પણ ઊગે; કારણ કે આજના આપણા સુધરેલા ખોરાકમાં ખૂબ ચાવવો પડે એવો ખોરાક રહ્યો નથી. આથી દાઢોને પૂરતું કામ મળતું બંધ થતાં તે ઊગવી બંધ થઈ. 'નિરુપયોગી અંગનો નાશ' એવો ઉત્ક્રાન્તિવાદનો સિદ્ધાંત છે.

કાયમી દાંત ઊગવાનો દરેક જડબાના અરધા ભાગનો ક્રમ આ છે:

કાપવાનો પહેલો દાંત: ૭મે વર્ષે	ઉપદાઢ પહેલી: ૯મે વર્ષે
,, બીજો ,, : ૮મે ,,	,, બીજી: ૧૦મે ,,
રાક્ષસી: ૧૧મે વર્ષે	બીજી દાઢ: ૧૨મે વર્ષે
પહેલી દાઢ: ૬મે વર્ષે	ત્રીજી દાઢ: ૧૭થી ૨૪મે વર્ષે


ઉપલા અને નીચલા જડબાના દાંત બરાબર એક બીજાની સામસામે ગોઠવાએલા નથી. આથી એક દાંત પડી જાય તો તેની સામેનો દાંત નિરુપયોગી નથી નીવડતો; પડી ગએલા દાંતની જોડેના દાંત સાથે એ સામેનો દાંત કામ લે છે. જો આવી કરામત ન હોત તો દાંત પડી જતાંવેંત જ સામેનો દાંત પણ બિનોપયોગી નીવડત!


જુદાજુદા પ્રકારના દાંત ખોરાકને કાપવાનું, ચીરવાનું, કચરવાનું તથા ભૂકો કરવાનું અને પીસવાનું એમ વિવિધ જાતનાં કામ કરે છે, અને તેમની રચના પણ એ વિવિધ કાર્ય અનુસાર જ છે. આગલા ચપટા ચાર દાંત ખોરાકને કાપે છે, રાક્ષસી તેને ચીરે છે, ઉપદાઢો તેનો ભૂકો બનાવે છે અને દાઢો તેને પીસે છે. (જુઓ ચિત્ર) આમ, બધા દાંતોના સમૂહકાર્યથી જ ખોરાક ચવાય છે. પાચનક્રિયા ખરી રીતે મોંમાંથી જ શરૂ થાય છે. આથી દાંતનો ઉપયોગ પૂરેપૂરો થવો જરૂરી છે. ખોરાક જો ચાવ્યા વિના ગળે ઉતારી દઇએ તો દાંતનું એ અધૂરું રહેલું બાકીનું કામ કંઇ હોજરી કે આંતરડાં ઓછાં જ કરી શકવાનાં છે? પરિણામે ખોરાક ન પચવાને લીધે રોગાવસ્થા આવી પડે છે. માટે ખોરાકને તો ખૂબ ચાવીચાવીને જ ખાવો જોઇએ.

પણ આપણો આજનો ખોરાક એટલો બધો નરમ છે કે તેને અધોપધો ચાવીને (કે ચાવ્યાવિના જ!) ગળે ઉતારી દઈએ છીએ! અને ધંધાની ઉતાવળ પણ આપણને નિરાંતે બેસીને ખાવા દે તેમ નથી હોતી. વળી આ પણ જાણવા જેવું છે કે દાંતના ઓછા ઉપયોગથી તે બગડવા માંડે છે! ખનીજ ક્ષારોની, પ્રોટીનની કે વિટામિનની ન્યૂનતા ને પોષણનો અભાવ દાંતના સડાનાં કારણો છે ખરાં; ખાંડના વધારે વપરાશથી દાંત બગડે છે તે વાત પણ ખરી; પરંતુ દાંતના સડાનું ખરું અને મોટું કારણ તો દાંતનો ઓછો ઉપયોગ છે. પોચો, તળેલો, મીઠો ને નરમ ખોરાક ખાવાથી દાંતનો ઓછો ઉપયોગ થાય છે.

માટે દાંતને સાબૂત રાખવા હોય તો રોજના ખોરાકમાં ખૂબ ચાવવી પડે એવી વાનીઓ જોઇએ. ન્યૂઝીલૅન્ડના ડૉ. ન્યૂમાન કહે છે કે 'રોટીનો પોપડો જેટલો વધારે જાડો તેટલા દાંત સારા.' ગાંધીજી લખે છે કે 'આપણામાં રોટલીને દાળ કે શાકમાં બોળીને ખાવાની ટેવ છે. આથી રોટલી બરાબર ચવાતી નથી......તેથી, ચાવવો પડે એવી સ્થિતિમાં ખોરાક ખાવો લાભદાયી છે.' (આરોગ્યની ચાવી)

દાંત સડવાનું મુખ્ય કારણ તો દાંત આગળ ભરાઈ રહેતો ખોરાક છે; અને ખોરાકમાં પણ ખાસ કરીને પોચા, ગળ્યા, તળેલા અને કાર્બોહાઇડ્રેટ પદાર્થો. આવા પદાર્થોની હાજરીમાં મોંમાં વસતા જીવાણુઓ તરત વૃદ્ધિ પામે છે અને તેમના કાર્યમાં ઝડપ આવે છે. આના પરિણામે લેક્ટિક ઍસિડ ઉત્પન્ન થાય છે. આ ઍસિડ તો ઇનૅમલનો મોટો શત્રુ છે. અને ઇનૅમલ ઊખડી જાય એટલે ડેન્ટીન ખુલ્લું થાય






ઉપર: દૂધિયા દાંતની પાછળ ઊગતો આવતો કાયમી દાંત, જે, દૂધિયા દાંતને પાડીને તેની જગ્યા લે છે. જમણી બાજુ: દાંતનું બંધારણ તથા તેમાં પેસતા વિવિધ જાતના સડાનો ખ્યાલ આપતું મોટું કરીને બતાવેલું ચિત્ર. તે બે દાઢની વચ્ચે આવેલી વચલી દાઢનું છે અને જડબાના હાડકામાં તેનાં મૂળ કઈ રીતે જડાઈને રક્તવહિની-શિરા તથા જ્ઞાનતંતુઓ સાથે સંપર્કમાં રહેલાં છે તે દર્શાવ્યું છે. ઉપરાંત નં. ૧,૨ તથા ૩નાં ચોકઠાંથી જુદી જુદી જગ્યાએ જે સડા પ્રવેશે છે તેનાં ઉદાહરણ આપ્યાં છે. નં. (૧) બે દાઢના સંપર્કનું સ્થાન છે, અને ઘણાખરા સડા આ જ સ્થળે શરૂ થાય છે, કેમકે દાતણ કે બ્રશ કાળજીથી ઘસવામાં ન આવે તો એ સ્થાન બરોબર સાફ થતું નથી. પરિણામે ત્યાં ખોરાકના સૂક્ષ્મ અણુઓ જમા થઈને સડવા માંડે છે. તેમાંથી ઉત્પન્ન થતા જંતુઓ એવી જાતનો ઍસિડ પેદા કરે છે જે ઇનૅમલને ખાવા માંડે છે. નં. (૨) એ બીજા પ્રકારનું ભયસ્થાન છે, જેમાં દાઢના બંધારણમાં રહેલાં બારીક પડ વચ્ચેની જગ્યામાં પડતી ચિરાડમાં ઍસિડ પ્રવેશીને દાંતને અંદરખાનેથી ખાવા માંડે છે ને ધીમેધીમે આખા દાંતને અંદરથી પોલો બનાવી મૂકે છે. નં. (૩) એ મોટું થએલું પોલાણ (તદ્દન કાળો કરીને બતાવેલો ભાગ) ઇનૅમલ અને ડેન્ટીનને કોરી નાખીને વચલા માવા સુધી કેવી રીતે પહોંચે છે તે દર્શાવે છે. સડો અહીં સુધી પહોંચ્યો એટલે તેમાં રહેલા જ્ઞાનતંતુઓને ઠંડું પાણી કે ગળપણ અડતાં જ વેદના શરૂ થાય છે. આથી ચેતી જઈને યોગ્ય ઉપચાર કરાવવામાં ન આવે તો લોહીની શિરાઓ દ્વારા તે સડો આખા માવા સોંસરો નીચે મૂળના છેડા સુધી પહોંચે છે, અને ત્યાં. ગોળ કુંડાળું કરીને બતાવ્યું છે તે સ્થળે પરુ થઇને પાકવું શરૂ થાય છે, જેની વેદના અસહ્ય બનીને આખા જડબા તથા મગજમાં સુદ્ધાં સણકા ઉત્પન્ન કરે છે.

છે; ખુલ્લું થવાથી હવે ડેન્ટીન પણ ઍસિડની અસરથી ખવાવા માંડે છે ને સડો ઊંડો ઊતરે છે. પરિણામે ડેન્ટીનના પોલાણમાં આવેલા જ્ઞાનતંતુઓ ખુલ્લા થાય છે. એ જ્ઞાનતંતુઓ ખુલ્લા થયા, એટલે ઠંડા પાણી કે ખાંડના સ્પર્શથી તે તરત ઉશ્કેરાય છે અને અસહ્ય તથા તીવ્ર વેદના ઊપડે છે. સડો હોય એક જ દાંતમાં પણ આખું જડબું દરદથી સણસણી ઊઠે છે, કારણકે એક જ જ્ઞાનતંતુની શાખાઓ બધા દાંતોમાં પ્રસરેલી છે. સડો દાંતના મૂળ સુધી જાય છે, ત્યાં પરુ ઉત્પન્ન થાય છે, અવાળાંમાં સોજો આવે છે અને કળતર ઊપડે છે. દાંતનો સડો ગંભીર દરદોનું મૂળ છે. કહેવાય છે કે શરીરની ૮૬ ટકા વ્યાધિઓનાં મૂળ દાંતના સડાને લીધે જ ઉત્પન્ન થાય છે!

સડો ના થાય તે માટે દાંત સાફ રાખવા આવશ્યક છે. ખાસ કરીને રોજ રાત્રે સૂતાં પહેલાં દાંત સાફ કરવા જ જોઇએ. કંઈ પણ ખોરાક કે મિષ્ટ પીણું મોંમાં નાખ્યા પછી પાણી વતી મોં સાફ કરવું જ જોઇએ. દરેક દાંતની આગલી, પાછલી અને ઉપલી બાજુ ઉપર તેમજ અવાળાં ઉપર આંગળી ફેરવી-ઘસી-અન્નકણો કાઢી નાખવા જોઇએ. દાતણથી દાંત સાફ કરવાનો રિવાજ ઘણો સારો છે. એથી બે અર્થ સરે છે: એક તો જાડું દાતણ ચાવવાથી દાંતને કસરત મળે છે. પોચા ને તાજા કૂચાથી દાંતનાં પોલાણો ઠીકઠીક સાફ થાય છે. દાંત સાફ કરવાની બીજી ઉત્તમ રીત આંગળીના ટેરવા પર શ્રેષ્ઠ દંતમંજન લઈ ઘસવાની છે. દાંતનાં પોલાણો ને અવાળાં પર આંગળી ઘસ્યા કરવાથી ત્યાં ભરાઈ રહેલા અન્નકણો અને જીવાણુઓ સાફ થઇ જાય છે ને પાયોરિયાની શરૂઆતરૂપ ટાર્ટર (છારી) પારાના તળ આગળ બાઝતી નથી.



કહેવાય છે કે શરીરનાં ૮૬ ટકા દરદો દાંતના સડાને લીધે ઉત્પન્ન થાય છે. આ ચિત્રમાં, દાંતના પાયોરિયા તેમજ બીજા સડાનો ચેપ શરીરનાં કેટલાં કેટલાં અંગોમાં નવાં દરદો ઉત્પન્ન કરે છે તેનાં સ્થાનનો આછો ખ્યાલ આપ્યો છે: આંખ, મગજ, હાડકાંના સાંધા, ફેફસાં, હોજરી, હૃદય, યકૃત (કલેજું), પિત્તાશય, કિડની (મૂત્રાશય) વગેરે.

પ્રાણીઓના દાંત જવલ્લે જ સડે છે એ જ રીતે જંગલવાસીઓના પણ. આનું કારણ શું? એમનો ખોરાક કઠણ અને કાષ્ઠમય પદાર્થોનો હોય છે. આવા ખોરાકથી દાંતને કસરત મળે છે અને વળી સાથોસાથ દાંત સાફ પણ થાય છે. અમેરિકામાં ખાધા પછી સફરજન જેવું સખત ફળ અને આપણે ત્યાં સોપારી ખાવાનો રિવાજ દાંત સ્વચ્છ કરવા માટે જ અસ્તિત્વમાં આવ્યો હોવો જોઈએ. ખાધા પછી,—ખાસ કરીને ગળ્યો, પોચો અને તળેલો ખોરાક ચાવ્યા પછી દાંત ઉપર આંગળીનું ટેરવું ફેરવી પાણી વતી મોં સાફ કરવું જ જોઇએ.

દાંતના સડાનું એક કારણ દાંતનું નબળું બંધારણ પણ મનાય છે. નાનપણમાં લાંબી માંદગી આવી હોય, પૌષ્ટિક આહારનો તથા વિટામિન-ડી ધારક તાજા દૂધનો અભાવ હોય, તો દાંત ઉપરનું ઇનૅમલનું કવચ પાતળું અને પોચું બને છે. વળી તે ખરબચડું હોવાથી ખોરાકના 'પ્રહાર'થી દાંતની સપાટી ઉપર ખાડાખૈયા પડે છે: તેમાં અન્ન-કણ ભરાઈ રહે છે. આમાંથી લૅક્ટિક ઍસિડ ઉત્પન્ન થવાથી ઇનૅમલ ખવાવા મંડે છે અને દાંતના સડાનાં પગરણ મંડાય છે.

લૅક્ટિક ઍસિડથી ઇનૅમલમાં રહેલો ચાક ધીમેધીમે ખવાય છે. સદ્‌ભાગ્યે થૂંક આ કામમાં આડે આવે છે. તે આલ્કલીન (Alkaline) હોવાથી તેજાબ (Acid)નું શમન (Neutralize) કરે છે; આ દૃષ્ટિએ દંતમંજન કે ટૂથપેસ્ટ આલ્કલીન હોવું જોઈએ; વળી જંતુઘ્ન ગુણવાળું પણ, જેથી મોઢામાંના જીવાણુઓનો નાશ થાય. લીમડાના દાતણમાં આ સર્વ ગુણો સમાએલા છે. દાંતને તે નીરોગી ને મજબૂત બનાવે છે.

દાતણ કે બ્રશ દાંત ઉપર આડાં ફેરવવાની રીત ખોટી છે. તેને ઊભાં (ઊંચે અને નીચે) દાંત ઉપર ઘસવાં જોઈએ. આમ કરવાથી બે દાંત વચ્ચેની જગ્યા ચોખ્ખી થાય છે. દાતણનો કૂચો પણ કઠોર નહિ પણ મુલાયમ હોવો જોઇએ, કારણકે કઠોર કૂચાથી અવાળાંને નુકસાન થાય છે અને દાંત સાફ થતા નથી.

માણસ: અલ્યા છોકરા, આટલો દોડતો ક્યાં જાય છે?
છોકરો: બે જણને લડતા બચાવવા માટે.
માણસ: કોણ લડે છે?
છોકરો: મનસુખ અને હું.

એમ? કેમ

એસ્બેસ્ટૉસ શાથી બળતું નથી?

ઘણાંએ જોયું હશે કે ઍસ્બેસ્ટૉસ નામના પદાર્થનાં બનાવેલાં પૂંઠાં વગેરે વસ્તુઓ અગ્નિ પર તપાવવા છતાં બળતી નથી. ઘણી દુકાનોમાં ભઠ્ઠીનો તાપ અટકાવવા માટે આવાં પૂંઠાંનો ઉપયોગ થતો જોયો હશે. પરંતુ અગ્નિ ઉપર સીધું મૂકવા છતાં યે તે શાથી નથી બળી જતું એ બહુ ઓછા જાણતા હશે. એ ન બળવાનું કારણ એ છે કે એ પોતે જ એક સંપૂર્ણ બળી ગએલો પદાર્થ છે. આથી એ વધુ બળી શકતો નથી. જેમ કોલસાને બાળી નાખ્યા બાદ રહેલી રાખ વધુ બળી શકતી નથી, તેમ. આપણી પૃથ્વી અગાઉ એક ખૂબ બળતો ગ્રહ હતો. એ જ્યારે ઠંડી પડતી ગઇ ત્યારે જુદીજુદી જાતના ઍસ્બેસ્ટૉસ તેના પેટાળમાં નિર્માણ થયા. આ બધી જાતના ઍસ્બે-સ્ટૉસમાં એક સીલીકોન Silicon નામનો પદાર્થ હોય છે. એમાં લાંબા દોરા જેવી સાંકળના રૂપમાં પ્રાણવાયુ અને બીજી ધાતુઓ મળેલી છે. સામાન્ય રીતે જ્યારે કોઇ પણ પદાર્થ બળે છે ત્યારે એ ક્રિયામાં તે પદાર્થમાં પ્રાણવાયુ ભળતો હોય છે; પરંતુ ઍસ્બે-સ્ટૉસે તો જેટલો જોઇએ તેટલો બધો જ પ્રાણવાયુ પહેલાં જ પ્રાપ્ત કરી લીધો હોય છે, એટલે એ વધુ બળી શકતું નથી.

નેતરની સોટી હવામાં વીંઝતાં સુસવાટા શાથી થાય છે?

આ સમજવા માટે આપણને સંભળાતો અવાજ શું છે એ જાણવું જોઈએ. એ અવાજ એટલે આપણા કાનમાં સંવેદન પેદા થાય એટલા ઉગ્ર આવેગથી હવામાં પેદા થતા તરંગો (Vibrations). હવા એ અત્યંત સ્થિતિસ્થાપક છે. હવામાં સોટી વીંઝતાં તે હવાને તેને સ્થાનેથી ખસેડી નાખે છે. એમ થવાથી હવાના કરોડો અણુઓ તેમની જગ્યાએથી ખસી જઈ પાસેના અણુઓ પર અથડાય છે અને તેમને પણ તેમની જગ્યાએથી હડસેલે છે. વળી તે અણુઓ આગળનાંને ધક્કો મારે છે. આમ થવાથી હવામાં ગોળાકાર મોજાં પેદા થાય છે જે આપણા કાન પર અથડાય છે અને સૂસવાટાભર્યો અવાજ આપણને સંભળાય છે.

અથાણું

ખેડૂત: અલ્યા ભાઈ, મારો ગોધલો જોયો?
શિખાઉ શિકારી: અરેરે! એ ગોધલો હતો?!

કનુ: પાણી ઉપર અને પાણીની નીચે ચાલવા છતાં કોરૂં રહી શકે એ કોણ?
મનુ: કાંઈ સૂઝતું નથી; તું કહે જોઇએ.
પહેલો: માથે પાણીભરેલું બેડું લઇને પૂલ ઉપરથી જતી પનિહારી.

વિજ્ઞાનના પ્રોફેસર: મને એક ઔંસ એસીલ આઈસોથીઓ-સાઈયાનેટ આપો!
કેમિસ્ટ: ઓહો, આપને રાઈનું તેલ જોઇએ છે, એમ કહોને!
પ્રોફેસર: હા, પણ એ નામ યાદ રહેતું નથી.


'બેબી, કેમ રડે છે?'
'ભાઇને રજા પડે છે, ને મને નથી પડતી.'
'એમ કેમ?'
'હું હજી નિશાળે જ નથી જતીને, તેમાં.'

નૅશનલ કૅડેટ કોર

લશ્કરી તાલીમ આપતી રાષ્ટ્રવ્યાપી સંસ્થા

લેખક : સેકન્ડ લેફ્ટેનન્ટ **પ્રો. હૃષિકેશ પાઠક**
ફોટો : કડેટ અન્ડર-ઑફિસર **વિક્રમ દલાલ**

પોતાનાં માન અને જાતના રક્ષણ તરફ બેદરકાર માણસ બેવકૂફ ગણાય; એટલું જ નહિ, એ ગુનો પણ ગણાય. પણ દુ:ખની તથા શરમની વાત છે કે આપણે એ બેવકૂફી અને ગુનેગારી આચરી રહ્યા છીએ. આપણા દેશની શાન અને શઊરનું રક્ષણ કરનાર આપણા લશ્કર વિષે, આપણે શું જાણીએ છીએ એ પ્રશ્ન પોતાની જાતને પૂછીશું તો ઉત્તરમાં શૂન્ય મળશે. 'કુમાર'માં આ વિષયને અગત્યનું સ્થાન આપવાની અમારી મુરાદ છે, પણ અધિકારી લેખકને અભાવે અમે તેને પાર નથી પાડી શકતા. તેની આટલી પ્રાથમિક રજૂઆત કરતાં પણ અમને સંતોષ થાય છે.



કૅમ્પમાં પ્રવેશ કરનારને પહેલો જ આવો રેજિમેન્ટલ પોલીસ મળે. દરજ્જા અનુસાર સૌને એ સલામી આપે.


આપણા રાષ્ટ્રીય અસ્તિત્વનાં કેટલાંક અંગો પરત્વે આપણે અક્ષમ્ય બેદરકારી બતાવીએ છીએ. આપણા લશ્કર ને સંરક્ષણનો પ્રશ્ન તે પૈકી એક છે. જેના નામે આપણું આ લોકશાહી રાજ્યતંત્ર ચાલે છે એ સામાન્ય નાગરિકને દેશના સંરક્ષણની બાબતનું જરાપણ જ્ઞાન નથી હોતું. લશ્કર અને લશ્કરી જીવન વિષે એના મનમાં ખરા કરતાં ખોટા ખ્યાલો વધારે હોય છે. આ પરિસ્થિતિ આપણે માટે લાંબે ગાળે નુકસાનકારક છે. આપણી સ્વતંત્રતા અને સંરક્ષણનો સ્પષ્ટ સંબંધ આપણે જાણવો જોઇએ, એટલું જ નહિ પણ એમાં સક્રિય ભાગ લેતા થવું જોઇએ. આજે જે રીતનું આંતરરાષ્ટ્રીય વાતાવરણ પ્રવર્તે છે તેમાં અહિંસાના આદર્શને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે આપણે અમલમાં ન મૂકી શકીએ.

આપણા સંરક્ષણના પ્રશ્નો સમજવા પૂરતો આપણે લશ્કરી-જીવનનો પરિચય મેળવવો જ જોઇએ; અને આનો સીધો રસ્તો લશ્કરી તાલીમ છે. પરંતુ તે સિવાય પણ, આપણા સામાન્ય જીવનની દૃષ્ટિએ પણ, આપણા જીવનમાં આવી તાલીમની અગત્ય ઘણી કહી શકાય. આપણું સાવ શિસ્તવિહોણું જીવન, આપણા યુવાનોનાં શરીર, એમની હાલવાચાલવાની રીત, આ કશામાં મર્દાનગી કે જુસ્સો નથી દેખાતાં. સ્ત્રૈણ દેખાવમાં ગગરૂખી લેતા આપણા યુવાનવર્ગને શારીરિક શ્રમની ખૂબ જરૂર છે. આ બધું લશ્કરી જીવનમાં અનાયાસે મળી રહે છે. શિસ્ત, વ્યક્તિત્વ-ઘડતર, બિરાદરી, હિંમત વગેરે ગુણો આવી તાલીમથી આપોઆપ ખીલી નીકળે છે. વળી જરાક બુદ્ધિશાળી યુવાન તો શરીર સારું કરવા ઉપરાંત બીજા ઘણા લાભ પણ આવી તાલીમથી મેળવી શકે છે. શાંતિના સમયમાં લીધેલી આ તાલીમ રાષ્ટ્રની કટોકટીના સમયમાં અમૂલ્ય બક્ષિશ જેવી થઈ પડે છે.

લશ્કરી તાલીમની આવી કોઈપણ યોજના બુદ્ધિની કેળવણીની સાથોસાથ જ હોવી જોઇએ. આપણી હાલની એકતરફી કેળવણીનું એ એક મહત્ત્વનું પૂરક અંગ ગણાવી જોઇએ. પરિણામે, ગ્રૅજ્યુએટની કે એવી કોઈ ઉપાધિ લઇને કૉલેજોમાંથી જીવનમાં પ્રવેશતો વિદ્યાર્થી આપોઆપ સંરક્ષણ અને લશ્કરના પ્રશ્નોથી પણ જાણકાર બની ગયો હશે અને એનામાં કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા પૂરતી હિંમત અને તાકાત આવી ગયાં હશે. પછી તો એને આ કેળવણીમાં ફક્ત દુનિયાના વિવિધ અનુભવનો જ ઉમેરો કરવાનો રહેશે. યુરોપ અને અમેરિકામાં આવી યોજનાઓ વિદ્યાર્થીઓના ઘડતરમાં અમૂલ્ય ફાળો આપે છે; અને આવી સંસ્થાઓમાં તાલીમ લઇને બહાર પડેલા વિદ્યાર્થીઓ યુદ્ધ જેવી કટોકટીની પળોમાં રાષ્ટ્રના રક્ષણમાં ખડે પગે તૈયાર રહે છે.

એક બીજી દૃષ્ટિએ પણ લશ્કરી તાલીમની અગત્ય સમજવી ઘટે. જીવનનાં જુદાંજુદાં પાસાંઓને આપણે વધતીઓછી અગત્ય આપીને એ બધાંને આપણે એક જાતના સંવાદમાં રાખવા પ્રયત્ન કરીએ છીએ. આપણો ધર્મ, નાત, જાત વગેરે તરફની આપણી ભાવનાઓને તેની વધતીઓછી અગત્યના પ્રમાણમાં આપણે અમુક ક્રમથી અપનાવીએ છીએ. પરંતુ આ ક્રમ શાંતિના સમયમાં એક પ્રકારનો હશે જ્યારે રાષ્ટ્રીય કટોકટીના સમયમાં જુદો જ હશે. દાખલા તરીકે આપણે 'હું અને મારું ઘર પહેલું' એમ શાંતિના સમયમાં કહી શકીએ, પણ અમુક વિશિષ્ટ પ્રસંગોએ આપણે આ મત બદલવો પડે અને 'પહેલો દેશ અને પછી બીજું બધું' એવો ભાવનાઓનો ક્રમ અપનાવવો પડે–અપનાવવો જોઇએ. લશ્કરી તાલીમ દ્વારા ફરજ અને શિસ્તની જે ભાવના વિદ્યાર્થીઓમાં આવશે એનાથી તેઓ જીવનમાં પણ ખરા નિર્ણયો લઈ શકશે. આપણી આજની કટોકટીની પરિસ્થિતિના મૂળમાં પણ કોઈ ખાસ કારણ જો હોય તો તે આપણી ભાવનાઓનો





ઉપર : 'સૅન્ડ મૉડેલ એક્સરસાઈઝ' : ધૂળમાં જુદાજુદા પ્રદેશોના નકશા ને આકૃતિઓ કરી યુદ્ધનો ખ્યાલ આપવાનો પ્રયત્ન. જમીન પર વચ્ચે લીટા દેખાય છે તે રસ્તા અને નદીઓના આલેખનના છે. એનો જ નકશો પાછો પાટિયા ઉપર દોરેલો છે. અમદાવાદ કેન્દ્રના વડા અફસર મેજર ઈરાની તેનો વર્ગ લઇ રહ્યા છે.

ડાબી બાજુ : ટૉમી ગનનો ઉપયોગ : હાથમાં રમતું રહે તેવું આ હથિયાર, નજીકના દુશ્મન સાથેના યુદ્ધમાં ખૂબ કામયાબ નીવડે છે. આ કડેટ ગોળીઓ છોડી રહ્યો છે. આમાં હાથ, આંગળાં અને પગનું પણ કાર્ય નિયત કરેલું હોય છે, અને એમાં જો સહેજસાજ પણ ભૂલ થઇ તો નિશાન ચૂક્યા જ સમજો.

વિસંવાદી ક્રમ છે. પરિણામે સૌ પોતપોતાનાં સુખ માટે જ જીવે છે, જ્યારે દેશ માટે કોઈ નથી જીવતું. આ વિસંવાદનો જેટલો ત્વરાથી આપણે ત્યાગ કરીએ એટલો રાષ્ટ્ર તરીકે આપણને જ ફાયદો થશે.

આપણો દેશ સ્વતંત્ર થયા પછી એક વર્ષમાં જ આપણી સરકારે વિદ્યાર્થીઓને લશ્કરી તાલીમ આપવાની એક રાષ્ટ્રવ્યાપી યોજના અમલમાં મૂકી છે. આ યોજના તે નૅશનલ કડેટ કોર. રાષ્ટ્રીય દળની આવી યોજનાનો ખ્યાલ છેક ૧૭૯૮ની ફ્રાન્સની મહાન રાજ્યક્રાંતિના સમયથી શરૂ થયો. એ વખતે ફ્રાન્સની પ્રજાએ 'શસ્ત્રસજ્જ રાષ્ટ્ર' (Nation in Arms)ની કલ્પના કરી અને જોતજોતાંમાં નવલોહિયા ફ્રેન્ચ યુવાનો ભસ્મીભૂત ફ્રાન્સની રાખમાંથી નવા રાષ્ટ્રનું સર્જન કરવા બહાર પડ્યા. આપણા દેશમાં પણ નવસર્જનનાં જે અનેક કાર્યો કરવાનાં છે એમાં શિસ્તબદ્ધ નાગરિકોનું ઘડતર એ મોખરાનો ને અનિવાર્ય પ્રશ્ન છે. તેનો ઉકેલ કરતી આ નૅશનલ કડેટ કોરના હેતુ નીચે પ્રમાણે છે :

(૧) યુવાનો અને યુવતીઓમાં ચારિત્ર્ય, બિરાદરી, સેવાભાવ અને નેતૃત્વના ગુણો કેળવવા.

(૨) દેશના સંરક્ષણમાં પ્રજાનો રસ જાગૃત કરવા યુવાનો અને યુવતીઓને લશ્કરી તાલીમ આપવી.

(૩) રાષ્ટ્રની કટોકટી વેળા લશ્કરની ઝડપી વૃદ્ધિ માટે તાલીમબદ્ધ અમલદારોનું અનામત દળ ખડું કરવું.

વિદ્યાર્થીઓને લશ્કરી તાલીમ આપવામાં આ કોરની એવી અભિલાષા છે કે દેશના શિક્ષિત યુવાનો નેતા થવાની લાયકાત મેળવે; સારી સંખ્યામાં લશ્કરમાં જોડાય અને સેનાના ઑફિસરો થઇ શાંતિના કે યુદ્ધના સમયમાં લશ્કરને દોરવણી આપે અને એની સરદારી લે.



←ડાબી બાજુ : લાઈટ મશીન-ગનનો બાર : આ એક મહત્ત્વનું શસ્ત્ર છે. એની પકડ જરા જુદી હોય છે, અને બાર કરતાં થરથરાટ પણ ઠીક થાય છે. કડેટની પાસે એક હવાલદાર બેઠો બેઠો એને સૂચનાઓ આપે છે. બંદૂકના ટ્રિગર (ઘોડા)માં આંગળી ભેરવેલા કડેટના જમણા હાથ ઉપર અર્ધ ચન્દ્રાકારે દેખાય છે તે 'મૅગૅઝીન' છે, જેમાં ગોળીઓ ભરેલી હોય છે. ઘોડી પર ટેકવેલી ગનની આગળ નીકળી આવેલી નળીમાંથી ગોળી છૂટે છે. તેના ઉપર નિશાન લેવાની 'માખી' છે.



યુદ્ધમાં બધી અડચણોનો મુકાબલો કરી શકે તેવાં ખડતલ મન અને શરીર ઘડવા માટે આવાં 'હર્ડલ્સ' (વિઘ્નદોડ અને કૂદકા) ખાસ યોજવામાં આવે છે. અહીં ઊંચી પાળ પરથી કૂદકો મારીને નીચેની કાંટાળા તારની મોટી વાડ કૂદી જવાની છે.

આ કોરમાં તાલીમ લીધા પછી કોઇ પણ કડેટ લશ્કરી, હવાઈ કે ખુશ્કી દળમાં ન જોડાવું એ તેની ઇચ્છા પર રહે છે; પરંતુ રાષ્ટ્રીય કટોકટીની પળોમાં આવા કડેટ ઉપર્યુક્ત દળોની વૃદ્ધિ માટે તાલીમબદ્ધ અમલદારોના અનામત સમૂહ તરીકે તો રહેશે જ.

કોરના મુખ્ય ત્રણ વિભાગ છે. તેનાં હેતુ ને કાર્ય:

શાળા-વિભાગ (જુનિયર ડિવિઝન): આનો મુખ્ય હેતુ શિક્ષણાત્મક છે. કડેટનું ચારિત્ર્ય ને શરીર સુદૃઢ બને, એમનામાં શિસ્તની વૃદ્ધિ થાય અને દેશના રક્ષણના પ્રશ્નોમાં રસ જાગૃત થાય—આ હેતુથી એ યોજાયો છે. વળી આ દ્વારા લશ્કરી કૉલેજોમાં દાખલ થનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો થશે.


કૉલેજ-વિભાગ (સીનિયર ડિવિઝન): આ વિભાગનું મુખ્ય ધ્યેય કૉલેજના વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાની લશ્કરી તાલીમ આપી, લશ્કરની ત્રણે શાખાઓ (ખુશ્કી, દરિયાઈ, હવાઇ) માટે અફસરોનું એક અનામત દળ તૈયાર કરવાનું છે. ઉપરાંત, બીજો હેતુ એ છે કે આ તાલીમ કડેટને નેતા થવાના પણ ગુણો આપશે, જે, લશ્કરી કારકિર્દી સિવાયનાં જીવનનાં બીજાં ક્ષેત્રોમાં પણ અત્યંત અગત્યના છે.

યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને મન એમનો અભ્યાસ સૌથી વિશેષ મહત્ત્વનો હોય એ સ્વાભાવિક છે. એટલે આ પ્રકારની લશ્કરી તાલીમ એવી રીતે અપાવી જોઇએ કે જેથી એમના અભ્યાસમાં કોઇ પણ જાતની ડખલ ન થાય. ગુજરાત ખાતે આ કોરમાં અમદાવાદ કૉલેજ વિભાગનાં બે કેન્દ્રો છે: સેવન્થ બૉમ્બે બૅટરી



ઉપર–રાઈફલનો બાર: પહેલાં તો આગળ મૂકેલી માટીની કોથળી ઉપર હાથ ટેકવીને બાર કરવાનો હોય છે. પછી, બીજી વખતે એ ટેકો લઇ લેવામાં આવે છે. રાઈફલ-ડ્રિલ અને એની સાથેની બીજી બધી કવાયતોની પરકાષ્ઠા તો ધાર્યું નિશાન તાકવામાં આવે છે. આ માટે લશ્કરમાં સિદ્ધાન્ત જ હોય છે કે 'Shoot to kill.' ડાબો-જમણો હાથ (અને જમણા હાથનું તો પ્રત્યેક આંગળું), આંખ, શરીર અને મન બધાંની ક્રિયાત્મક એકાગ્રતા જ ધાર્યું નિશાન પાડી શકે છે.

નીચે: રાઈફલના બારનું સંપૂર્ણ ચિત્ર : દૂર ટેકરીની તળેટીમાં નિશાનપટ (Targets) દેખાય છે. એ એક ખાડામાં ઊભાં કરેલાં હોય છે અને ગરગડીથી ઉપર-નીચે ચડાવી-ઉતારી શકાય છે. એ ખાડાને બટ (Butt) કહે છે. એમાં એક ઑફિસર અને બીજા મદદનીશો રહે છે. એક કડેટ બાર કરી રહે એટલે એ નિશાનપટ ખાડામાં નીચે ઉતારવામાં આવે છે અને સાથોસાથ બીજું નિશાનપટ (બીજા કડેટના ગોળીબાર માટે) ઉપર જાય છે. નીચે ઉતારેલા નિશાનપટ ઉપર જે સ્થળે ગોળી વાગી હોય તે પરથી તે મારનારના માર્કની નોંધણી થાય છે. પછી એમાં ગોળીથી પડેલા કાણા ઉપર લાહી વડે રંગીન કાગળ લગાડી દેવામાં આવે છે અને નવા કડેટ માટે એ પાછું ઉપર જાય છે. ટેકરા ઉપર ઊડતી ધજા 'ભયનું નિશાન' છે. એ ઊડતી હોય ત્યારે એ વિસ્તારમાં બીજા માણસોની અવરજવર બંધ કરી દેવાય છે. કડેટની પાછળ દૂરબીન લઈને એક ઑફિસર ઊભો રહે છે અને ગોળીઓ મારવામાં થતી ભૂલ સુધારવા માટેની સૂચનાઓ આપતો રહે છે.





સવારની પી.ટી. (ફીઝીકલટ્રેઈનિંગ) કસરત પછી, રાઈફલો લઇને નાસ્તો કરવા જતા કડેટો. રાઈફલો લેવામાં ધસારો ન થાય તે માટે વારા પ્રમાણે જ એ કામ કરવામાં આવે છે. પરિણામે કેટલાકને રાઈફલ લીધા પછી નાસ્તો મળતો, જ્યારે કેટલાક નાસ્તો ખાધા પછી રાઇફલ લેવા જતા. કૅમ્પના પંદર દિવસ માટે દરેક કડેટને એકેક રાઈફલ મળતી, જેની બધી દરકાર એણે જાતે લેવાની રહેતી.

(એન. સી. સી.), અને ફોર્થ બૉમ્બે બેટાલિયન (એન. સી. સી.) આ બે કેન્દ્રોમાં અમદાવાદની ગુજરાત કૉલેજ, એલ. ડી. આર્ટ્સ કૉલેજ, એમ. જી. સાયન્સ ઈન્સ્ટીટ્યૂટ તેમજ એચ. એલ. કૉલેજ ઑવ કૉમર્સના વિદ્યાર્થીઓ છે. આ ઉપરાંત ફોર્થ બૉમ્બે બેટાલિયનમાં સુરતની એમ. ટી. બી. કૉલેજ અને આણંદના વી. પી. મહાવિદ્યાલય તથા બી. એ. કૉલેજ ઑવ ઍગ્રીકલ્ચરના વિદ્યાર્થીઓ પણ છે. સેવન્થ બૉમ્બે બૅટરી (તોપચી દળ)માં ૬૦ કડેટ ૨૫ રતલી ગોળા ફોડનારી તોપોની તાલીમ લઈ રહ્યા છે. ફોર્થ બૉમ્બે બેટાલિયન (લશ્કરી દળ)માં કુલ ૪૭૦ કડેટ છે: અમદાવાદના ૨૬૫, સુરતના ૧૦૦ અને આણંદના ૧૦૫. આ કેન્દ્રની મુખ્ય તાલીમ ઈન્ફન્ટ્રી (પાયદળ)ની છે. તેમાં હથિયાર વગર અને હથિયાર સહિત કવાયત, રાઇફલ, લાઈટ મશીન ગન અને ટૉમી ગન જેવાં તમામ નાનાં હથિયાર વાપરતાં શીખવાય છે.

મહિલાઓનો વિભાગ : આ વિભાગનો મુખ્ય હેતુ સ્ત્રીઓ પોતાનું વ્યક્તિત્વ ખીલવે, સ્વાવલંબી બને, શરીરે સુદૃઢ થાય અને કટોકટીને સમયે પુરુષોનું સ્થાન લઇ એમની ફરજો અદા કરી શકે તે છે. અમદાવાદ ખાતે મહિલા વિભાગનું કેન્દ્ર નથી.

આમ, નૅશનલ કડેટ કોરના મુખ્ય ત્રણ વિભાગ હોય છે: શાળા વિભાગ, કૉલેજ વિભાગ અને મહિલા વિભાગ. તેમાં કૉલેજ વિભાગની ત્રણ પાંખો છે: ખુશ્કી, દરિયાઇ અને હવાઇ દળો. ખુશ્કી પાંખમાં આર્મર્ડ કોર, આર્ટિલરી, ઈન્ફન્ટ્રી, એન્જિનીઅર્સ, સિગ્નલ્સ, ઇલેક્ટ્રિકલ અને મિકૅનિકલ એન્જિનીઅર્સ અને મેડિકલ કોર છે. અમદાવાદમાં આર્ટિલરી અને ઈન્ફન્ટ્રીનાં કેન્દ્રો છે. મુંબાઇમાં હવાઇ દળનું કેન્દ્ર કામ કરે છે ને થોડા જ વખતમાં દરિયાઇ દળનું કેન્દ્ર ખુલશે.


આ કેન્દ્રોની વ્યવસ્થા તથા નિયમન લશ્કરી પદ્ધતિએ જ થાય છે. પાયદળ, આર્મર્ડ કોર, આર્ટિલરી અને સિગ્નલ્સનાં કેન્દ્રો તો કોઇ પણ કૉલેજમાં સ્થાપી શકાય છે. પણ એન્જિનીઅરિંગ અને મેડિકલ કોરનાં કેન્દ્રો તે તે વિષયોની કૉલેજોમાં જ સ્થાપી શકાય. ઇલેક્ટ્રિકલ અને મેડિકલ કોરનાં કેન્દ્રો તેવી સંસ્થામાં અને એને લગતી સગવડ આપતી યુનિવર્સિટીઓમાં ખોલવામાં આવે છે.

જે કૉલેજોમાં નૅશનલ કડેટ કોરનાં કેન્દ્રો કે પેટા કેન્દ્રો સ્થાપવાનાં હોય છે, તે કૉલેજોના અધ્યાપકવર્ગમાંથી જ કેન્દ્રો માટે ઑફિસરો લેવામાં આવે છે. તે કૉલેજના પ્રિન્સિપાલો અને યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલરની ભલામણ બાદ, નાગરિકો તથા લશ્કરી ઑફિસરોના બનેલા પસંદગી-પંચ સમક્ષ આ અધ્યાપકો જાય છે. તેમાં પસંદ થએલા અધ્યાપકો લશ્કરી કેન્દ્રોમાં ત્રણથી ચાર માસની તાલીમ લે છે. તેમાંથી સફળપણે પાર ઉતર્યા બાદ એ અધ્યાપકોને લશ્કરી હોદ્દો (કમિશન) આપવામાં આવે છે.

કેન્દ્રોમાં જોડાતા કડેટ પણ કૉલેજોના વિદ્યાર્થીઓ જ હોવા જોઇએ. તેમની ઉમર ૨૬ વર્ષથી ઓછી હોવી જોઇએ, અને ઓછામાં ઓછાં બે વર્ષ માટે કામ કરવા તૈયાર હોવા જોઇએ.

શાળા વિભાગમાં ત્રણ શિક્ષક-ઑફિસરો ને ૯૦ વિદ્યાર્થીઓની બનેલી એક જુનિયર ટુકડી હોય છે. આ ટુકડી ત્રીસ ત્રીસની એક એવી ત્રણ પેટા-ટુકડીમાં વહેંચાઇ જાય છે. શાળાના આચાર્યો, કેળવણીખાતાના ઈન્સ્પેકટરો અને કેળવણીખાતાના વડા અધિકારી (ડી. પી. આઈ.) ની ભલામણ પછી, ઉપર પ્રમાણેના પસંદગી-પંચ સમક્ષ આ શિક્ષકોને પણ જવું પડે છે. પસંદ થએલા શિક્ષકો બે માસની લશ્કરી તાલીમ લે છે અને તેમાંથી સફળપણે પાર ઊતરીને જુનિયર વિભાગનો લશ્કરી હોદ્દો (કમિશન) મેળવે છે. શાળાના કડેટ સાતમા કે છઠ્ઠા ધોરણમાંથી લેવામાં આવે છે. એમની ઉમર ૧૩ અને ૧૭ વર્ષની વચ્ચે હોવી જોઇએ. અને એમણે પણ ઓછામાં ઓછાં બે વર્ષ તેમાં રહેવું જોઇએ. શાળા વિભાગના કડેટને સામાન્ય રીતે બૉય સ્કાઉટ સંસ્થાના વિષયો ઉપરાંત થોડા લશ્કરી વિષયો શીખવવામાં આવે છે. વધુમાં તે રાઈફલ વાપરતાં શીખે છે ને ગોળીબાર પણ કરે છે.

આ બધાં કેન્દ્રોમાં ઑફિસરો અને કડેટની ભરતી પૂરેપૂરી મરજિયાત છે. તેમને લશ્કરી સેવાનું કોઇ બંધન નથી અને સંરક્ષણને લગતી કોઈ પણ ફરજ બજાવવા એમને બોલાવી ન શકાય. દાખલા તરીકે નૅશનલ કેડેટ કોરનાં કોઇ પણ કેન્દ્રોને આંતરિક શાંતિ કે રક્ષણના કાર્ય માટે ઉપયોગમાં ન લઈ શકાય.



નિશાનપટ
Target

૪×૪ ફૂટના માપના પાટિયા પર ચાર વર્તુલ દોરીને નિશાનપટ બનાવેલો હોય છે. તેમાં ઉપલો અર્ધો ભાગ વાદળી ને નીચલો અર્ધો બદામી રંગનો હોય છે. નં. ૧અ 'બુલ્સઆઈ' કહેવાય છે ને ત્યાં ગોળી મારી શકનાર અવ્વલ નંબરનો નિશાનબાજ ગણાય છે, નીચેનો નં. ૧ 'બુલ' કહેવાય છે ને ત્યાં ગોળી મારનારને પાંચ માર્ક મળે છે. નં. ૨ 'ઇનરસર્કલ' કહેવાય છે, તેના ચાર માર્ક; નં. ૩ 'મેક પાઇ'ના ત્રણ માર્ક અને નં. ૪ 'આઉટર સર્કલ'માં ગોળી વાગે તો બે માર્ક મળે છે.

તાલીમને લગતો કોઇ પણ ખર્ચ ઑફિસરો કે કડેટને શિરે નથી રહેતો. એમને ગણવેશ મફત આપવામાં આવે છે અને તાલીમ માટે કોઈ સ્થળે જવું પડે તો તે માટેનું ખર્ચ પણ આપવામાં આવે છે.

હિંદી લશ્કરના એક અફસર જુનિયર કમિશન ઑફિસર અને નૉન-કમિશન્ડ ઑફિસરોને નૅશનલ કડેટ કોરનાં લશ્કરી કેન્દ્રોની તાલીમ માટે નીમવામાં આવે છે. હિંદી લશ્કરના લેફ્ટેનન્ટ કર્નલ કે મેજરનો હોદ્દો ભોગવતા એક લશ્કરી ઑફિસર આવા કેન્દ્રોમાં આધિપત્ય ભોગવે છે. તેઓ કેન્દ્રોની સાધન-સામગ્રીની દેખરેખ રાખે છે અને તાલીમનું નિયમન કરે છે.


કૉલેજવિભાગનાં કેન્દ્રો પંદર દિવસનો એક વાર્ષિક તાલીમી કૅમ્પ યોજે છે, જ્યારે શાળા વિભાગનાં કેન્દ્રોનો કૅમ્પ દસ દિવસનો હોય છે. આ કૅમ્પ દરમિયાન ઑફિસરો અને કડેટને ભથ્થું તથા શાળા કે કૉલેજથી કૅમ્પના સ્થળ સુધીનું વાહનખર્ચ મળે છે.

જે વિદ્યાર્થી કૉલેજ વિભાગમાં જોડાય તેણે બે વર્ષ તો કેન્દ્રમાં રહેવું જ જોઇએ; કારણ એટલી મુદતનો તાલીમ સમય પૂરો કર્યા વગર એને કાંઈ જ લાભ મળતો નથી. દોઢ વર્ષ પૂરું કર્યા પછી કડેટ 'બી' પ્રમાણપત્રની પરીક્ષામાં બેસવાની યોગ્યતા મેળવે છે. તેમાં હથિયાર સહિત અને હથિયાર વગરની ટુકડીને કવાયત કરાવવી, રાઈફલમાં, લાઈટ મશીન ગનમાં તથા ટૉમી ગનમાં ગોળીઓ ભરવી તથા કાઢવી, નકશા ઉપર પોતાનું સ્થાન શોધવું વગેરે પોતે શીખેલા સઘળા વિષયોની પરીક્ષા તેને આપવી પડે છે. આ ઉપરાંત સમૂહમાં કાર્ય કરવાની એની શક્તિનો પણ ક્યાસ કાઢવામાં આવે છે. આ બધી પરીક્ષાઓ તત્વતઃ ક્રિયાત્મક છે અને એ પસાર કરવા માટે કડેટને કુલ ગુણના ૫૦ ટકા ગુણ મેળવવા પડે છે. આ ધોરણ સામાન્ય કરતાં ઊંચું છે. 'બી' પ્રમાણપત્ર મેળવેલો વિદ્યાર્થી જો કૉલેજમાં (વિજ્ઞાન કે કલાના) બીજા વર્ષમાં હોય તો એને એની યુનિવર્સિટીની પરીક્ષામાં અમુક વિષયોમાં મુક્તિ મળે છે. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને પણ અમુક વિષયોમાં મુક્તિ મળે છે, કારણ તેઓ 'બી' પ્રમાણપત્રની પરીક્ષામાં બીજે વર્ષે બેસવાના હોય છે. પરંતુ એમણે નિયમિત પરેડમાં હાજરી આપી હોવાનું ને સંતોષકારકરીતે તાલીમ લીધી હોવાનું કેન્દ્રના વડા અધિકારીનું પ્રમાણપત્ર લેવું પડે છે.



નવરાશનો વખત: બપોરે સૂવાનું ભાગ્યે મળે. રોજ કાંઇક કાર્યક્રમ હોય જ. નહિ તો રોજિંદું કામ નીકળે. ચિત્રમાં કડેટો એવા કામમાં પરોવાએલા જણાય છે. ડાબી બાજુનો પોતાની ટોપી સાંધે છે, જ્યારે બીજો પટ્ટાને 'બ્લૅન્કો' લગાવે છે.

નીચે: સલામી અને નિરીક્ષણ—જેમ રાઈફલના શિક્ષણનું અંતિમ ધ્યેય બાર કરવામાં છે, તેમ કવાયતનું ધ્યેય સંપૂર્ણ લશ્કરી દબદબાપૂર્વક સલામી આપવાનું છે. વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂ જ્યારે આ વર્ષે (૧૯૫૧)ની ૩૧મી જાન્યુઆરીએ ગુજરાત યુનિવર્સિટીમાં પધાર્યા ત્યારે અમદાવાદની ફોર્થ બૉમ્બે બૅટાલિયને એમને સલામી આપી હતી. એ પછી વડા પ્રધાને કડેટસનું નિરીક્ષણ કર્યું હતું. વડા પ્રધાન સાથે આ લેખના લેખક પ્રો. હૃષિકેશ પાઠક ચાલી રહ્યા છે



જો કોઈ કડેટને ત્રીજા કે ચોથા વર્ષમાં પણ કેન્દ્રમાં રહેવું હોય તો રહી શકાય છે. ફક્ત તે એ કેન્દ્રની કૉલેજનો વિદ્યાર્થી હોવો જોઇએ. કોઈ પણ કડેટ વધારેમાં વધારે ચાર વર્ષ સુધી રહી શકે છે.

ત્રણવર્ષપૂરાંકર્યા બાદ કડેટ 'સી' પ્રમાણપત્ર મેળવવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે. આ પરીક્ષા ઊંચી કક્ષાની હોય છે. તેમાં હથિયાર સહિત ને હથિયાર વગરની ટુકડીની કવાયત, રાઇફલના કોઈ સહેલા પાઠનું શિક્ષણ, લાઇટ મશીન ગનના નાનામોટા ભાગો છૂટા કરવા અને ભેગા કરવા, યુદ્ધના મેદાન ઉપર પોતાની ટુકડીને અપાતા હુકમો જેવા હુકમો આપવા, વાયરલેસ સેટ પર વાતચિત કરવી, નકશાને લગતા પ્રશ્નો, ત્વરિત ઉપચાર, પાટાપીંડી અને ઘાયલ સિપાઇઓને લડાઈના મેદાનમાંથી ખસેડવાની રીત વગેરે હોય છે. 'સી' પ્રમાણપત્ર મેળવ્યા પછી કૉલેજના છેલ્લા વર્ષમાં ભણતા કડેટ યુનિવર્સિટીની પરીક્ષામાં અમુક વિષયોમાંથી મુક્તિ મેળવે છે.

ઉપર કહેલા 'બી' ને 'સી' પ્રમાણપત્રોની પરીક્ષા પાયદળની છે. બીજાં દળોની પરીક્ષા તે તે દળોના

વિષયો તથા હથિયારોને અનુલક્ષી યોજવામાં આવે છે. આ રીતે ઍજ્યુએટની ઉપાધિ અને ‘સી’ પ્રમાણપત્ર મેળવેલો ૨૪ વર્ષની અંદરનો, કૉલેજવિભાગના લશ્કરી કેન્દ્રનો કડેટ, હિંદી લશ્કરના હોદ્દા માટે સીધો ઉમેદવારી કરી શકે છે. આમ કરવામાં યુનિયન પબ્લિક સર્વિસ કમિશન મારફતે લેવાતી પરીક્ષામાં એને બેસવાનું રહેતું નથી. અલબત્ત એને લશ્કરી ઑફિસરોના બનેલા પસંદગી-પંચ સમક્ષ જવું પડે છે ને એમાં પસાર થાય, તો નૅશનલ ડિફેન્સ ઍકેડેમીમાં એક વર્ષ તાલીમ લેવા જવું પડે છે.

વાર્ષિક તાલીમી કૅમ્પ કેન્દ્રની બહાર જ કોઈ સ્થળે યોજાય છે. અમદાવાદ કેન્દ્રે આજ સુધીમાં ત્રણ વાર્ષિક કૅમ્પ યોજ્યા છે, તેમાં ૧૯૫૦ના ઑક્ટોબરમાં માઉન્ટ આબુ ઉપર યોજેલો કૅમ્પ સૌથી સ્મરણીય રહેશે. આટલાં વર્ષોમાં વિદ્યાર્થીઓ શિસ્ત અને વ્યવસ્થા-શક્તિની જે એક પ્રણાલિકા ઊભી કરી શક્યા છે એનું શ્રેષ્ઠ ફળ આબુમાં જોઈ શકાયું. ૪૫૦ કડેટનું એ નાનુંસરખું ‘ગામ’ સવારના સાડાપાંચથી કાર્યરત બની જતું. સવારની ગુલાબી ઠંડીમાં શારીરિક કસરત પછી નિયમિત કવાયતો શરૂ થતી. આ સાથે અમુક કડેટ્સ રસોડામાં કામ કરવા રોકાતા. કોઈ દિવસ ધુમાડો યે નહિ જોએલા શહેરના વિદ્યાર્થીઓ મહારાજની સાથે ધુમાડામાં કામ કરતા. ભોજન સમયે તો બધા ભૂખ્યા વરૂની જેમ તૂટી પડતા. આવા કૅમ્પમાં અનાયાસે આપણા કેટલાક વહેમો અને સ્વભાવની ત્રુટીઓનો નાશ થાય છે. રાત્રે તમે કોઈપણ બૅરૅકમાં જાઓ તો બધા બુટપૉલિશ કરતા જણાય. એમાં પણ કોણ વધારે બુટ ચમકાવે છે એ હરીફાઇનો વિષય બની જાય. એ જ પ્રમાણે કપડાં ને પથારીની વ્યવસ્થા. દરેક ચીજ એની નિયત કરેલી જગ્યાએ જ હોવી જોઇએ. આપણા રોજના ઘરજીવનમાં આવી ઝીણવટ કેળવાય તો કેવું સારું? એક દૃષ્ટિએ તો એમ લાગે છે કે હથિયાર વાપરતાં શીખીને બહુ બળવાન ન બનીએ, પણ વ્યવસ્થા-શક્તિ ખીલવી શકીએ તો યે આ તાલીમ લેખે લાગી ગણાય.

અમદાવાદ ખાતેની ફોર્થ બૉમ્બે બૅટાલિયનની સઘળી પ્રવૃત્તિ એના કમાન્ડર મેજર ઇરાનીને આભારી છે. એક બહુ જ ખાનદાન પારસી કુટુંબના એ નબીરા છે અને પોતાની જાતને ગુજરાતી કહેવડાવવામાં અભિમાન લે છે. ગુજરાતના યુવાનો આ યોજનાનો લાભ લે અને શરીર તથા મન ખડતલ બનાવે એ એમની ઈચ્છા છે. આજે અમદાવાદ કેન્દ્રના કડેટોમાં જે ઉત્સાહ ને આત્મશ્રદ્ધા દેખાય છે તે મેજર ઈરાનીના અથાગ શ્રમને આભારી છે. વિદ્યાર્થીઓની શક્તિનો એમને પૂરે ખ્યાલ છે ને પોતાની વ્યવસ્થાશક્તિથી એ ધાર્યાં કાર્યો વિદ્યાર્થીઓ પાસે કરાવી શકે છે. આ રાષ્ટ્રવ્યાપી યોજનાને ગુજરાતની પ્રજા આવકારે અને સક્રિયરીતે તેનો લાભ ઉઠાવે તો ‘બિન-લશ્કરી’ ગણાતી આપણી ‘જનતા’ પોતાનું એક કલંક ધોઇ નાખશે.

આ ફોટોગ્રાફો છાપવાની અનુમતિ આપવા માટે ઑફિસર કમાન્ડિંગ ફોર્થ બૉમ્બે બૅટાલિયન (એન.સી.સી.)ના અમે આભારી છીએ.

નૃસિંહ-જયંતી (અનુસંધાન સામેના પાનેથી)

શાંતિથી હસીને કહ્યું, ‘તે થાંભલામાં પણ છે.’ આ સાંભળતાં જ હિરણ્યકશ્યપુએ ક્રોધથી એ થાંભલાને જોરથી લાત મારી. લાત મારતાં જ થાંભલો ફાટયો અને એક મોટી ગર્જના સાથે તેમાંથી સિંહ જેવા આકારવાળી એક ભયંકર વ્યક્તિ બહાર આવી. જેનું મુખ તથા હાથ પગ સિંહનાં હતાં ને દેહ મનુષ્યનો હતો. એ જ ભગવાન નૃસિંહ. તેમણે હિરણ્યકશ્યપુ પર તરાપ મારી તેને પકડયો ને મહેલના ઉંબર ઉપર જ બેસી, તેને પોતાની જાંગ પર આડો નાખી નખ વતી તેનું પેટ ચીરી નાખ્યું. એ સમયે સંધ્યાકાળ હતો. આમ તેના વરદાનની બધી મર્યાદાઓની બહાર તેનો નાશ થયો: દિવસે કે રાત્રે નહિ, પણ સંધ્યા સમયે તે મર્યો; ઘરમાં કે બહાર નહિ પણ ઉંમરા ઉપર મર્યો; મનુષ્ય કે પશુને હાથે નહિ પણ અરધા સિંહ અને અરધા માનવ એવી આકૃતિવાળી વ્યક્તિએ તેને માર્યો. આમ, આ દુષ્ટ જુલમી દૈત્યનો અંત આવ્યો. જે દિવસે ભગવાન નૃસિંહ પ્રકટ થયા તે દિવસ નૃસિંહ-જયંતીના તહેવાર તરીકે ત્યારથી મનાતો આવ્યો છે.

વૈશાખ સુદ ૧૪ને દિવસે આવતો આ તહેવાર વિષ્ણુનાં દેવાલયોમાં ઉત્સવ રૂપે ઉજવાય છે. દક્ષિણ હિંદમાં વૈષ્ણવ મતના પ્રચારને લીધે ઠેકઠેકાણે વિષ્ણુનાં મોટાં દેવાલયો આવેલાં છે. ત્યાં તો મોટા ભભકાથી આ ઉત્સવ ઉજવાય છે. મદ્રાસ ઈલાકામાં ઘટસા અને હંપીમાં તો ખુદ નૃસિંહનાં જ મોટાં મંદિરો છે. અનેક યાત્રાળુઓ દર વર્ષે ત્યાં આવે છે. કેટલાક તો નૃસિંહને કુળદેવતા માને છે.

આ દિવસે કેટલાક ધાર્મિક વિધિ પણ પળાય છે. તેરશને દિવસે એક ટાણું કરીને ચૌદશને દિવસે આમળાં વાટીને તે વડે તથા શરીરે તેલ લગાડીને સ્નાન કરવું, સંધ્યાકાળને વખતે ધાન્યના ઢગલા પર જલકલશ મૂકી તેના ઉપરના પાત્રમાં નૃસિંહની સુવર્ણપ્રતિમા પધરાવી તેની પૂજા કરવી, રાત્રે જાગરણમાં હરિકીર્તન કરી નૃસિંહની સેવા કરવી; અને પ્રાતઃકાળમાં ફરીથી મૂર્તિની પૂજા કર્યા બાદ ગોદાન સહિત પ્રતિમા ઉપાધ્યાયને આપવી, બાદ પોતાના વંશજોના ઉદ્ધાર માટે નૃસિંહને પ્રાર્થના કર્યા બાદ બ્રાહ્મણ સહિત ભોજન કરવું, ઈત્યાદિ વિધિ આ તહેવાર માટે કહેલા છે. ઉત્તર તરફ તથા બંગાળમાં આ તહેવાર પળાતો નથી. આ દેવ લોકપ્રિય ન હોવાનું કારણ એ છે કે નૃસિંહ બહુ ઉગ્ર દેવ ગણાય છે. તેમની સેવામાં કંઈ ચૂક થાય તો તેમના તરફથી ત્રાસ પહોંચે છે એવી માન્યતા છે.

નૃસિંહજયંતીનો આ તહેવાર પરમેશ્વરનું સર્વવ્યાપકપણું બતાવે છે. સત્તા અને મદમાં છકી ગએલા માણસનું અભિમાન ઈશ્વરશક્તિ આગળ કાંઈ વિસાતમાં હોતું નથી અને આખરે અભિમાની માણસનો નાશ જ થાય છે એ અટલ ન્યાય નૃસિંહાવતાર બતાવે છે. નૃસિંહ જયંતીની પશ્ચાદ્‌ભૂમિકામાં પ્રહ્‌લાદનું જે તેજસ્વી નીડર ચરિત્ર છે તેનું પણ આ દિવસે ચિન્તવન થવું જોઇએ. હિંદુ ધર્મમાં વિવિધ કક્ષાના લોકો માટે જેમ વિવિધ આદર્શો મૂકયા છે તેમ કુમારો માટે પણ અનેક આદર્શો રાખ્યા છે. જયાંથી કોઈ ચલાવી ન શકે એવું અચળ સ્થાન મેળવવા ઉગ્ર તપશ્ચર્યા કરનાર ધ્રુવ, અનેક દુઃખો સહન કરવાં પડવા છતાં પણ ભગવદ્‌ભક્તિ ન છોડનાર પ્રહ્‌લાદ, મૃત્યુની પાસે પણ જતાં ન બીનાર અને મૃત્યુ પાસેથી પણ વિદ્યા માગનાર નચિકેતા, પરાક્રમની મૂર્તિ સમો અભિમન્યુ ઈત્યાદિ અનેક તેજસ્વી આદર્શો કુમારો માટે શાસ્ત્રકારોએ મૂકયા છે.

સત્યને જ શ્રેષ્ઠ માનવાનો આદર્શ હિંદુ ધર્મમાં છે. આ સત્યપ્રિયતા અસલના વખતથી આર્યોમાં જણાઈ આવે છે. સત્યને ખાતર પિતાની આજ્ઞાનો અનાદર કરનાર પ્રહ્‌લાદ, માતાની અવજ્ઞા કરનાર ભરત, ભાઇનો પક્ષ છોડી જનાર વિભીષણ, ગુરુ સાથે લડવા તૈયાર થનાર ભીષ્મ અને ખુદ મામાનો વધ કરનાર શ્રી કૃષ્ણ—એ બધા જ શ્રેષ્ઠ ગણાય છે. આપણે ગમે તેટલા શક્તિમાન, ધનવાન અને બુદ્ધિમાન હોઇએ, પણ જો સન્માર્ગે ન ચાલીએ અને અનીતિથી વર્તીને દીનદુબળાંને હેરાન કરીએ તો સર્વશક્તિમાન પરમસત્તા તે માટે શિક્ષા કર્યા સિવાય રહેતી નથી એ નૃસિંહાવતારની કથાનો બોધ છે.

નૃસિંહ જયંતી

માસમાસના તહેવારો [૨૦]



વિષ્ણુના દસ અવતારોનો વિષય ભારતીય મંદિરોમાં શિલ્પીઓની કલ્પના અને તાકાતને હમેશાં ઉત્તેજતો રહ્યો છે, અને પ્રાચીન અનેકવિધ સ્થળે જૂજવે રૂપે તે વિલસી રહેલો દેખાય છે. વિજય-નગરનાં હિંદુ મહારાજ્યનાં ખંડિયેરોમાંનું નૃસિંહનું કરાલરૂપ શિલ્પ તેમાં જેમ વિખ્યાત છે, એવું જ ઉપર આપેલું સુંદર શિલ્પ આપણા ગુજરાતી કારીગરોનાં ટાંકણાંની શોભનકલાનો પ્રસાદ છે. આબુનાં દેલવાડાનાં મંદિરોની એક છતમાં કેન્દ્રસ્થાને કમળપાંખડીઓની પશ્ચાદભૂ મૂકીને ત્યાં આરસમાં ઉઠાવેલું આ અર્ધ-શિલ્પ, વર્તુલાકારમાં યોજાએલા શોભન-સંયોજનનો પ્રશસ્ય નમૂનો છે. એમાં વીરાસન જેવી બેઠક જમાવેલા પગ વચ્ચે નૃસિંહે હિરણ્યકશ્યપુના પગ સપડાવી બે હાથે પકડ્યા છે ને બીજા બે હાથે તેના હાથ પકડ્યા છે. નૃસિંહને કુલ સોળ હાથ દર્શાવ્યા છે. તેમાં બે હાથ આંતરડાં ચીરતા, બે હાથ આંતરડાં પકડેલા ને બે હાથ (મથાળે) તેવી ક્રિયામાં વળેલા છે, ત્રણ હાથમાં વિષ્ણુનાં ચિહ્નો ચક્ર, ગદા ને પદ્મની સંજ્ઞા છે, ને ચોથો માથે મૂકેલો છે. મથાળાનો બીજો એક હાથ ખંડિત છે. હિરણ્યકશ્યપુનો પણ એક હાથ ખંડિત છે.

પ્રાચીન કાળમાં સ્વયંભુવ મન્વંતરમાં હિરણ્યાક્ષ નામે એક પરાક્રમી રાજા થઈ ગયો. આ મહાબળવાન પુરુષ સર્વ દેશો જીતી લઈ લોકો પર ખૂબ જુલમ ગુજારવા લાગેલો, એટલે ભગવાન વિષ્ણુએ વરાહનો અવતાર લઈ તેનો નાશ કર્યો ને લોકોને મુક્ત કર્યાં.

એ હિરણ્યાક્ષના વંશમાં જ આગળ હિરણ્ય-કશ્યપુ નામે બીજો બળવાન પુરુષ થઈ ગયો. તેણે પણ પોતાનું રાજ્ય સર્વ ઠેકાણે સ્થાપન કરીને લોકોને પીડવાનું શરૂ કર્યું. વિષ્ણુએ હિરણ્યાક્ષનો નાશ કર્યો હતો, તેથી વિષ્ણુ સાથે વેર બાંધી, તેમના ભક્તોને તે ખૂબ દુઃખ દેવા લાગ્યો. ઉપરાંત ઋષિઓ, દેવો તથા બીજા રાજાઓને તે અનેક પ્રકારે હેરાન કરવા લાગ્યો. વિષયલુબ્ધ થએલા આ અસુર રાજાએ તપસ્યાથી એવું વરદાન મેળવેલું કે જેથી તેને રાત્રે કે દિવસે, ઘરમાં કે ઘર બહાર, તેમજ કોઈ મનુષ્ય કે હિંસ્ર પશુ મારી શકે નહિ. આ પ્રમાણે વ્યવસ્થા થયા પછી તો તેની નિર્દયતા અને ક્રૂરતાએ માઝા મૂકી. તેના જુલ્મ નીચે પૃથ્વી ત્રાહિત્રાહિ પોકારવા લાગી.

પણ વિધિનું કરવું એવું કે એ જુલમી રાજાના નાશનું કારણ તેનો પુત્ર પ્રહ્લાદ જ બન્યો. હિરણ્ય-કશ્યપુને છ પુત્રો હતા. તેમાં પ્રહ્લાદ અતિશય સાત્ત્વિક વૃત્તિવાળો અને વિષ્ણુભક્ત હતો. પોતાના પિતા તથા બીજા સંબંધીઓનો તામસી સ્વભાવ તથા વિષયલંપટતા તેને ગમતાં નહિ. પ્રહ્લાદનું કુળ અસુરોનું અથવા દૈત્યોનું કહેવાતું. તેઓ પરમેશ્વરને ન માનનારા દેહાત્મવાદી હતા. અસુરોના પ્રતિસ્પર્ધીઓ સુરો અથવા દેવો હતા, જે વ્યાપક પરમાત્મારૂપ ભગવાન વિષ્ણુની પૂજા કરતા. સુરોનો પક્ષ એ જ સત્ય માર્ગ છે એમ પ્રહ્લાદની ખાતરી થતાં તેણે વિષ્ણુભક્તિનો માર્ગ સ્વીકાર્યો.

પોતાનો જ પુત્ર પોતાના કટ્ટર શત્રુને ભજે છે એની જાણ થતાં હિરણ્યકશ્યપુએ પ્રહ્લાદને પોતાના મતના ગુરુ નીચે ભણવા મૂકી તેને અસુરવિદ્યાનું ભણતર આપવા પ્રયત્ન કર્યો. પણ દૃઢ ભક્તિ-ભાવવાળા પ્રહ્લાદે તો ઉલટો ગુરુને જ ઉપદેશ કરવા માંડ્યો કે 'મહારાજ, મિથ્યા અભિમાનને લીધે અમે અસુરો દેહાત્મવાદી બની પરમેશ્વરને ભૂલી ગયા છીએ, પણ તે સાચો માર્ગ નથી. સાચી વસ્તુ તો એ છે કે વિષ્ણુ ભગવાનરૂપ સાચા પરમેશ્વરને જાણવાની શક્તિ સંપાદન કરી તેનામાં લય પામવાની ઇચ્છા રાખવી જોઇએ.'

પ્રહ્લાદ ગુરુનું કહ્યું માનતો નથી એ વાતની હિરણ્યકશ્યપુને ખબર પડતાં તેણે પુત્રને બોલાવી મંગાવી ગુરુના ઉપદેશ પ્રમાણે ચાલવાની સખ્ત આજ્ઞા કરી. પણ પ્રહ્લાદે નીડરતાથી કહ્યું, 'પિતાજી, જે વિદ્યાથી શાશ્વત સુખ મળતાં નથી તે વિદ્યા શા કામની? ઈશ્વર-પ્રાપ્તિ એ જ વિદ્યાનું અંતિમ ધ્યેય છે. એ સાધ્ય કરવા માટે મેં સ્વીકારેલો માર્ગ જ બરાબર છે.' પોતાને જ સર્વશક્તિમાન માનતા હિરણ્યકશ્યપુને આ કહેવું ક્યાંથી ગમે? તેણે નોકરોને આજ્ઞા કરી કે 'જો કોઈ પણ ઉપાયે પ્રહ્લાદ ઠેકાણે ન આવે તો તેને સખ્તમાં સખ્ત શિક્ષા કરવી.' નોકરોએ પ્રહ્લાદને વિષ્ણુભક્તિમાંથી ચલિત કરવા અનેકરીતે દુઃખ આપ્યું, પણ એ બધાં કષ્ટ પ્રહ્લાદે હસતે મોઢે સહન કર્યાં અને પોતાની વિષ્ણુભક્તિમાં અડગ રહ્યા.

હિરણ્યકશ્યપુને આની જાણ થતાં તેણે શત્રુપક્ષમાં જઇને મળેલા પોતાના પુત્રને દેહાંતદંડ આપવાનું નક્કી કર્યું. પ્રહ્લાદને બોલાવી તેણે કહ્યું. 'પ્રહ્લાદ, જ્યારે તું મારી ઈચ્છા મુજબ વર્તતો નથી ત્યારે હું તને હવે જીવતો રહેવા દેવા માગતો નથી. જે વિષ્ણુનું તું રાત-દિવસ ભજન કર્યા કરે છે તે તને કેવી રીતે બચાવે છે તે મારે જોવું છે.'

પ્રહ્લાદે નમ્રતાથી જવાબ આપ્યો, 'પિતાજી, વિષ્ણુ સર્વત્ર છે. તે મારામાં છે, તેમ આપનામાં પણ છે. જે લોકો તેના ચિંતનમાં મગ્ન રહે છે તેમનું રક્ષણ વિષ્ણુ કરે જ છે.' આ સાંભળતાં જ હિરણ્ય-કશ્યપુએ ક્રોધથી કહ્યું, 'તારો વિષ્ણુ બધે જ છે એમ તું કહે છે તો સામેના થાંભલામાં તે કેમ જણાતો નથી?' પ્રહ્લાદે (અનુ. સામેના પાને)

ટિકિટસંગ્રહ

ઓસરસર વ્યાપી શૉખ કેળવવા વિષની માહિતી આપતો વિભાગ




હંગેરીએ 'કલાકારોના રાહતફાળા' માટે ખાસ કાઢેલી ચાર ટિકિટોના આ સમૂહ પરનાં આલેખનો વિશિષ્ટ છે. ડાબી બાજુએ પત્થર કોરતા શિલ્પીની આકૃતિ છે; વચ્ચે ગથાળો સંગીતનું સૂચન કરતી સંજ્ઞામૂર્તિ છે; જમણી બાજુ હાથમાં પૅલેટ (રંગપાટી) લઇને ચીતરતી સ્ત્રીમૂર્તિ ચિત્રકળાની દ્યોતક છે, અને નીચેનો પાંખાળો ઘોડો-પૅગૅસસ-કલ્પનાનું ઉડ્ડયન કરતી કવિતાનો પ્રતીક છે.

(શ્રી અજિતકુમાર સંઘવીના સંગ્રહમાંથી)

માત્ર ટિકિટસંગ્રહનો જ નહિ, પણ બીજો હરકોઈ શૉખ—સિક્કા, પાંદડાં, પીંછાં વગેરે કોઇ પણ વસ્તુના સંગ્રહનો શૉખ ધરાવનારને માટે એક અતિ ઉપયોગનું સાધન, તે નાની વસ્તુને મોટી કરી બતાવતો મૅગ્નીફાઈંગ ગ્લાસ—બૃહદ્દર્શી કાચ. એના અનેક પ્રકાર મળે છે, ને જેટલાગણું મોટું કરી બતાવવાની તેની શક્તિ હોય તે ઉપર તેની કિંમત હોય છે. ડ્રૉઈંગનો સામાન વેચનારને ત્યાં મળતા સામાન્ય એકવડા કાચમાં લગભગ બમણું ત્રમણું બતાવવાની શક્તિ હોય છે. આ ઉપરાંત બેવડા ત્રેવડા સમૂહ-કાચ પણ આવે છે. નીચે એવા ત્રેવડા કાચનું ચિત્ર આપ્યું છે, જેમાં ત્રણ જુદાજુદા કાચ ખુલ્લા કરી બતાવ્યા છે. તેને સંકેલી લેતાં એકબીજા ઉપર ચડી જઇને જમણી બાજુના ઘરામાં પેસી જઈ શકે છે. ઘણા કાચ ઉપર તો તેનામાં કેટલાગણું કરી બતાવવાની શક્તિ છે તે, ગુણાકારના ચિહ્નને પડખે અંક લખીને દર્શાવ્યું હોય છે. જેમકે ×૮ લખ્યું હોય તો સમજવું કે એ કાચની શક્તિ આઠગણું મોટું કરી દેખાડવાની છે. જે કાચને ટૂંકામાં ટૂંકી ફોકલ લેંગ્થ હોય તે સૌથી વધુ શક્તિવાળો હોય. ફોકલ લેંગ્થ શોધવાની પણ રીત છે. એકાદ ઓરડામાં બારીથી બને તેટલા દૂર જઇને ઊભા રહો, ને પછી બારીનો પ્રકાશ એ કાચ સોંસરો પાછળથી ભીંત ઉપર કે સફેદ કાગળના એકાદ ટુકડા પર, કે છેવટે તમારા બીજા હાથની પાછળના ભાગ પર પડે તે રીતે કાચ ધરી રાખો. કાચને આઘોપાછો ખસેડી જોવાથી બારીનું એક ઊંધું ચિત્ર ત્યાં પડવા માંડશે. એ ચિત્ર સંપૂર્ણ સ્પષ્ટ દેખાય એ વખતે એ કાચથી ચિત્રનું જેટલું અંતર, તેટલી એ કાચની ફોકલ લેંગ્થ. ૦।। થી ૧।। ઈંચની ફોકલ લેંગ્થવાળો કાચ ઠીક ગણાય. સાથેના ચિત્રમાં છે એવા સંયુક્ત કાચમાં દરેક કાચ જુદીજુદી ફોકલ લેંગ્થવાળો આવે છે. જે વખતે જેની જરૂર પડે તે વખતે તે વાપરી શકાય અને કોઈ વાર બહુ મોટું કરવાની જરૂર પડે તો બે કે ત્રણેને એક બીજાની ઉપર ગોઠવીને ધાર્યા જેટલું મોટું કરીને જોઈ શકાય.

આ કાચ કેમ વાપરવો એ પણ ઘણા નથી જાણતા. સાચી રીત કાચને આંખે લગાડીને પછી જોવાની વસ્તુની સ્પષ્ટ તીક્ષ્ણ આકૃતિ દેખાય ત્યાં સુધી તેને નજીક લાવતી જવી. વળી, જોવાની વસ્તુ અંધારામાં કે તમારા પોતાના જ માથાના પડછાયા નીચે ન હોવી જોઇએ; નહિતર સ્પષ્ટ નહિ દેખાય. તેના પર ખૂબ પ્રકાશ પડે તેમ જોવી જોઇએ. ઓરડામાં હો તો તો બારી પાસે જ જવું. કાચને સુંવાળા રૂમાલથી સાફ કરીને જ જોવું, ને તેના પર ઘસરકા પડીને ખરાબ થાય એવી રીતે છુટો કદી ક્યાંય ન રાખવો.

આવો કાચ એ તો તમારી પ્રિય ને મોંઘેરી ચીજ થઈ પડવાનો.



હરકોઇ જ્ઞાનની ધગશવાળો જિજ્ઞાસુ માણસ આવો કાચ રાખવાનો. પશ્ચિમના દેશોમાં તો માબાપ પોતાના બાળકને જન્મદિને કે એવે પ્રસંગે આવો એકાદ સારો કાચ ભેટ આપવાના. એનાથી જાણે જ્ઞાનની એક મોટી દુનિયા આપણી આગળ ખુલ્લી થઇ જાય છે. એમાંથી મોટી દેખાતી ટિકિટોની આકૃતિઓ તમારાં રસ અને જ્ઞાનને અનેકગણાં વધારી મૂકશે. ટિકિટો કેવી મુદ્રણ-પદ્ધતિથી આલેખાઈ તથા છપાઈ છે, ચિત્રોમાં કઈ કઇ બારીક વિગતો છે, શાહી તથા કાગળનો કયો પ્રકાર છે વગેરે દર્શાવવા ઉપરાંત બારીક અક્ષરો ઉકેલવામાં, ચિત્રમાં કોઈ ભૂલ કે ખામી હોય તો તે ક્યાં કેવી છે તે પારખવામાં, ડાઘ શોધવામાં, પરફોરેશનની કાંગરીઓ ગણવામાં, વૉટરમાર્ક જોવામાં વગેરે અનેક કામમાં તે ખપ લાગે છે. આ મહામૂલા સાધન વિના તમારો ટિકિટસંગ્રહનો શૉખ અધૂરો જ ગણાવાનો. બહુ મોંઘો નહિ તો ગજવાને પોસાય એવો, પણ એકાદ કાચ તો વસાવજો જ. (ચાલુ)

× × ×

ઘણાને ખબર નહિ હોય કે દુનિયા આખીમાં 'પહેલવહેલી વિમાની ટપાલ' શરૂ કરવાનું વિશિષ્ટ અને વિરલ માન હિંદને વરેલું છે. ઇ. ૧૯૧૧ના ફેબ્રુઆરીની ૮મી તારીખે અલ્લાહાબાદમાં ભરાએલા પ્રદર્શનના મેદાન પરથી, છ માઇલ દૂર આવેલા નૈની જંકશન સુધી, મંસીઅ પિકે નામે ફ્રેંચ વિમાનીએ તે વેળા જે પ્રથમ ઉડ્ડયન કરેલું તેમાં તે પોતાની સાથે થોડી ટપાલ પણ લઇ ગયો હતો. યૂ. પી. (ઉત્તર પ્રદેશ)ના પોસ્ટમાસ્તર જનરલ સાથે ખાસ વ્યવસ્થા કરીને કૅપ્ટન વિન્ડહામે એ ઉડ્ડયન યોજ્યું હતું. એમાં ગએલી ટપાલ ઉપર 'પહેલી વિમાની ટપાલ : ફેબ્રુઆરી ૮મી ૧૯૧૧' એવા સિક્કા પણ મારેલા હતા. એ છાપવાળાં આજે થોડાંક જ કવર હસ્તીમાં છે, પણ તે ઘણાં જ વિરલ અને મોંઘાં ગણાય છે.

૨૦૦મો અંક

નહોતો મળતો;—કેટલાક તો મોંમાગી કિંમત આપવા તૈયાર થએલા છતાં નહોતો મળતો. તેની આંગળીને વેઢે ગણી શકાય એટલી ગણત્રીની જ નકલો એક સ્થળેથી અમે મેળવી છે આ ખબર વાંચીને તરત લખનારાઓ જ કદાચ એ મેળવવામાં ફાવી શકશે. કિંમત: ૩૦૦મા અંક સાથે રૂા. ૫): પોસ્ટેજ વગેરે ૦-૧૨-૦ જુદું.

આ ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા



આ બાજુ કૉલેજમાં પણ રંગ સારો જામતો હતો. હોસ્ટેલમાં દાદાઓ હતા, તેમ અહીં પણ, જરા જુદી તરેહના દાદાઓ પોતાનો અડ્ડો જમાવી બેઠા હતા. સુક્કો પણ હસમુખો, આ ઓરડામાંથી પેલા ઓરડામાં ઘૂમતો, પ્રોફેસરોને ડરાવતો યુસુફ મહેરઅલી, ટાઈ અને લાલ ફેઝમાં ત્યારથી જ વિદ્યાર્થીઓનો માનીતો હતો. એટલો જ, પણ સ્વભાવે જરા જલદ સોલી (સોરાબ) બાટલીવાળા, શરમાળ પણ ભણવામાં હોશિયાર મીનુ મસાણી, સ્કૉલર ઉપેન્દ્ર દેસાઇ, નાટકચેટકમાં પોતાનો કક્કો ખરો કરાવનાર કાર્લ ખંડાલાવાળા, એમાંનો એકે એક જણ કૉલેજનાં મંડળોના મંત્રી પદે જામ્યો હતો: કોઇ ફિલસૂફીના તો કોઈ ઇકોનૉમિક્સ યૂનિયનમાં. એમાં આપણે હાથે ગુજરાતી મંડળ આવી ગયું હતું, અને આ બધા સેક્રેટરીઓનું પાછું એક યૂનિયન,–એટલે આખી કૉલેજ હાથમાં!

કૉલેજ બાદ, લગભગ રોજ સાંજના, ઉપેન્દ્ર દેસાઇને ત્યાં લૂજિસ રોડ પર ચંડાળ ચોકડી એકઠી થતી. યુસુફ, સોલી અને ક્વચિત મીનુ અને બન્દા. ત્યાં આસમાની સુલતાની ચર્ચાતી, લડવાડો થતી, નવા પેંતરા યોજાતા અને અલક મલકની બાબતો વંચાતી. મારું તો અંગ્રેજી જ કાચું એટલે એમાં હું કંઈ બોલતો તો હમેશ મશ્કરી થતી અને એ લોકો તો અંગ્રેજીમાં ફડાફડ ફટકાવ્યે રાખતા.

ટોળીનો સંપ બહુ સારો. કાર્લ અંગ્રેજી નાટકનો ખાં અને અભિનયનો જાણકાર, સૌને ડારી દેતો. અને આપણું કંઇ અંગ્રેજીમાં પાકતું નહિ, એટલે ગુજરાતીમાં 'આવી જાઓ' કરી બેઠા હતા. દેખીતીરીતેજ સ્પર્ધા થતી, પણ કદી કડવાશનાં બીજ હોતાં વવાયાં. પછી તો બીજાં ચાર પાંચ બારકસો એવાં આવી મળ્યાં કે બાર જણાઓએ એકઠા થઇ 'રાસ્પુટીન ક્લબ' કાઢી. ગઝદર (હવે તો સૉલિસિટર) એનો પહેલો મંત્રી, અને-શૂળીએ ચડાવવા કે શું,–તે પહેલો પ્રમુખ ચન્દ્રવદન મહેતા. બંધારણ કુંધારણ કંઈ નહિ. મહીને એક બે વાર મીટિંગ થાય. તે દિવસે બધાએ કાળાં કપડાં પહેરવાનાં. બાર પૈકી એક જણ દંડા પર મરેલા માણસની ખોપરી લઇને બારણા બહાર ઊભો રહે. કૉલેજના ગમે તે રૂમમાં મીટિંગ ભરાય,–કોઇ કાળો નાગ પણ નાન પાડી શકે. બધા સભ્યો આવી જાય એટલે બહાર ઊભેલો 'ખોપરી-માસ્તર' અંદર આવી બારણું અંદરથી બંધ કરી દે. પ્રમુખની સત્તા એટલે ત્રણ લોકનું રાજ,–પૂરી જોહુકમી. ને સભ્યોની સત્તા એવી કે એમનું ચાલે તો ત્યાં જ પ્રમુખને ઉથલાવી બીજો બેસાડી દે! કશો નિયમ જ નહિ. છતાં વારાફરતી બધા પ્રમુખ થતા, નિયમિત સભા મળતી, ને વચગાળા દરમ્યાન મેમ્બર સાહેબોએ જે કંઈ ઉધમાત કીધા હોય-યા ન કીધા હોય–તેના 'શો કૉઝ' (Show Cause) થતા: કારણ આપો! તારીખ ફલાણીને દિવસે કૉલેજમાંથી નીકળતાં કઈ પોટ્ટી



સાથે ગુસપુસ કરતા પગથિયાં ઊતરતા હતા? શો કૉઝ! તરત જવાબ. એટલે પ્રમુખ બધાને પૂછે, જવાબ બરાબર છે? 'હા?' તો માફ. નથી? તો પ્રમુખનો ફેંસલો: દંડ! તે પણ ત્યાં જ ભરી દો.

'પરમ દિવસે અમુક પ્રોફેસરના ક્લાસમાં તોફાન કરવામાં શામેલ કેમ નહિ થયા? શો કૉઝ!'

'આ આખા પંદર દિવસ દરમ્યાનમાં તોફાનનું કોઇ પણ આળ તમારા પર કેમ નથી આવ્યું? શો કૉઝ!'

'ગઈ કાલે તમે જતા હતા ત્યારે રસ્તે તમે પસાર થયા ત્યાં એક દેખાવડી પોટ્ટી ઊભી હતી, છતાં તમે એને લિફ્ટ ઑફર કેમ ન કરી, અને સીધા એકલા ટૅક્સીમાં કેમ ચાલ્યા ગયા? શો કૉઝ!'

પ્રમુખ ગમે તે સવાલ પૂછે અને તરત સાચાજૂઠા જવાબ આપવાના. જૂઠા આપો તો વાંધો નહિ, પણ મેમ્બરોમાંથી કોઈ પણ ક્રૉસ કરે અને વધારે છબરડો થયો તો દંડ ભારે! એ બધા દંડમાંથી પછી ત્યાં ને ત્યાં જ બટાટાની કાતરી અને કેકની જ્યાફત થતી. વધારો રહેતો તો સેક્રેટરી સિલિકમાં રાખતો.

એક પ્રોફેસરના પેટમાં તેલ રેડાયું. આ 'રાસ્પુટીન ક્લબ' છે શું? કોઈ અઠંગ કાવત્રાંબાજોની ટોળકી તો નથી! અને પ્રોફેસરોના મનમાં જો વહેમ પેઠો તો મૂઆ છૂટ્યા. એક તો કૉલેજ, અને એમાં ભણનારો ગમે તે રૂમમાં બંધ બારણે મીટિંગો ભરે?! ખમાય જ કેમ?

એ ચાડીબાજ લેક્ચરરનું નામ નહિ દઉં, પણ એણે પ્રિન્સિપાલના કાનમાં ગોખરુ ઘસ્યું. ઉપરાંત પોતે ઊભી કરેલી એ ખજવાળ ઉપર મીઠું મરચું પણ ભભરાવ્યું. આ સદીની પહેલી વીશી પૂરી થવા-આવેલી, બિસાન્ટની હોમરૂલ લીગે હોહા કરેલી, કર્મવીર મોહનદાસ આફ્રિકાથી અહીં આવી ગયેલા, ખેડાનું નામ સરકારી દફતરે ચમકવા માંડેલું, મહેરઅલી નરીમાનને મળતો, સોલી ઝીણાને બોલાવતો, ચન્દ્રવદન નાયડુને નોતરતો,—હિન્દુસ્તાનનું સત્યાનાશ થઈ જશે! નક્કી કંઇ દાળમાં કાળું છે. બાર જણા કાળાં કપડાં પહેરીને અને લાકડી ઉપર ખોપરી ભેરવીને સભા ભરે! જરૂર બધા ઊંધી ખોપરીના એકઠા થયા છે. કૉલેજને બટ્ટો લગાડશે, સરકારમાં ઉથલપાથલ કરાવશે. એના મનમાં કે કંઇક ઝારશાહીનો સામનો કરવા અહીં કાવત્રું રચાતું હશે, કોઇ ક્રૉપૉટકિન કે ફિનિશકોનું એકઠા થતા હશે; ને...

ચાલુ સભાએ એક દિવસ પ્રિન્સિપલ કોવન્ટ્રેને છાપો માર્યો! અમારી સભા તો હજી અંદર ચાલુ થવાની તૈયારીમાં હતી, એટલામાં બહાર રકઝક સંભળાઈ. દંડી ખોપરીનો ગઝદર બહાર હાથમાં ખોપરીનું નિશાન લઈ ઉભેલો તે, કોવન્ટ્રેન તો શું પણ બ્રિટિશ સામ્રાજ્યનો શાહનશાહ આવે તો યે દાખલ થવા દે એમ નહોતો!

તેમજ 'શૂર સંગ્રામ કો દેખ ભાગે નહિ' એવો એ ત્યાંથી ગભરાઇને અંદર કહેવા આવે એમ પણ નહોતું. વાત વધી અને કૉવન્ટનં બારણાં ખખડાવ્યાં, એટલે અમારો મહેરઅલી બહાર પડચો.

'રૂમનું પઝેશન કોની રજાથી લીધું છે?'

રોકડો જવાબ :, 'કોઈની નહિ; અને લેશું બી નહિ. રૂમ અમારો છે'.

બસ, વાત વધી પડી. એક પછી એક રાસ્પુટીનિયનો કિલ્લા બહાર જમા થવા માંડયા. વાટાઘાટોમાં, મને યાદ છે ત્યાં સુધી, પિટિટ કે નરીમાનને એકાએક ભેજામાં ફેફરૂં આવ્યું કે શું કે તે કંઈ 'કલુકં ફ્લક્સ, શીમ ફીમ પોમ' એવું કંઈ ન સમજાય એવું—જાણે કોઇ રાસ્પુટીનિયનોની સાંકેતિક ભાષા હોય એમ બોલ્યો, અને ઉમેર્યું 'મીટિંગ ડિસ્પર્સ.'

અને તે દિવસે ભટ્ટાની બટાટા-કાતરી વિના બધા છૂટા પડચા.

આ એ જ કૉવન્ટેન, અમારો હૅાસ્ટેલનો જૂનો ચૅમ્પીઅન. બુઠ્ઠો, ચિંગુસ, એટલો જ ચિક્કટ, એટલો જ ઠંડો–ઠાવકો, એટલો જ ન્યાયી, પૂરો પંતુજી, પણ દમ-બ-દમ બ્રિટિશ—અંગ્રેજ બચ્ચો. આ બાર બારકસો સાથે ખડાખાસ્તું કરવું ઠીક પણ નહિ. ગમે તેમ, પણ એણે બેત્રણ દિવસ જાણે કશું બન્યું જ નથી એમ વર્તી એકાએક યુસુફને બોલાવ્યો. પંદર મિનિટમાં અંગ્રેજ બચ્ચો બરાબર સમજી ગયો અને એણે યુસુફની પીઠ થાબડી. ત્યારે અમારા મહેરઅલી વળી ઉદારદિલી બતાવીને એક પરમિટ-હાથે લખીને–આપી આવ્યા, જે ચિઠ્ઠી દરવાજા પર બતાવતાં કૉવન્ટનને ગમે તે એક સભામાં હાજરી આપવાનો હક્ક હતો. બેત્રણ સભાઓ બાદ એક દિવસ કૉવન્ટેન સાહેબ ચિઠ્ઠી બતાવી દાખલ થયા. સભાનું કામકાજ તો ચાલુ જ રહ્યું: 'શો કૉઝ' પર 'શો કૉઝ !' કારણ બતાવો! એમાં યુસુફ મહેરઅલી ચિઠ્ઠી આપી આવ્યા તે માટે પણ સવાલ થયો! એણે બચાવ રજૂ કર્યો કે વચ્ચે બેત્રણ સભાઓ થઇ ગઇ છે, એટલે આ સવાલ કાનૂન બહાર ગણાવો જોઈએ. પણ રાસ્પુટીન કલબમાં જ્યાં કોઈ કાનૂન જ નહિ હતા ત્યાં કાનૂન બહાર કેવું ને વાત શી ? 'શો કૉઝ! શો કૉઝ! શો કૉઝ!' બધાએ કોરસ કીધો, અને મિયાં મહેરઅલી સાબૂતના ઠંડાયા! આખરે સભા પૂરી થઇ.

માનશો ? આખી રાસ્પુટીન ક્લબને કૉવન્ટેને ચા પીવાનું નિમંત્રણ આપ્યું ને ખુશખુશ થઈ ગયો. પેલા ચાડી માસ્તરનું તો મોં જ એવું ભ્હીલું પડી ગયું! કૉવન્ટનને બદલે બીજો કોઇ હોત તો આ નજીવી વાતનું વતેસર થાત, કડવાશ વધત, ને સરવાળે કોઇને કશો ફાયદો ન થાત.

પરિણામે કૉલેજ છાડયા પછી પણ ઘણાં વર્ષો સુધી 'રાસ્પુટીન ક્લબ' મળતી. પછી તો વરસમાં એકવાર, અને આખરે તે આપો-આપ વિખરાઇ પણ ગઈ. એના હિસાબ, ચોપડા જે કંઇ હોય તો તે હજી કદાચ હાલમાં તાતા ટ્રસ્ટમાં કામ કરનાર ગઝદરની પાસે હોય. પણ ભૂલેચૂકે જો કોઇએ માગ્યા, તો કોણ જાણે એ સોલિસિટર કોને કઈ કોરટમાં ઘસડે એ કોઈ કહી શકે નહિ!

રાસ્પુટીન ક્લબના સભ્યો સૌસૌની દિશામાં પાછી બીજી પ્રવૃત્તિઓ ચાલુ રાખતા : કૉલેજમાં ખાસ્સી નામાંતિક વ્યક્તિઓને ભાષણ માટે નોતરવામાં આવતી, અને એમાં અમારો યુસુફ મહેરઅલી પૂરો પાવરધો હતો. જિન્નાહને કે જયકરને, જમનાદાસને કે જિનરાજદાસને, નેહુને કે નરસોપંતને, કેમ લપટાવી લાવવા એ કિસબ એ બરોબર જાણતો, અને ભાષણો ગોઠવાવતો. આ બાજુ કૉવન્ટનને પણ શીશામાં ઉતારતો. ગુજરાતી મંડળની કારકિર્દી પણ ગાંજી જાય એમ નહોતી. આનંદશંકર ધ્રુવે મંગલ ભાષણ કરેલું, તે તો ઐતિહાસિક છે; 'સાહિત્યમાં રસાસ્વાદ યા જીવનનો ઉલ્લાસ.' ઉપરાંત, પ્રો. બલવંતરાય ઠાકોર કલાપીની 'હૃદયત્રિપુટી' પર તેમજ કાન્તના 'વસંતવિજય' પર બોલેલા. કાંદાવાડીના, ત્રીજે મજલેથી જ્યારે નૃસિંહ વિભાકરને 'આપણી રંગભૂમિ' ઉપર ભાષણ કરવા હું લઇ ગયો હતો, ત્યારે આમ જાણે જિંદગીમાં લ્હેરિયાં આવતાં હતાં.

વિભાકરને એક જ વાર સુરતમાં ૧૯૧૮માં સાંભળેલા. મનસુખલાલ માસ્તર, ચન્દ્રશંકર પંડયા, જમનાદાસ દ્વારકાદાસ, હરસિદ્ધભાઈ દિવેટિયા, નૃસિંહ વિભાકર ને હૅાર્નીમૅનની ટોળી હોમરૂલ લીગનો ઝંડો ફરકાવવા ગુજરાતમાં બહાર પડી હતી, ત્યારે વિભાકરે અનોખી શૈલીમાં ભાષણ કર્યું હતું એ હજી યાદ છે. નાના કદનો માણસ, પણ જબાનમાં ઉર્દુની ઝમક, એટલે ગુજરાતી જરા જોશીલું લાગતું. ચન્દ્રશંકર સંસ્કૃતની મેળવણી કરે અને વિભાકર ફારસી-ઉર્દુ મસાલો ભરે. એ બંને પ્રકારની ગુજરાતી ત્યારે વહાલી લાગતી.

આ તો સાહિત્યનાં ભાષણોની વાત થઈ; પણ ભાષણ કરવાની કળામાં નિષ્ણાતોમાંના મોટા ભાગના તો રાજકીય ક્ષેત્રમાં જ ઝઝૂમતા. સરોજિની નાયડુની શૈલી પણ જગજાહેર થઈ ચૂકી હતી. ૧૯૧૮માં ગોધરામાં પહેલી રાજકીય પરિષદ મળી ત્યાં તિલક મહારાજ, જિન્હા, વિઠ્ઠલભાઈ તથા ફેંટા-અંગરખામાં ગાંધીજીને સાંભળ્યા. સાહિત્ય ઉપરાંત રાજકારણમાં સુરેન્દ્રનાથની શૈલીને અનુસરતા ચન્દ્રશકરને પણ સાંભળ્યા. પણ સુરેન્દ્રનાથની વાક્ધારા કે બુલંદપણું નહિ. દેશબંધુ દાસ, સેનગુપ્તા ને પાલ-લાલને પણ સાંભળ્યા, પણ બૅનરજી આગળ બધા લુખ્ખા. પાલની બંગાળી શૈલી બુલંદી ખરી. લાલા લજપતરાયને એક જ વાર સાંભળ્યા, અને તે પણ એવે પ્રસંગે કે કોઇ ભૂલી જ ન શકે. એ વિશે જરા આગળ ઉપર. પણ મહાત્માજી જેને માટે લખી ગયા છે કે 'એ જ્યારે હિન્દીમાં બોલે ત્યારે આકાશમાંથી ગંગાજી શિવજીની જટામાં વીંટળાવા પડતાં હોય તો તે પણ પડતાં થંભી જાય એવી બાની', તે તો પંડિત માલવીયજીની.

મહાત્માજીએ એ કવિત્વપૂર્ણ કથન કર્યું છે. મેં તો પંડિતજીને હિન્દીમાં યે સાંભળ્યા હતા, અને અંગ્રેજીમાં પણ સાંભળેલા. મને તો એમનું અંગ્રેજી ભાષણ પણ દિઙ્મૂઢ કરી દે એવું લાગ્યું

એક્સેલ્સિયર થીએટર ચિકાર ભરાયું હતું. ત્યારે વળી આજના જેવાં ઘોંઘાટિયાં કૃત્રિમ લાઉડસ્પીકરો કેવાં! સર ચીમનલાલ સેતલવડ પ્રમુખસ્થાને હતા અને માલવીયજી પંજાબથી મુંબાઈ આવ્યા હતા. પંજાબમાં તાજેતરમાં જ ડાયરે જલિયાંવાલાની કતલ કરી હતી. ને પંડિતજીએ બે કલાક સુધી, ખુદ સરસ્વતી પણ સ્તબ્ધ થઈ જાય એવી શુદ્ધ, સચોટ, તેજીલી, છટાદાર અંગ્રેજીમાં ત્યાંનો જે ચિતાર આપ્યો તેણે સાંભળનારાઓને એ દિવસે તો કશી શુદ્ધબુદ્ધ રહેવા દીધી નહોતી. તાળીઓ પાડવાની શુદ્ધિ તો શાની જ હોય? ફક્ત ચોધાર આંસુએ શ્રોતાવર્ગ અંજલિ આપી રહ્યો હતો! અદ્ભુત એ વાક્છટા, વિશુદ્ધ એ શૈલી. ગંગાજી તો ઊભાં રહે, પણ પ્રોમાથિયસ આગ લઈને જતો હોય તો તે યા વડવાનલ પણ ઠરીને હિમ થઇ જાય.

માલવીયજી સુરેન્દ્રનાથ જેવા આરોહ અવરોહ ન કરતા, યા સાગરનાં મોજાં નહોતા અફાળતા. ધીમે ધીમે ભુરકી નાખી સાંભળનારાઓને શબ્દચૂડમાં જડી લેતા. તોફાન વગરની એ શાંત પણ વેધક અને છતાં મનોરમ શૈલી હતી,–શબ્દોની અનાયાસ ઉદ્ભવ પામેલી સુંદર શિલ્પાકૃતિઓ હતી.

આ ઉપરાંત 'રાસ્પુટીન ક્લબ'ના સભ્યો સર કાવસજી હૅાલમાં બે વાર જઇ ગોઠવાઇ ગયા હતા; એકવાર પુસીફુટ જૉન્સનના

ભાષણમાં, ને બીજી વાર સકલાતવાળાના ભાષણમાં. પુસીફુટ જૉન્સન અમેરિકાથી અહીં પ્રોહિબિશન-દારૂબંધી-ઉપર ભાષણ કરવા મુસાફરીએ નીકળ્યો હતો. એમના ગળાના ગટરલ ઉચ્ચારોને કારણે આપણે બહુ સમજ્યા નહોતા, પણ શૈલી જબરી. વાંકોચૂંકો થઇને બોલે, ને અવાજ ખાસ્સો ઉપરની ગૅલેરી સુધી પહોંચે.

અને નવસારીના સકલાતવાળા, વિલાયતમાં જઈ, ત્યાંની પાર્લામેન્ટમાં સભ્ય બની નામ કાઢનાર, તે માદરે વતન ફરવા આવ્યા ત્યારે જે બે ત્રણ ભાષણો કર્યાં, તે સાંભળતાં એમ લાગ્યું હતું ખરું કે સુરેન્દ્રનાથને એ આંટી જાય. ભાષણ કરતાં અભિનય વધારે, અને દિવસની વીસપચ્ચીસ સભાઓમાં લલકારે. સિદ્ધ જીભ: પાકો પારંગત ભાષણકાર: જેવો મુદ્દો તેવો જ ભાષાનો ઝોક, તેવાં જ નાનાંમોટાં પ્રમાણસર વાક્યો, તેવા જ હાથના લહેકા ને મોંના ચાળા; મશીનગનમાંથી વછૂટતી ગોળી જેમ વિશેષણોની ઝડી; અવાજની બુલંદી; સ્ટેજનો આ નાકાથી તે નાકા સુધીનો પૂરો ઉપયોગ; કદીક તીખા કટાક્ષે તો કદીક બૂરા ક્રોધે, કદીક માર્મિક હાસ્યે તો કદીક ભયાનક ખડખડાટે શ્રોતાવૃન્દને ચકિત કરી ભરમાવી શબ્દજાળમાં બાંધી જ રાખે, છક કરી દે, એની શબ્દમોરલી પર નાચતું કરી દે.



બસ, એ શૈલી ગઈ: ખરી યા ખોટી, પણ એ પ્રકારના હવે જાણ્યામાં નથી. મહેરઅલી, સોલી ને બન્દા એ લઢણ હાથ કરવા ઘણી વાર દરિયાકિનારે જઇને આવે તે વિષય પર ભચડતા ને બરાડા પાડતા, પણ એ કીમિયો કંઈ એમ હાથ આવે?

ભણતરનાં વરસોમાં આ બધા અનુભવો ખરેખર યુનિવર્સિટીના રૈઢિયાળ અભ્યાસક્રમો કરતાં અતિ મહત્ત્વના હતા.

ઇલોક્યુશન (વક્તૃત્વ) વિના નાટક સંભવે જ નહિ. ને એલ્ફિન્સ્ટન કૉલેજમાં વર્ષોથી બે હરીફાઈ ચાલતી આવતી હતી: એક ઇલોક્યુશનની અને બીજી ડ્રામૅટિક કોમ્પીટીશની. આજે યે ઘણી નિશાળોમાં કે મંડળોમાં વક્તૃત્વકળાની હરીફાઇ થાય છે, છોકરાઓ ભાષણો આપતા જણ્યા છે, પ્રમાણ્યા છે; પણ એ 'ઈલોક્યુશન' નહિ. નિશાળોમાં ઇલોક્યુશનની બરાબર તાલીમ અપાતી હોત-તો ગુજરાતી રંગભૂમિની કાયા પલટાઈ જાત.

એમ તો ચોથા ધોરણમાં નરસિંહરાવની 'ચન્દા' અને 'આશા પંખીડું' સડસડાટ બોલી જતા હતા, અને પાંચમામાં

'મુજ વૃત્તમાં નથી કો નવાઈ સિવાય પણ હું શું કહું.'

'પૂછયું તથાપિ તમે જ તો હું નકાર પણ શી રીતે ભણું?'

એમ હરિગીતમાં ગોવર્ધનરામને પણ લલકારતા, છઠ્ઠા ધોરણમાં 'વિદ્ધ મૃગ' ગોખેલો અને સાતમામાં 'ઇન્દ્રજિતવધ' કાવ્ય. પણ કોઇએ ઈલોક્યુકશન (બોલવાની છટા) સમજાવેલું નહિ. યાદશક્તિ કેળવાએલી, પણ બોલવા માટેની 'થાયરૉઈડ ગ્લૅન્ડ' કે 'વોકલ કૉર્ડઝ' નહિ! સ્પષ્ટોચ્ચાર, દંતસ્થાની અને ઓઠસ્થાની શબ્દોનો યથાર્થ પ્રયોગ, ગળાની પૂરેપૂરી સાફસૂફી, વાગ્માધુર્યની કેળવણી, એકધારી સુરાવટમાં બોલવાની તાલીમ, જરૂર પડયે અર્થસૂચક ને દ્યોતક તથા સાંભળનારની વૃત્તિને ઉત્તેજક એવા મુલાયમ આરોહઅવરોહનાં નામનિશાન નહિ: માત્ર ગોખેલું બરાડા પાડીને બોલતા એટલું જ.

કૉલેજમાં કંઇ એના ખાસ વર્ગો નહોતા. પણ આ હરીફાઇમાં ભાગ લેવા સમજદાર પાકા ઉસ્તાદો બહાર પડતા, અને પરીક્ષકો પણ કિસબને જાણનારા નીમાતા, એમાંથી જાણવાનું મળ્યું.

આપણે તો સુરતમાં નગીનચંદ હૉલ ગજાવેલો ને મનમાં ભારી ગૅટ, એટલે એ ચન્દ્રક તો સહજે લઇશું એમ ધારી, પહેલાં 'હેસ્ટિંગ્સનું ઇમ્પીચમેન્ટ' ગોખ્યું. પછી, તે તો બીજાએ લીધું છે એમ જાણતાં આઇરિશ પેટ્રીઅટ એમેટની ફાંસીએ જતાં કરેલી સ્પીચ ગોખી નાખી.

હરીફાઇને દિવસે તો જે વીસપચ્ચીસ મહારથીઓ બહાર પડતા ગયા, તે સાંભળી દંગ જ થઈ ગયા. કોઇએ દાદાભાઈની સ્પીચ તો કોઇએ હેસ્ટિંગ્સનું ઈમ્પીચમેન્ટ, તો એક ઉસ્તાદે વળી 'ગાંડા થવાના રાહ પર'—'ઑન ધ વે ટુ મૅડનેસ' લલકાર્યું. આપણો વચ્ચે ચિઠ્ઠી ખેંચાતાં દસમો-બારમો નંબર આવેલો તે પ્રમાણે બોલ્યા. પણ કંઈ ક્લાસ જ નહિ! ગિલ્લી ઊડી તો ઊડી, પણ ડેકડીને પાત્ર ઠર્યા તે જુદા. એ પહેલી હરીફાઇમાં જ ઈલોક્યુશન શું તેનું ભાન થયું. ત્યાં જ ખબર પડી કે હજી તો આપણે કૂવાના દેડકા છીએ. પહેલે જ સપાટે સોરાબજી બાટલીવાળા એક નાનકડી અંગ્રેજી કવિતા બોલીને પહેલું ઇનામ લઇ ગયા. પેલા ધરખમ ઈમ્પીચમેન્ટવાળાઓ અને એવા પ્લૅટફૉર્મ ગજાવનારાઓ તો ભોંઠા જ પડી ગયા.

એક નાની કવિતા: સાદી સરળ ને સુંદર 'બ્રિજ ઑવ સાઇઝ'. સોલી ધીમેધીમે એક પછી એક કડી આસાનીથી બોલે. અવાજ માપસર, મિજાન બરાબર, ભાર-વજન પ્રમાણસર, અને સ્પષ્ટ શાસ્ત્રીય ઉચ્ચાર. બે ત્રણ સ્ટૅન્ઝા બોલાયા કે તો દરેક લીટી સાંભળનારાના હૃદયમાં સોંસરી ઊતરવા માંડી. ક્યાંય કશી ગરબડ નહિ. શાંતિ—તદ્દન ચુપકીદીમાં એણે કાવ્ય પૂરું કર્યું, અને બેસવા જતાં તો તાળીઓની વધામણી. એ તાળીઓમાં જ પ્રેક્ષકોએ પોતાનો ચુકાદો જાહેર કરી દીધો હતો. મને તો કોઇએ 'બેટર લક નેક્સ્ટ ટાઈમ' પણ ન કહ્યું. શું ધૂળ કહે?!

એક ભાઇએ પેલી નાની કવિતા 'હેસ્પરસ, ઇટ વૉઝ ધ સ્કૂનર, હેસ્પરસ', એવી તો સલુકાઇથી—જાણે સાદી વાત કહી જતો હોય એમ—કહી ને બીજું ઈનામ લઈ ગયો. એમાં હોડી, એનો કપ્તાન, એની નાની દીકરી, તોફાની રાત અને હોનારત,—બધું શબ્દોચ્ચારથી એવું તો ખડું કરી દીધું, કે આપણે વાહ વાહ કહેવી જ પડે.

આપણે તો બધું જ વધારેપડતું કરીએ,-કરી જ નાખીએ. સંયમ. નિયમન તો પાળવાના જ નહિ. ઓવર ઍક્ટ, ઓવર ઍક્ટ, ઓવર ઍક્ટ! એક બેહૂદો દાખલો આપું. ઘણીવાર રેકોર્ડમાં કે રેડિયો પર ગરબો સાંભળો અને એમાં 'ચાંદની રાતના કોયલડી ટહુકે' એવી જો ભોગજોગે લીટી આવી, તો તરત ત્યાં પેલા મોઢામાં પાણી ભરેલા સીસવા પીસવા વગાડી ટુહુ ટુહુના અવાજ કાઢવાના જ! સાઉન્ડ ઇફેક્ટ્સ!! શું, કપાળ? એ જ મત પ્રમાણે ઇલોક્યુશનમાં કવિતા બોલતાં આપણે ચેનચાળા યા બરાડા પાડવાના. અંગ્રેજી પહેલા ધોરણમાં હતો ત્યારે એક મેળાવડામાં મામાજીએ એક કવિતાપઠન ગોખાવેલું:

'ડ્રાઈવ ધ નેઈલ ઍરાઈટ બૉયઝ,
હિટ ઇટ ઑન ધ હેડ.'

કે એવું,-તે ઊભો થઇને શરૂ કરતાં જ પહેલી લીટી વખતે જાણે હાથમાં ખીલો પકડી ભીંતમાં હથોડો લઇને ઠોકતા હોઈએ એમ શબ્દે શબ્દે અભિનય ઠોકેલો! એનાં તો કેટલાં રીહર્સલો! અને છેલ્લી

લીટીમાં 'કિક' એટલે કે લાત મારવાની ક્રિયા આવતી હતી. તે મેળાવડામાં બંદા એવા તો ખીલી ગયા કે જે જોરથી પગ ઉછાળ્યો કની, તે મિયાં પડતાં પડતાં રહી ગયા! શું કરે? અરધો ડઝનેક જણાએ કહ્યું હશે કે બરાબર 'ઍકશન' કરવું; તે ઍકશન થઈ ગયું! કેવો ફજેતુ લાગ્યો હોઈશ. એનો હું વિચાર કરું છું ત્યારે શરમ આવે છે.

એ હેસ્પરસ: શિયાળુ રાત, આકાશમાંનો ચાંદ, ચડી આવતું તોફાન,—બધાંનું કશા યે અભિનય વિના, શાંતિથી, સહેજ કરુણ સ્વરે, પણ ખૂબ જ સંયમથી એવી તો સચોટ રીતે એણે કાવ્યપઠન કર્યું કે ઈનામ એને મળવું જ જોઇએ એમ સૌને લાગે.

બીજે વર્ષે પણ આપણે 'ગીઝ' ગયા. આ વખતે કાર્લ ખંડાલાવાળા ચાંદ લઈ ગયો. અલબત્ત, રાસ્પુટીન ક્લબમાં એની રેવડી કરીને જયાફત ઊડેલી, પણ એ કંઈ એવી જ સુંદર કવિતા બોલી ગયો હતો. યુસુફમિયાં એમાં ઊતરેલા નહિ. પણ ત્રીજી સાલ એક નવો તુક્કો અજમાવ્યો અને થયું કે આ વખત જો કાટલાં ખાતે નીકળી ગયા તો આ લોલુપતા પડતી મૂકવી.

તકદીર પણ ક્વચિત કેવું તીર મારે છે તે જુઓ હવે! પચ્ચીસ-ત્રીસ બોલનારા. એમાં ક્રમ માટે ચિઠ્ઠી ખેંચાય. બે વાગ્યે હરીફાઇ શરૂ થાય અને છેક સાડા પાંચ-છ સુધી ચાલે. ત્યારે સાંભળનારા તદ્દન કંટાળી ગએલા હોય,—પરીક્ષકો સુદ્ધાં. થોડા તો ચાલ્યા પણ જાય. કોઇને ટેનિસની લત હોય તો કોઇને બીજી લપ હોય. પરિણામ જાણવા વળી ઠેઠ સુધી કેટલાક બેસી રહે? એ વખતે આવી પહોંચાય.

ચિઠ્ઠી ખેંચાતાં ખેંચાતાં આપણો નંબર સૌથી છેલ્લો આવ્યો. વચ્ચે કંઈક બહાદુરો ઝળકી ગયા: શેરીડન અને બર્ક, ગૅરીબાલ્ડી અને મૅઝીની સજીવન કરી ગયા. કવિતા બોલનારા પણ કિસબ અજમાવી ગયા. બે કલાક, અઢી કલાક, અને છેવટે તો બધા જ તદ્દન કંટાળી ગયા હતા, કારણ અકસ્માત જ આખરના ભાગમાં બધાં ભારેખમ ભાષણો જ ચાલ્યા કરતાં હતાં.

સાંજના છનો શુમાર, અને ફરી હૉલ ચિકાર થઈ ગયો: મારે ખાતર નહિ, પણ હવે એકાદ બે વિકેટ રહી એટલે પરિણામ જાહેર થશે, એ જાણવાં બધા એકઠા થઈ ગયા હતા.

આપણું નામ બોલાયું અને છોકરાઓએ જોરથી તાળીઓ પાડી. કંઈ વધામણીની નહિ, પણ હવે તમે 'ખોરાક' નહિ બનતાં, વહેલા બેસી જાઓ અને વખત ના બગાડો, એમ સૂચવતી એ તાળીઓ હતી. અને ખરેખર પળભર મને માંડી વાળવાનું મન થયું; પણ આપણે તો 'યા હોમ કરીને આગળ બઢી' તખ્તા પર જઇ ઊભા રહ્યા. છતાં પણ છોકરાઓ શાંત ન થયા.

પરીક્ષકોમાં હૅમિલ હતો. તેણે ઊભા થઇ જરા ડોળો કકડાવ્યો ત્યારે છોકરાઓનો ઊભરો શમ્યો. ને આપણે આપણી સ્પીચ ફટકારી:

"નૂતન! નૂતન! એક અદ્ભુત, નવા જમાનાની શોધ! નવી જ દવા! ગમે તે રોગ પર વાપરો, તો તે રોગ મટી જાય!" અંગ્રેજીમાં, જરા આડંબરી શૈલીમાં બરાડ પાડી, અને ગજવામાંથી નાની ડબ્બી કાઢી બતાવી!

'જેને ટાલ હોય તેને, દાંત નહિ હોય તેને...' અને એમ જે હાથ આવ્યા તે બધાને ધડાધડ એના ઉપયોગ માટે ભલામણ કરી. તરત જ, ગજવામાંથી જન્માક્ષરની માફક વાળી રાખી મૂકેલો તે સર્ટિફિકેટોનો વીંટો ખેંચી એક છેડો હાથમાં રાખી આખો વીંટો હવામાં ઉડાડયો, અને ઑડીઅન્સ તો ખુશખુશ થઇ ગયું! અને જેમ જેમ પેલાં અતિશયોક્તિભરેલાં ખોટાં સર્ટિફિકેટમાંનું એકેક વાંચું, અને સેવક બનાવનારની હોશિયારીનાં નમી નમી વખાણ કરું, તેમ



તેમ સાંભળનારાના શૂરનો પાર ન રહે. તાળી પર તાળી!

એક તો બધા જ થાકેલા. કંટાળેલા, એમાં આખરે આ બંગ જોઈ છોકરાઓ તો ખુશખુશાલ થઈ ગયા! આવા નૂતની કોઇએ આશા રાખેલી નહિ, અને ગ્લૅડ્સ્ટન વિલ્સનને બદલે આવો મસાલો નીકળ્યો, એટલે બધા જ હરખાઇ ગયા. કેમે કરી તાળીઓ બંધ પડે જ નહિ. પૂરું કરી, પેલાં સર્ટિફિકેટનું ટીપણું વીંટતો હું નીચે ઊતર્યો, ત્યાં તો બેત્રણ જણ બાઝી પડયા, અને ટીપણું પણ વીંટવા મંડી પડયા. એ આખરની ધમાલમાં ને એની અસરમાં કે કોણ જાણે પરીક્ષકોએ પેલો ચન્દ્રક મિ. સી. સી. મહેતાને અપાએલો જાહેર કર્યો! પછી તો બસ આખા હૉલમાં ખુશાલી ખુશાલીના પોકારો થઈ રહ્યા. અને મારી છાતીમાં તો હું સમાઉં જ શેનો?!

પણ 'રાસ્પુટીન ક્લબે' માથાના વાળ ઉતારી નાખ્યા. દગો! કાર્લે તો બોર્ડ પર કૉમનરૂમમાં પણ સવાલ ઉઠાવ્યો, કે સી. સી. મહેતાનું પ્રવચન ગેરકાયદેસર છે. એક તો સ્ટૅન્ડર્ડ સ્પીચ નહિ; બીજું, કોઈ વસ્તુનો ઉપયોગ ન કરવો જોઇએ છતાં પોતે ડાબલી અને વીંટો લઈ આવ્યો. એની અગાઉથી જાહેરાત તો કરવી જ જોઇતી હતી. એમ ફેંકાફેંકી કરી ઈનામ લઈ જાય તો હરીફાઈનું ગૌરવ શું?


ઉચ્ચારનાં તો ઠેકાણાં જ નહોતાં; વાક્યો પણ કેટલાંક તો ત્યાં જ ગોઠવી મારેલાં; ટાલ વાળા હૅમિલને જોઇને એની ટાલ માટે દવા બતાવી; એ બધું અઠીક હતું. પણ હવે શું થાય? હૅમિલે તો બચાવ કર્યો કે જે કર્યું તે વાસ્તવિક હતું. એવી બનાવટી દવાના જાહેરખબરિયા આવું જ ફેંકે, અને આ જ લટણ-લેબાસથી છેતરી જાય, એટલે થયું તે યોગ્ય જ થયું. પણ 'રાસ્પુટીન ક્લબે' ઉધડો લીધો, અને એમની કપરી પણ મીઠી સતામણીમાંથી માંડમાંડ છૂટયો.

આમ, ઇલોકયુશનનો ચંદ્રક લીધો. કાર્લ ખંડાલાવાળાનો વિરોધ બરાબર હતો. તકદીર, સંજોગ, આખરનું પ્રવચન, અને છોકરાઓના ઉશ્કેરાટથી જજિઝ દોરવાઈ ગયા. પણ બધા જ ન્યાયાધીશોના બધા જ ચુકાદા કયારે હમેશાં સાચા હોય છે?! (ચાલુ)

કવિતા અને ગાલિપ્રદાન

[નિબંધિકા]

લેખક
બકુલ ત્રિપાઠી



'શું છે?'

'છે શું, તું જ કહેને?'

'શું હોય? એક વાર ફરીથી બોલી તો જોઉં * * * (ગાળ).'

'બોલોશ તો શું કરી નાખીશ?'

'શું કરી નાખીશ? શું કરી નાખીશ. તે * * * (ગાળ).'

ચાર માણસ ભેગાં થયાં.

'ભાઈ, કેમ લડો છો? શું થયું?'

'આ સાલો * * * * * ગાળ બોલે છે.' થોડીક ગાળોના મસાલા સાથે બેમાંથી એક બોલ્યો

'અહીં કયો * * * * * ગાળ બોલ્યો છે?' વધુ તીખા મસાલા સાથે બીજાએ જવાબ આપ્યો.

'બધે ગાળ બોલજે પણ અમારા લત્તામાં નહિ * * * (ગાળ); નહિ તો * * *' (વળી પાછાં સ્વરિતવચન)!

જવાબમાં સંભળાયું: 'નહિ તો શું કરી નાખાશ એ તો કહે * * * (સ્વરિત) * * * (સ્વરિત) * * * (સ્વરિત).'

'કોઈ ગાળ નથી બોલતું, ઘેર જાઓને છાનામાના,' કહેતા ત્રીજા ભાઇ વચ્ચે પડયા ને થોડી વારમાં તો એ ય પૂરા રંગમાં આવી ગયા.

અને એમને સમજાવવા કૂદી પડેલા બીજા ત્રણ જણ પણ એ જ રાગમાં આલાપવા માંડયા * * * (સ્વસ્તિ) * * * (સ્વસ્તિ).

જલસો ચગ્યો. થોડી વારમાં તો એ પાંચસાત જણને તાલ દેતું ખાસ્સું શ્રોતાવૃંદ ત્યાં ખડું થઇ ગયું. પાસે એક મદારી ખેલ કરતો હતો તેને બીચારાને પ્રેક્ષકોને અભાવે માયા સંકેલી ચાલતા થવું પડયું.

ત્યાં એક વડીલ આવી પહોંચ્યા

'તમે, અલ્યાઓ (સ્વસ્તિ), આ શું માંડયું છે (સ્વસ્તિ)? કયો (સ્વસ્તિ) અહીં ગાળો બોલવાની હિંમત કરે છે, (સ્વસ્તિ)? ચીરી નાંખીશ (સ્વરિત)! મા-બેનો ઊભી હોય (સ્વસ્તિ), ને આવું બોલતાં શરમ નથી આવતી (સ્વરિત)?'

એમના આ ઘોધમાં પેલાં નાના પાયા પરનાં ઝરણાં તણાઈ ગયાં અને મુશાયરો પૂરો થયો. રસસમાધિમાંથી જાગીને શ્રોતાવૃંદ વિખરાવા માંડયું. મારી જોડે મારા એક કવિ મિત્ર હતા તે બોલી ઊઠયા: 'જોયુંને? આ કેટલું બધું શરમજનક કહેવાય?'

'ખરેખર, શરમાવા જેવું કહેવાય. આવડા મોટા ટોળામાંથી માત્ર સાત જ જણ આમાં ભાગ લઈ શકયા'. મેં કહ્યું.

'તે તમને ઓછા લાગે છે?'

'હાસ્તો; ગાળો દેવા જેવી કલ્યાણકારક પ્રવૃત્તિ, જાહેર જનતાના લાભાર્થે આવો સરસ સમારંભ, અને એમાં માત્ર સાતઆઠ જણ જ બોલી શકયા એ ખોટું તો કહેવાય જ ને?'

મારા મિત્ર તો મુંઝાઇને મારી સામે જ જોઈ રહ્યા: 'તે, ગાળો દેવી એ સારું છે એમ તમે માનો છો?' એમણે મને પુછ્યું.

'કવિતા કરવી એ સારું છે એમ તમે માનો છોને?' મેં સામું પૂછ્યું.

'હાસ્તો.'

'બસ, તો ગાળો દેવી એ પણ એટલું જ સારું છે.' મેં કહ્યું. પણ એમને કંઇ ખાત્રી થઇ નહિ.

મને લાગે છે કે એમના જેવો જ ભ્રમ આપણામાંના મોટા ભાગનાનાં મનમાં છે. આપણે માનીએ છીએ કે ગાળો દેવી એ શરમાવા જેવી વસ્તુ છે; પણ એવું નથી. ગાલિપ્રાદન જેવી નિર્દોષ, આનંદદાયક અને કલ્યાણમય પ્રવૃત્તિઓ બીજી થોડીક જ છે. સરખાવવી જ હોય, તો એને કવિતાપ્રવૃત્તિ જોડે સરખાવી શકાય. એ બંનેમાં ખૂબ સામ્ય છે, કારણ કે એ બન્ને મુખ્યત્વે ઊર્મિના વિષયો છે. તમારા મનમાં ક્ષોભ થાય, સંવેદન થાય, લાગણીઓનો ઊભરો આવે અને એ મનોહર શબ્દાવલિમાં વ્યક્ત થઈ જાય એનું નામ કવિતા. ને ગાળોમાં પણ એ જ હોય છે ને? રસ એ કવિતાનો તેમ ગાળોનો પણ આત્મા છે. કવિતામાં શૃંગાર રસ મુખ્ય હોય છે તો ગાળોમાં બીભત્સ રસ હોય છે. કવિતા અને ગાળો બન્ને જ્યારે એની ઉચ્ચતમ કક્ષાએ પહોંચે છે ત્યારે કરુણરસ ઉત્પન્ન કરે છે. ને एको रस करुणमेव. એ શ્રેષ્ઠ રસ બંને વડે સાધ્ય છે.

જેમજેમ હું વિચારતો જાઉં છું તેમતેમ ગાળો અને કવિતામાં વધુ ને વધુ સામ્ય દેખાય છે. વીર નર્મદથી માંડીને ચંદ્રવદન મહેતા સુધીના કવિઓ સુરતી છે. જ્યોતીન્દ્ર દવે નાના હતા ત્યારે 'કવિ' કહેવાતા. ધનસુખલાલની વાર્તાઓમાં કયાંક કવિત્વ ચમકે છે. શ્રી અતિસુખશંકર ત્રિવેદી કાવ્યવિવેચક છે. મારો એક સુરતી મિત્ર છે તે પણ ગમે તે કોઈ નેતાનું મૃત્યુ થાય છે કે તરત અંજલિકાવ્ય લખી શકે છે. આમ, કવિતાક્ષેત્રે જેમ સુરતીઓ શોભે છે તેમ ગાળો માટે પણ એમનું જ શ્રેષ્ઠત્વ સ્વીકારાયું છે. આ વ્યક્તિઓ કદાચ ગાળકુશળ નહિ હોય (જે હું ખાનગીમાં માનવા તૈયાર નથી) તો પણ બીજા સુરતીઓ તો એ માટે ગૌરવ લે છે જ. શંકરાચાર્યના હરીફ પંડિત મંડનમિશ્રનાં મેનાપોપટ પણ જેમ કાવ્યશાસ્ત્રવિનોદ કરી શકતાં તેમ સુરતનાં કૂતરાં પણ મોજમાં હોય છે ત્યારે ગાળશાસ્ત્રવિનોદ કરી શકે છે એમ મને કો'ક કહેતું'તું. ગમે તેમ, પણ સુરતીઓનો શણગાર હોવાનો ગુણ પણ ગાળો અને કવિતા બન્નેમાં છે. એ ચોક્કસ.

અનેક કાવ્યવિવેચકો માને છે કે પહેલાંના કવિઓ જેવી પ્રતિભા આજના કવિઓમાં નથી. ગાળોનું પણ એવું જ છે. 'હહરીનાઓને હવે પહેલાંના જેવી ગાળો ય નથી આવડતી' એમ ઘણા સુરતી વૃદ્ધોની ફરિયાદ છે. કલાકોના કલાકો ગાળો બોલ્યે રાખવી, અને છતાં ય એક પણ ગાળ ફરીથી ન બોલાય, દરેક ક્ષણે નવી જ ગાળ આવે એવી કુશળતા એ જમાનામાં કેળવાતી, એની હરીફાઇઓ થતી (અવંતીનાથના દરબારમાં કવિઓની થતી એવી), અને એની કદર થતી.

આજ પણ એના અવશેષો છે, પ્રાચીન કવિતાના અવશેષો જેવા જ. દુઃખની વાત એટલી જ છે કે જૂની કવિતાના સંપાદન માટે વર્ષો બગાડનારાઓ આને માટે થોડી ક્ષણો પણ આપતા નથી.

કવિતામાં ફૂલ, ભ્રમર, કમલ, સંધ્યા, પ્રિયા, જિગર, ખંજર, શરાબ, શમા, પરવાના, હિના આદિ શબ્દો-ઉપમાઓ વારંવાર આવ્યા કરે છે. ગાળોમાં પણ અમુક ઉપમાઓ જ ફરીફરીને આવ્યા કરે છે. અને છતાં ય એટલી ઉપમાઓથી નવું જ સૌંદર્ય ઊભું કરવાની પ્રતિભા, સાચા કવિઓની પેઠે સાચા ગાળ દેનારમાં હોય છે.

બીજી એક વાત. ગાળો દેનારાઓનું હૃદય પણ કવિઓ જેટલું જ ભાવભર્યું હોય છે. 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના એકલા કવિઓ અને સંતોનાં હૃદયમાં રમી રહી હોય છે એમ આપણે માની લઇએ છીએ. પણ મનુષ્યમાત્રને પોતાની પત્નીના ભાઈ તરીકે સંબોધનાર મહાપુરુષોનાં ઉરમાં પણ એ જ ભાવના વસી હોય છે. અરે એમને મન તો એ પ્રેમસંબંધ એટલો બધો સ્વાભાવિક હોય છે કે એ સંબંધનું એમને ભાન પણ નથી હોતું. એ લોકો તો એકસરખી ઉષ્માથી સૌ મનુષ્યો, પ્રાણીઓ ને રસ્તે ઠેસ વગાડનાર પથ્થરોને પણ પોતાની પત્નીના ભ્રાતૃમંડળમાં સમાવી લે છે. એકલા કવિઓનાં હૃદય જ પ્રેમમય હોય એવું ઓછું છે?

કવિતામાં અને ગાલિપ્રદાનમાં જ્યાં આટલું બધું સામ્ય છે, ત્યાં કવિતાને છાપરે ચડાવવી અને ગાળોનો તિરસ્કાર કરવો એ જેવોતેવો અન્યાય છે? કવિતાને સંસ્કારનું ચિહ્ન માનવું અને ગાળોને અસંસ્કારનું, એ તે કંઈ જેવોતેવો ભ્રમ છે? સાચું પૂછો તો, આનંદપ્રેરકતાની દૃષ્ટિએ જ નહિ, બીજી પણ અનેક રીતે ગાળોમાં ધાર્યા જેટલું કશું જ ખરાબ નથી. એમાં પણ કંઈક કલ્યાણતત્ત્વ સમાયું છે. અને એટલે તો છેક પુરાણા કાળથી—મહાભારતના સમયથી-એનો ઉપયોગ થતો આવ્યો છે.

કર્ણ અને અશ્વત્થામાને ઠેરી ગએલી ત્યારે વાચાળ, મૂઢ, સૂતાપષદ એવી હળવી ગાળોનો ઉપયોગ થએલો; ગુરુઓ શિષ્યોને વેદ શીખવતાં, 'મૂર્ખ', 'શંખ' વગેરે કહેતા; અને કૃષ્ણ ભગવાન જેવા કૃષ્ણ ભગવાને પણ અર્જુનને અનેકવાર 'આખલો' કહ્યો છે. એ તો અર્જુનને કૃષ્ણ ભગવાનની ગરજ હતી એટલે 'મને વૃષભ જેવો, આખલા જેવો શક્તિશાળી કહ્યો' એમ માની મન મનાવતો. બાકી, કોઈને આખલો કહેવો એ ગાળ તો છે જ, અને કૃષ્ણ ભગવાને એ ગાળ પણ હોંસેહોંસે વાપરી છે, એટલું જ જાણવું આપણે માટે પૂરતું છે. શિશુપાલે પણ ગાલિપ્રદાન-શક્તિનું જે પ્રદર્શન કરેલું, તે પરથી મહાભારત યુગમાં પણ આ કળા વિકસેલી એટલું તો સિદ્ધ થઈ જાય છે જ.

બસ, ત્યારથી માંડીને આજ સુધી ગાળોનો ઉપયોગ મહાપુરુષો બીજા મહાપુરુષો માટે કરતા આવ્યા છે. આજે ય ઇતિહાસના ગ્રંથોમાં ઓરંગઝેબ કે લૂઇ જેવા શાહાનશાહો માટે લુચ્ચો, કપટી, લફંગો, બાયલો અને એથીય ઊંચા પ્રકારના શબ્દો ઠેરઠેર વપરાય છે. જે શબ્દો આવા મોટામોટા વિદ્વાન ઇતિહાસકારો, એવા જ મોટામોટા રાજાઓ માટે વાપરે તે જ શબ્દો તમે તમારા પડોશી માટે, બસના ડ્રાઈવર માટે, શાકવાળા માટે અથવા તો એ લોકોના પિતાશ્રીઓ માટે વાપરો એમાં ખોટું શું? અને તમારી કલ્પનાશક્તિ તેજ હોય, શબ્દસમૃદ્ધિ વધારે હોય તો એથી ય ઊંચા પ્રકારની ગાળો વાપરો એમાં વાંધો શો?

ગાળ દેવામાં પડાતા ઘાંટાથી ફેફસાં મજબૂત થાય છે. ક્રોધ જેવી દુષ્ટ વૃત્તિઓને ગાલિપ્રદાન દ્વારા માર્ગ મળી જવાથી હૃદય હળવું ફૂલ થઈ જાય છે. ગાળોથી સાંભળનારની સહનશક્તિ વધે છે; અને જો કદાચ એ ચિડાઇને ગાળ દેનારને મારે તો પછી ગાળ દેનારની યે સહનશક્તિ વધે છે. ગાલિપ્રદાનના આ તે કંઈ જેવાતેવા લાભ છે? જ્યારે બીજી બાજુ કવિતા કર્યાથી કોઈની ય સહનશક્તિ વધ્યાનો એકાદ દાખલો ય છે?

અને વૈવિધ્ય? અહાહા...'જૂજવે રૂપે અનંત ભાસે!' ગાળો કેટકેટલી રીતે દઈ શકાય છે! માતાની સ્નેહભરી ગાળો અને લગ્નગીતોની સંગીતમય ગાળો, હરીફ વકીલને દેવાની કાયદેસર ગાળો ને પત્રકાર દ્વારા દેવાતી જાહેર ગાળો, ચૂંટણીયુદ્ધમાં વપરાતી તેજીલી ગાળો અને વિવેચનમાં વપરાતી શરબતી ગાળો, કોઈ સાક્ષરશ્રીની પોતે એકલા જ સમજે એવી ચિંતનાત્મક ગાળો અને પોળના યુદ્ધમાં પ્રગટતી વાસ્તવદર્શી ગાળો, સંસ્કૃતપ્રેમીઓની ગિર્વાણ ગાળો ને ક્રિશ્ચિયનો-ઍંગ્લો ઇંડિયનોની આંગ્લ ગાળો, પત્નીના વૈધવ્યની ભાવના વ્યક્ત કરતા પતિની, તેમજ બળદના પાળનારના મૃત્યુની અભિલાષા દર્શાવતા ખેડૂતની આત્મલક્ષી ગાળો, મલાઇ કાઢી લીધેલા દૂધ જેવી ગાળો ને ખાંડેલાં મરચાં જેવી ગાળો,-કેટકેટલું વૈવિધ્ય આ ક્ષેત્રમાં છે!

અને છતાં આવી સ્વાભાવિક, આનંદદાયક, આરોગ્યદાયક, પુરાણકાળથી ચાલી આવેલી, જગતભરમાં આપણા દેશને ગૌરવ અપાવતી પ્રવૃત્તિને આપણે તિરસ્કારીએ છીએ! ને એના જેવી જ બલ્કે કેટલીક રીતે તો એનાથી સહેજ ઊતરતી એવી કવિતાપ્રવૃત્તિને આપણે સન્માનના શિખરે ચડાવીએ છીએ! આવા અન્યાયનું શું કારણ હશે?

મને તો અર્થશાસ્ત્રની દૃષ્ટિએ લાગે છે કે આનું કારણ ગાળોના વધુપડતા પૂરવઠામાં અને કવિતાની તંગીમાં સમાયું છે. મોંઘવારીએ આપણને એટલું તો શીખવ્યું છે ને, કે પૂરવઠો ઘટે તેમ ભાવ વધે? બસ, તો ગાલિપ્રદાનનું માહાત્મ્ય વધારવા પણ એ ઉપાય શા માટે ન અજમાવવો? મુશ્કેલીથી મળતી ચીજ હમેશાં અમૂલ્ય હોય છે. રસ્તા પર ગાળો સાંભળવાની ન મળે તો લોકો ફી આપીને પણ એ સાંભળવા ખાસ સમારંભોમાં આવે. પોળ-શેરીના પરચુરણ લોકો એનાં ગાન ન ગાય તો નિતનવી ગાળો સર્જી શકનાર, કલ્પનાશીલ કવિહૃદય વિરલાઓની કિંમત જરૂર વધે. ગુજરાતીને બદલે સંસ્કૃતમાં ગાળો દેવાય તો ઉત્સાહી જનો એ સમજવા ખાસ સંસ્કૃત પણ શીખે તો નવાઈ નહિ!

આમ એક બાજુ ગાળોની તંગી ઊભી કરી એનું મૂલ્ય વધારવું અને બીજી બાજુ કવિતાઓ ખૂબ લખી એના ભાવ ઘટાડી નાખવા. નવલકથાઓ પણ કવિતામાં લખવી, નિબંધો કવિતામાં લખવા, કંકોત્રીઓ અને જાહેરખબરો, ઘર ખાલી કરવાની નોટિસો અને નળના પાણી વિષેનાં ચર્ચાપત્રો, ચૂંટણીનાં જાહેરનામાં અને કાયદાના મહાગ્રંથો, ઘી ગોળ મસાલાનાં બિલ અને ગ્રાહકોને લવાજમ ભરી જવાની સૂચના-એ બધું જ કવિતામાં લખવું. આમ કરવાથી જ ગાળોને થતો અન્યાય અને કવિતાને થતો પક્ષપાત દૂર થશે અને સાચા સંસ્કારનું મૂલ્ય થશે.

અને થોડાં વર્ષોમાં એવી મંગલ સ્થિતિ આવશે કે શાક લેવા જનારને મોટામોટા કવિઓના મુશાયરા નજરે ચડશે અને શહેરના ભવ્ય મહાલયોમાં સુસંસ્કૃત જનોના ગાલિપ્રદાન-સમારંભો યોજાશે, —જેમાં આમંત્રણ, ટિકિટ કે સ્વયંસેવકની ઓળખાણ વિનાના કોઈ આલતુફાલતુને જવાની છૂટ નહિ હોય.

ડૉક્ટર: તમને શું દર્દ થયું છે તે પરખાતું નથી; સંભવ છે કે દારૂ પીવાનું એ પરિણામ હોય.
દર્દી: સારુ, સાહેબ! તો હું આપે દારૂ નહિ પીધો હોય એવે વખતે આવીશ.

પચ્ચીસ વર્ષ પહેલાં



અંક ૨૯ મો : ચૈત્ર ૧૯૮૨

ચાળીસ પાનાંના અંકમાં પાંચમો ભાગ રોકતા 'વિજ્ઞાન વીર સર જગદીશચન્દ્ર બોઝ'ના ચરિત્રવાળા આ અંકમાં બીજું આકર્ષણ શ્રી ઝવેરચંદ મેઘાણીની આલેખેલી 'ઓયાગી' નામની એક રહસ્યમય જાપાની લોકકથા હતી. ગિજુભાઈ પોતાના બાળપણનાં સ્મરણોની જે માળા લખતા તેમાં 'શેરી બહાર'નું પ્રકરણ, 'ટપાલની ટિકિટો' ઉપરનો સૌપ્રથમ (કદાચ બધાં ગુજરાતી માસિકોમાં પહેલ કરતો) લેખ, વગેરે ઘણી સામગ્રીમાંથી આ વખતે (વાર્તા કે ચરિત્રમાંથી નહિ પણ) સ્કાઉટિંગ-લેખમાળામાંથી 'નિરીક્ષણશક્તિ જેવા એક અત્યંત જીવન-ઉપયોગી વિષય પરના બેએક ફકરા ઉતારીએ: એટલા માટે કે બેફામ-બિનજવાબદાર બનતા જતા આપણા આજના જીવનમાં જાતઘડતરના એ ઉપયોગી તત્ત્વની બહુ ખામી જણાય છે:

ઇંગ્લંડમાં નાના સ્કાઉટોને નિરીક્ષણ કરતાં કેવી રીતે શીખવવામાં આવે છે તેની વાત, શ્રી અનંતરાય પટ્ટણીના એક પત્રમાંની નીચેની હકીકત પરથી સ્પષ્ટ થશે:

"...લંડન બૉય સ્કાઉટ હેડ ક્વાર્ટર્સમાં હું ગયો હતો. ત્યાં એક બાર વર્ષનો સ્કાઉટ સલામ ભરી ઊભો રહ્યો. સલામની શરૂઆત વખતે તેની નજર મારા જોડા પર હતી, તે હાથની સાથે એકદમ મારા આખા શરીર ઉપર ચાલી જઈ મારી આંખોને મળી ઊભી રહી. મને રસ્તો બતાવી તે ચાલ્યો ગયો. અહીં કેવી તાલીમ આપવામાં આવે છે તે બતાવવા માટે ત્યાંના અમલદારે મને એક વર્ણન થોડા દિવસ પછી બતાવ્યું. પેલા સ્કાઉટે મારું જ વર્ણન લખ્યું હતું: 'સાદા ભૂરા બૂટ પહેર્યા હતા; બૂટની અણીઓ પાતળી ને દોરી છૂટી હતી; ખાખી મોજાં ને ફ્લૅનલનું પાટલૂન હતું; વધુ ભૂરા લીટાવાળો કોટ પહેર્યો હતો; બંને બટન બીડેલાં હતાં; અંદર ભૂરું જાકીટ હતું; ડાબા હાથ પર ચામડાનું મોજું હતું ને હાથમાં કાળા રંગની વજનદાર લાકડી હતી; લંબગોળ ચહેરો, વિશાળ કપાળ અને તેના પર જમણી બાજુ વાળની લટ આવી હતી; મોઢું અને દાઢી નાનાં, નાક લાંબું, આંખો ભૂરી ને જમણા ગાલ પાસે તલ હતાં; તે આંખ મટમટાવતા હતા, તેથી આંખે કંઈ પીડા હોય તેમ લાગતું હતું; ઉંચાઇ લગભગ ૫ ફૂટ અને ૭ ઇંચની અને ચહેરો હસતો હતો!'

સલામ ભરતી વખતના માત્ર એક જ મિનિટના અવલોકનથી બાર વર્ષનો સ્કાઉટ આટલું ચોક્કસ વર્ણન આપે તે કાંઇ ઓછી નિરીક્ષણશક્તિ ન કહેવાય-આપણે રસ્તે જતા હોઈએ ને કોઈ પૂછે કે 'ભાઈ, તમને પથરા ભરેલું ગાડું સામું મળ્યું હતું?' તો આપણે કહીએ છીએ કે 'કોણ જાણે!' આપણે કદાચ તે ગાડા સાથે અથડાયા હોઇએ તો પણ આપણને ગાડું યાદ રહે નહિ. ત્યાં નિરીક્ષણ કરવાની વાત જ ક્યાં રહી?! અહીં નિરીક્ષણશક્તિ ખીલવવા માટે મોટા અમલદારોના પટાવાળા તરીકે સ્કાઉટોને ઑફિસની બહાર બેસાડવામાં આવે છે ને તેઓને મળવા આવનાર દરેક માણસનું વર્ણન, તેની ઊંચાઈ અને અંદાજે વજન લખાવવાનો ખાસ આગ્રહ રાખવામાં આવે છે.

ઈટાલીમાં 'કૅમોરા' નામનું એક બંડખોળ મંડળ હતું. તે પોતાના છોકરાઓને નિરીક્ષણશક્તિનું શિક્ષણ ઘણી કાળજીપૂર્વક આપતું. બાપદીકરો રસ્તે જતા હોય ને અચાનક બાપ દીકરાને પૂછે, 'આપણે જે છેલ્લી શેરીમાંથી વળ્યા તેના જમણી બાજુના ચોથા ઘરને આંગણે બેઠેલી સ્ત્રીએ કેવો પોશાક પહેર્યો હતો?' 'એની પહેલાંની ત્રીજી શેરીને નાકે બે જણ ઊભાઊભા શી વાતો કરતા હતા?' 'હમણાં પેલી ભાડૂતી ગાડી અહીંથી ઉપડી તેને બેસારૂએ ક્યાં હાંકવાનું કહ્યું હતું, અને એ ગાડીનો નંબર શો હતો?' આ સામે મકાન દેખાય એની ઊંચાઈ કેટલી હશે અને એના પહેલા માળની બારી કેટલા ફૂટ પહોળી હશે?' આવાઆવા સવાલો કરીને એ 'કૅમોરિસ્ટ' લોકો પોતાના છોકરાઓને કેળવતા.

ટ્રામમાં કે ટ્રેઈનમાં બેઠા હો, ત્યારે માણસોના ચહેરાનો અભ્યાસ કરવાની ટેવ પાડવી. ચહેરા ઉપરથી તેનું ચરિત્ર તમે સહેલાઈથી કહી શકો. ટોપીઓ પહેરનારની રીત પરથી પણ ચરિત્ર જોઈ શકાય છે. એક બાજુ સહેજ વાંકી હોય તો પહેરનાર સ્વભાવે આનંદી હોય; એક બાજુ બહુ જ વાંકી હોય તો પહેરનાર રખડેલ હોય; જો માથાના પાછલા ભાગ પર હોય તો પહેરનાર ઉડાઉ ને દેવાળિયો હોય; કપાળ પર હોય તો પહેરનાર પ્રમાણિક પણ મૂર્ખ હોય."

આજથી પચ્ચીસ વર્ષ પહેલાં પણ આપણે 'સ્વરાજ્ય આવે ત્યારે' શું કરવું જોઈએ તેનો વિચાર તો કરતા જ હતા. આ નીચે ઉતારેલો ફકરો આજે પણ આપણે માટે કેટલો સાચો છે (બધી રીતે!):

"જ્યારે તમે સ્વારાજ્ય દેખો ત્યારે તેની કીકીમાં નજર કરજો; તેના પગ ચૂમજો. ત્યારે તમને એટલો બધો આનંદ થશે કે સ્વરાજ્ય પછીનાં વરસોનો તમને વિચાર જ નહિ આવે. તમે તમારાં આભારગીતમાં સૂર પુરાવવાનું સૌને કહેતા શેરીઓમાં દોડી જશો. જ્યાં જશો ત્યાં સંગીત હશે; દરેક ઘર શણગારેલું હશે; દરેક દીવો ઝળહળતો હશે.

પણ જ્યારે આનંદના દિવસો પૂરા થાય, ઝળહળતી જ્યોતો હોલવી નાખવામાં આવે, શણગારો ઉતારી લેવામાં આવે અને લોકો પાછા પોતપોતાને કામે વળગે, જ્યારે ગાજતી શેરીઓમાં થઇને છેલ્લું સરઘસ ચાલ્યું જાય અને નેતાઓ કેદમાંથી છૂટેલા મિત્રોનું સ્વાગત જોઈ ચાલ્યા જાય, ત્યારે આપણે એક ટચુકડી પ્રાર્થના કરવી રહેશે—તમારે તમારે માટે ને મારે મારે માટે—કે આપણે આપણા માટે જે જીતાયું છે તેને પાત્ર બનીએ; અને જેઓએ આપણા માટે સહન કર્યું છે, લડત ચલાવી છે અને મોત કે એવા બીજા ભયથી ડર્યા નથી તેઓનો દાખલો લઈ દેશને ઉપયોગી થવા પ્રયત્ન કરીએ."

કુમાર'નું સૌથી વધુ લોકપ્રિય થએલું' છેલ્લું પાનું' તો હજી ત્રણ માસ પછી શરૂ થએલું; પણ એ પ્રકારના નુસખા આવવા તો ક્યારના શરૂ થઇ ગયા હતા, તેનો નમૂનો આ અંકમાં ચિત્ર સાથે અહીં ઉતાર્યો છે: 'તમારો શાહીનો ખડિયો વારંવાર ઠેસ કે ઠોકરે ચડવાથી ઢોળાઇ જતો હોય તો એક જાડા પૂઠાના



ટુકડામાં કાણાં પાડી તે પર ખડિયાને દોરી વડે આમ બાંધી લેજો.

OUR FRIENDS ABROAD

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

(આ પત્રો મેળવનારઃ ગિરધારીલાલ ઑફ, સાકર બજાર, અમદાવાદ)

મારા પ્રિય પરદેશી પત્રમિત્ર,

થોડા દિવસ પર ખૂબ લાંબી સફર કરીને આવેલો તમારો પત્ર મળતાં ભારે આશ્ચર્ય થયું. તમારા જેવા હિંદી મિત્ર સાથે પત્રવ્યવહારની તક મળતાં મને ખૂબ આનંદ થાય છે.

હું એક મધ્યમ ઉમરનો વકીલ અને ઉચ્ચ સરકારી અમલદાર છું. મારે પત્ની અને ત્રણ બાળકો છે. પરદેશોની જીવનપ્રણાલિ ને સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ કરવા ચાહું છું. મારો શૉખ 'ગો' અને 'નો' પ્રકારની નાટિકાઓ ને ચિત્રો છે. મને દિલગીરી છે કે મને અંગ્રેજી બહુ સારું નથી આવડતું.

અમે જાપાનીઓ તમારા સ્વાતંત્ર્ય માટે તમને પૂરા હૃદયથી અભિનંદીએ છીએ. તમારા વડા પ્રધાન નેહરૂએ જે મોટી(હાથી) અહીં મોકલી તે અમારા દેશનાં બાળકોને ખૂબખૂબ ગમી. ટોકિયોવાસીઓમાં તો એ હાથી બહુ માનીતો થઇ પડચો.

દૂર પૂર્વ અંગેની લશ્કરી અદાલતમાં તમારા દેશના ન્યાયાધીશે યુદ્ધ-કેદીઓને નિર્દોષ જાહેર કરવાનો મત આપ્યો એ વાતે મારા પર બહુ ઘેરી છાપ પાડી છે. તમારા દેશમાં પૂરને લીધે ચોખાના પાકને જંગી નુકસાન પહોંચ્યાના સમાચાર છાપાઓમાં વાંચીને હમદર્દી અનુભવું છું. એની વિગતવાર માહિતી હું જાણવા ચાહું છું.

આ સાથે ફ્યૂજી પર્વતનું ચિત્ર મોકલું છું. દુનિયાભરમાં તેની સુંદર આકૃતિને કારણે તે બહુ પ્રખ્યાત છે. અમે જાપાનીઓ હમણાં બહુ કપરા કાળમાં જીવીએ છીએ; જોકે બેત્રણ વરસ પહેલાં કરતાં તો હમણાં સ્થિતિ સારી છે. દિવસ ખુલ્લો હોય અને જો અમે ફ્યૂજીયામા પર્વતની દૈવી, સુંદર, વિશુદ્ધ અને લાવણ્યમયી આકૃતિ જોવા પામીએ તો અમારી બધી ચિંતાઓ અને હાડમારીઓ ભૂલી જઈએ છીએ. એ પર્વત ઘણો ઊંચો છે, અને તેનાં માત્ર દર્શન જ કરાય છે, તે પર કોઈ ચડતું નથી. શાથી તે જાણો છો? એનું શિખર સદાકાળ બરફથી ઢંકાએલું જ રહે છે. ભર ઉનાળામાં પણ.

હું ચુસ્ત બૌદ્ધધર્મી છું. એમ તો જાપાનનાં પુખ્ત વયનાં માણસો પૈકી ૮૦-૯૦ ટકા જેટલાં પોતાને બૌદ્ધ ગણાવે છે; પણ સાચા શ્રદ્ધાવાન બૌદ્ધો એમાં કેટલાં એ શંકાભરેલું છે. હજી હમણાં સુધી સાધુઓ માત્ર મોટેરાંને જ ધર્મબોધ કરતા—આજે ય કરે છે, આથી યુવાન વર્ગ બૌદ્ધ મતને નિરાશાથી જુએ છે. હું તરુણવર્ગમાં બૌદ્ધ મત પ્રચારવા મથું છું. પહેલાં તો 'ધર્મ' શું એ જ તેમણે સમજવું જોઇએ.

આશા રાખું છું કે બીજા પત્રમાં તમે અમદાવાદ કયાં આવ્યું તે તથા તમારે ત્યાંનાં હવાપાણી, દેશની હાલત વગેરે વિષે લખશો.

હૃદયપૂર્વક તમારો યોશીઝાને હોશીનો

પ્રિય હિંદી મિત્ર,

તમારો ભાવભર્યો પત્ર મળતાં ઘણો આનંદ પામું છું. ગુજરાતી લિપિમાં છપાએલો તમારો લેખ રસપૂર્વક નિહાળી (વાંચી નહિ) રહ્યો છું. એ અક્ષરો જાણે ઉલટાવેલા હોય એવા લાગે છે!


બદલામાં આ સાથે તમને જાપાની લિપિ ઉપરના એક લેખની કાપલી બીડું છું. તમે જાણો છો કે અમે જાપાનીઓ ચીનના જ જેવી લિપિ વાપરીએ છીએ. એ ચીની જાપાની લિપિના કેટલાક અક્ષરોનાં મૂળ ચિત્રાકૃતિઓમાં રહેલાં છે. (તેને વિષે) સાથેની કાપલીમાં (જે આપ્યું છે તેમાં) તમને રસ પડશે.

દસ વરસ પર હું ટોકિયો યુનિવર્સિટીમાંથી ગ્રૅજ્યુએટ થએલો, ને હાલમાં આર્થિક તપાસ સંસ્થામાં ઉચ્ચ અમલદાર છું. મેં કાયદા ને અર્થશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે અને વકીલાતની સનદ પણ છે.

તમારી પેઠે મને પણ પ્રવાસનો ખૂબ શૉખ છે. જાપાન આવતા પરદેશીઓમાં વિખ્યાત નિક્કો અને હાકોનના ગરમ પાણીના ઝરા ઉપરાંત પણ જાપાનમાં ઘણાં સુંદર નિસર્ગસ્થાનો તથા ઝરાઓ છે.

ચેરી બ્લૉસમ—ચેરીનાં પુષ્પોની ઋતુ આવી પહોંચી છે. તમે કદી ચેરી પુષ્પ જોયાં છે. કહેવાય છે કે એ જાપાનીઓના પ્રાણનું પ્રતીક છે. ચેરી બ્લૉસમ પૂર બહારમાં ખીલી ઊઠયા પછી થોડા જ દિવસમાં ઝાપટાંની માફક ખરી પડે છે. તે, અમને જાપાનીઓને તો, યુદ્ધક્ષેત્રમાં વીરતા દાખવી સ્વેચ્છાએ ગૌરવાન્વિત મૃત્યુને ભેટતા સામુરાઈઓ (જાપાની ક્ષત્રિય સરદારો)નું સ્મરણ કરાવે છે.

મિત્રો સાથે પુષ્પનિરીક્ષણ-યાત્રાએ નીકળવાનું (અનુ૦ પૃ૦ ૧૭૮)



જાપાનીઓએ ઈ. સ.ના છઠ્ઠા સૈકા આખરથી ચીનની લિપિ અપનાવી. ચીનની લિપિ ચિત્રલિપિ કહેવાય છે, કેમકે તેના અક્ષરો મૂળમાં ઇજિપ્તની લિપિની માફક ચિત્રસંજ્ઞાઓના રૂપમાં હતા. પણ ઇજિપ્તની હાઇરોગ્લિફ લિપિ કરતાં તે ઓછી વિગતોવાળા અને વધુ સૂચક હોઈ, ઝડપથી લખી શકાય તેમ હોવાથી તે ટકી શકયા અને આજના ચીનના 'સોશો' મરોડમાં રૂપાંતર પામ્યા. એ રૂપાંતર ધીરેધીરે કેમ થયું તે ડાબી બાજુની આકૃતિમાં ચાર કક્ષાઓમાં દર્શાવ્યું છે. મથાળાની હારમાં ચીનનો 'ઓન્ના' શબ્દ છે. 'ઓન્ના' એટલે સ્ત્રી. તેને માટે મૂળ તો, પહેલી આકૃતિમાં છે તેવી, બેઠેલી સ્ત્રી આલેખવામાં આવતી. પછી, પીછીના લસરકામાં (ચીનાઓ હમેશાં પીછીથી લખે છે—કલમથી નહિ) તે અક્ષર ધીમેધીમે કેવી રીતે પલટાતો ગયો તે ઉત્તરોત્તર બીજી, ત્રીજી ને ચોથી આકૃતિમાં દર્શાવ્યું છે. એ જ રીતે બીજી હારમાં 'સુ' (એટલે 'માળો') શબ્દ છે. શરૂમાં તે માટે ઝાડ પરના માળામાં ત્રણ પંખી બેઠેલાં ચીતરાતાં. આજે તેના રૂપાંતર પામેલા છેલ્લા આકારમાં પણ તે વર્તાઈ આવે છે. ત્રીજી હારમાંનો શબ્દ 'પંખી' છે. તેની પહેલી આકૃતિમાંનું હૂબહૂ આલેખન ધીરેધીરે પલટાઇને આજની છેલ્લી આકૃતિ પામ્યું. ચોથી હારમાં શબ્દ છે 'કા' અથવા 'હી'. એનો અર્થ થાય છે 'અગ્નિ'. જ્વાળામુખી પર્વતમાંથી ભડકા નીકળતા હોય તેવી આકૃતિ વડે શરૂમાં તે લખાતો. તેમાંથી તેનું આજનું રૂપ ઘસાતું ઘસાતું ચોથા નંબરની આકૃતિ પામ્યું.



માધુકરી

આજે તો તમને મરું;
ચોપચે છીપજોડીથી સ્મૃતિનાં મોતીઓ ધરું.
મુક્તિના મંદિરે રોપ્યા પાયાના પથ્થરો તમે,
છાયા ત્યાં કળશો ફેરી પ્હોંચે ના, દૂરથી નમે.
તમે તો ત્યાગનાં તેજે પ્રગટ્યા દેહદાનથી,
અગારે વંદના ગાવી તમારા મંત્રગાનથી.

(સંસ્કૃતિ) —પિનાકિન્ ઠાકોર

એક આદર્શ સજ્જન

સુરતના એક મધ્યમ વર્ગના કુટુંબમાં એમનો જન્મ. પિતા 'તરણાથી યે નમ્ર, તરુવર જેવા સહિષ્ણુ' વૈષ્ણવ; ને માતા સાક્ષાત અંબા જેવાં ભદ્રિક ગૃહલક્ષ્મી. ટૂંક પગારની રેલવે નોકરી ઉપરાંત કશી જ આડીતેડી આવક કરવામાં પાપ માનનાર પતિનો ઘરસંસાર ઊજળો કરી એમણે ચલાવ્યો ને નવ દીકરા-દીકરીઓને અપાર સંસ્કારિતા સીંચીને ઉછેર્યાં. એ સંતાનો જ્યાં ગયાં ને જીવ્યાં ત્યાં બધે નિર્વ્યાજ સંસ્કારિતાનો શાંત પરિમલ મૂકતાં ગયાં.

બચપણથી જ આ સુઘડ, દેખાવડો બાળક ઘરમાં નિશાળમાં, શેરીમાં પોતાના વ્યક્તિત્વથી સૌનું ધ્યાન ખેંચતો. ભણવામાં પોતાના બુદ્ધિવૈભવથી તે કોઇને છક ન કરી દેતો, પણ એની નિયમિતતા. ટાપટીપ અને વિનય એને સૌનો વહાલસોયો બનાવી દેતાં. ઘેરથી મુંબઈ-અમદાવાદ જતાં, મા સગાંવહાલાં-ઓળખીતાં માટે મંદિરના પરસાદ અને પાઉએ વેચાતી કતારગામની પાપડીની ટચુકડી પોટલીઓ બંધાવે. બાળક એકેએક સંપેતરું સ્વચ્છ કકડા કે કાગળમાં એવી સફાઇથી બાંધે કે જોનારને વ્હાઈટવે લેઇડલૉ કે આર્મી-નેવી સ્ટોરમાંથી આવ્યાનો આભાસ થાય. કપડાં, પથારી, તકિયા કે ચાદર પર એક ડાઘ કે કરચલી ન સાંખે. કૅનવાસના બૂટને હાથે બ્લૅન્કો લગાડીને હમેશ ધોળા બગલા જેવા રાખે.


કૉલેજ ને કાયદાના અભ્યાસ પૂરા કરી નવી નીકળેલી સિંધિયા કંપનીની સ્ટીમર પર નોકરી લીધી ને યુરોપની સફરો કરી પરદેશ જવાની અભિલાષા પૂરી કરી. બે વરસ પછી મોરારજી ગોકુળદાસ મિલના મંત્રીનું કામ લીધું ને જોતજોતાંમાં મૅનેજર નિમાયા. પચીસથી વધુ વરસ એમણે આ લાઈનમાં ગાળ્યાં ને કાપડવણાટ કામના નિષ્ણાત તરીકે દેશ આખામાં અસાધારણ નામના મેળવી. મરણકાળે, ૭ મિલોના મૅનેજર હતા.

એમની ટાપટીપ, ચીવટ અને ઉમદા સ્વભાવ જીવનભર જેવાં ને તેવાં રહ્યાં. ૨૫-૩૦ વર્ષ પર મુંબઈની મિલોનાં સાંચાકામ, ઑફિસો, વખારો, કમ્પાઉન્ડ, બધાં ઓકારી આવે એટલાં મેલાં ગંદાં ને અવ્યવસ્થિત હતાં. તેમાં તેમણે ક્રાન્તિ આણી ને આખી મિલઆલમમાં સ્વચ્છતા ને વ્યવસ્થાનો દાખલો બેસાડયો. મૂડીદાર માલિકોના તેઓ સત્તાવાર પ્રતિનિધિ છતાં મિલમજૂરો તેમજ કારકુનો તેમને પોતાના શ્રેષ્ઠ મિત્ર અને હિતેચ્છુ ગણતા ને પોતાનાં યુનિયનોના પહેલા પ્રમુખ નીમતા. એઓ પોતે પણ માલિક–મજૂરવર્ગ વચ્ચે આંખે પાટા બાંધીને અદલ ઇન્સાફ તોળતા.

જીવનમાં સ્થિર થયા પછી જ ગૃહસ્થાશ્રમ માંડવાનો એમનો સંકલ્પ હતો. પોતાની રુચિ મુજબ ઝીણામાં ઝીણી તૈયારીઓ કર્યા બાદ સુશીલ, સંસ્કારી કુટુંબની કન્યા જોડે લગ્ન કર્યું. પણ પ્રભુને તે મંજૂર નહોતું. ટૂંક અરસામાં જ વિધુર થયા. ઉમર તે વખતે ૩૦ ની આસપાસ; ખાસો એવો સામાજિક દરજ્જો; પણ ફરી લગ્નનો વિચાર કદી ન કર્યો ને મરણ લગી એકાકી જીવન ગાળ્યું.

ઘરમાં બધું જાતે જ રાખે. બૂટ-પૉલિશથી માંડીને કાતર, છરી, કપડાં, છાપાં, ચોપડીઓ, ચીની ચલાણાં કે વાસણ-મિજાગરાં સાફ કરવાના પ્રાસો સુધી એકેએક ચીજ જાતે ગોઠવે. ખાવાપીવા, લખવાવાંચવા, ધોવા, સૂવા, સાંભળવા, હસવાની સામગ્રી કે દુઃખતાની દવા,—કોઇ પણ ચીજ તમારે જોઈતી હોય તે ધણી નોકર કે કોઈની મદદ

માસમાસનાં પંખી (૧૪)
શ્વેતનયના



ટી-ટી-ટી-જેવી સાદી, ઝીણી, હળવી અને એકધારી છતાં કર્ણમધુર સીટી બજાવતું, આહારની શોધમાં પાંદડેપાંદડે ઊડતું ચારેક આંગળનું આ પંખી આપણે ત્યાંનું કાયમી વસવાટી હોવા છતાં તેનું ખાસ કોઈ ગુજરાતી નામ જાણમાં નથી. પરંતુ આંખો ફરતાં સફેદ કુંડાળાંની તેની વિશિષ્ટતાને લઈ તેને શ્વેત નયના કહેવું સાર્થ થશે. અંગ્રેજીમાં પણ તેને White-eye ને હિંદીમાં 'બબૂના' કહે છે.

વાડી, ઝાડી કે પહાડી, દરેક સ્થળે ગીચ ઘટામાં વસનારું આ ટચુકડું પંખી વિવિધરંગી અને આકર્ષક હોય છે, પણ તેમાં શોબીગીના વાન જેવી ઝલક નથી. નર–માદા બંનેનું માથું, ગરદન, પીઠ, પૂછડી અને પાંખો લીલી છાયા વાળાં સુવર્ણ જેવાં પીળાં; અને ગળું તથા છાતી ચકચકિત પીળાં હોય છે. પેટ મેલા સફેદ રંગનું. પૂછડીના મૂળમાં નીચેના ભાગે પીળું છોગું. ચાંચ કાળી, પાતળી ને સહેજ વળેલી તથા અણીદાર. પગ મેલા રાખોડી. પણ આ બધાં અંગો કરતાં તેની આંખો ફરતાં પીછાંનાં સફેદ કુંડાળાં વધુ ધ્યાન ખેંચે છે.

ઝીણી જિવાત અને ફળ તેનો આહાર. ઉપરાંત ફૂલોનો રસ પણ તેને ભાવતો હોઇ અજાણપણે 'અપર-પરાગણ'—Cross pollinationનું કાર્ય પણ તેનાથી થતું રહે છે.

મોટે ભાગે પાંચ-વીસથી સોસોના ટોળામાં રહેનારું હોવા છતાં પ્રજનનકાળે કેવળ જોડકું રચીને જ એ રહે છે; અને ગ્રીષ્મના આરંભથી વર્ષાન્ત સુધીમાં તો બે વખત સંતાનોત્પત્તિ કરી નાખે છે. તેનો માળો ખૂબ નાનો, પ્યાલી જેવો, અને અંદર રૂ વગેરેની મુલાયમ ગાદી પાથરી કરોળિયાંનાં જાળાં વડે મજબૂત કરીને જમીનથી પાંચ-છ ફૂટ ઊંચે ડાળીને છેડે લટકાવેલો હોય છે; જેમાં તે આછા આસમાની રંગનાં, બેથી ત્રણ કે ચાર ઇંડા મૂકે છે. ('વનેચર' ઉપરથી)

વગર, તગને કોશમાંથી શબ્દ કે ડીરેકટરીમાંથી ટેલિફોન નંબર જડે તેમ અરધી મિનિટમાં મળે એવી ઘર આખાની ગોઠવણ. દરેક ચાવી પર નંબર, ને એકેએક કબાટ, બરણી, ખાનાં ખીંટી કે હૅન્ડલ પર લેબલ. તેમાં દરેકનો હેતુ ને ઉપયોગ લખ્યો હોય. આખું ઘર અજબ સુવ્યવસ્થાનો નમૂનો. ગમે તેવા અઘળપઘળ માણસને પણ એ ઘરમાં પગનું ચંપલ વાંકું ઉતારીને પેસતાં જીવ ન ચાલે. એ ધરતી પર એવું કશું ન જ અરઘે એ વાત તરત દરેકના ધ્યાનમાં આવે. અનેક મિત્રો આ ગૃહિણી વગરની વ્યવસ્થા દેખાડવા પોતાનાં ઘર-કુટુંબની બહેનો એમને ત્યાં લઈ આવતા.

સંગીતની સેંકડો રેકર્ડો રાખે. તેમાં મામૂલી રુચિની ભાગ્યે કોઈ હોય. અબ્દુલકરીમ ખાં, ફૈયાઝ ખાં, ટાગોર, ઓંકારનાથ, વઝે બુવા સુબ્બુલક્ષ્મી, જૂથિકા રે, એવાં જ હોય. ઉપરાંત બીથોવન, પૉલ રોબસન, એવા પાશ્ચાત્ય કાળા-ગોરા ઉસ્તાદોનાં ગીતો અને સરોદો પણ હોય. દરેક રેકર્ડની શબ્દ તેમજ ગાયક મુજબની બેવડી અનુક્રમણિકાઓ. જોઇતી તરત કાઢીને વગાડો. છાપાં-માસિકોનું પણ તેમજ. દેશીપરદેશી, સચિત્ર તેમજ આંતરરાષ્ટ્રીય પ્રવાહો, રાજકારણ ઈ૦ ને લગતાં ઢગલાબંધ મંગાવે. બધાં પોતાની જગાએ ઘોડા પર, ઊભી કતારે, નામો ચોડીને, વગરચોળાયેલ ને ઘડીબંધ ગોઠવ્યાં હોય. છાપાંની કાપલીઓ, સચિત્ર માસિકો, કૅલેન્ડરો પરનાં શ્રેષ્ઠ ચિત્રો, નિસર્ગદૃશ્યો, ઠઠ્ઠાચિત્રો, ટિપ્પણસૂચકો,—બધું કુશળ કારીગરની અદાથી કાપીને સંઘરે. એમના એ સંગ્રહમાં ઊંચી રુચિ ને સંસ્કારિતાની સાથે સુરતી શહેરીનો અભિજાત વિનોદ પણ ભરેલો જોવા મળે. રોજિંદા અંગત ઉપયોગની ચોપડીઓ, ભજનાવલિ, ગીતા, બાઈબલ, ટુવાલ, નૅપકિન, બ્રશ-પાઉડર, તેલ-વેસેલિન, સોયદોરા કે સાબુ પોતપોતાને સ્થાને.અંધારે હાથ મૂકો:જોઈતું જ જડે.

ખરચખૂટણ, ટ્રિપમુસાફરી, દાનધરમ, સગાંવહાલાં, સંસ્થાઓ કે ગરીબ વિદ્યાર્થીને મદદ,—બધું બજેટબંધ. ૧૦-૧૫ વરસ અગાઉ અમુક વરસમાં અમુક મહિનામાં દૂધ, છાપાં કે કપડાં અગર સાબુ પર કેટલું ખરચેલું તે તે વરસની ડાયરી કાઢી ટપ બતાવી આપે.

પોતાની આવડત, દક્ષતા કે વિદ્વત્તાનું લગીરે અભિમાન નહિ. એમના ઉમદા સ્વભાવ ને નિખાલસ વર્તાવની છાપ પાંચ મિનિટ એમના સમાગમમાં આવનાર પર પણ પડ્યા વિના ન રહે. નાગરિકતાના સંસ્કાર એવા જ બળવાન. આપણા લોકોની જ્યાંત્યાં થૂંકવા કે પાનપિચકારીઓ નાખવાની, બારીએથી કચરા-કેળાંની છાલ રસ્તા પર ફેંકવાની વગેરે ગંદી કુટેવો પર હમેશાં અકળાય.

૫૭ વર્ષના એમના એકાકી જીવનની બધી બચત એમણે વસિયત કરીને સખાવતમાં આપી. હાજતવાળાં થોડાંક નિકટનાં સગાંને જૂજ રકમો બક્ષિશ આપવા ઉપરાંતની પોતાની તમામ,–આશરે દોઢ લાખ જેટલી–મિલકત મોટે ભાગે તેમણે ન્યાતજાત કે કોમના કશા ભેદ વિના ગરીબ તથા દુખિયારાંના લાભાર્થે જુદાંજુદાં સખાવતી કામોમાં આપી, એટલું જ નહિ પણ એ બધી સખાવતોને અંગે આજના કાળમાં વિરલ એવી શરત મૂકીને એમણે દાનીઓને સારું ઊંચો દાખલો બેસાડ્યો, કે 'મારા આ વિલની અમલબજાવણી કરનારાઓને મારો ખાસ આદેશ છે કે મારા વિલમાં કહેલી કોઇ પણ સખાવતને અંગે લેવાની ચીજસામગ્રી, યંત્ર, મકાન કે એવી કોઈ પણ વસ્તુ સાથે ક્યાંયે કદી મારું કે મારાં મૃત કે હયાત સગાંવહાલાંના કોઇનું નામ જોડવું નહિ, અગર તો તેવી તખતી ચોડવી નહિ.'

વરસેક દિવસ પહેલાં તેમને લકવાનો એક હુમલો થઈ આવ્યો અને તેમાંથી ઊગર્યા. ત્યાર બાદ તેમનો વ્યવસાય એકસરખો ચાલ્યો જતો હતો અને ચિન્તાનું કોઇ ખાસ કારણ નહોતું. બે ત્રણ માસ ઉપર એક દિવસ કાંઇક બરોબર ઠીક નહિ લાગવાથી ઑફિસે નહિ ગયેલા. રાત્રે મળવા આવેલા મિત્રો સાથે કેટલીક વાતચીત કરી. નિયમ મુજબ સૂવાનો વખત થયો એટલે સ્વસ્થપણે બિછાનાવશ થયા અને સૂવા સાથે અનન્ત નિદ્રાને આધીન થઇ ગયા!

ઘઉંચણાનાં ખેતરોમાં શિયાળે પાછલી રાતે આકાશની ઝાકળ ઊતરે છે ને ઊંઘતી દુનિયાથી અણદીઠ રહી પોતાની ભિનાશ વડે ધરિત્રીને ભીંજવી તેના પાકોમાં રસકસ પૂરે છે. એ ઝાકળની જેમ જ દુનિયાથી અણદીઠ રહીને મરહૂમ પોતાનું સમૃદ્ધ જીવન જીવ્યા ને એ ઝાકળની જેમ જ પોતાની આસપાસની દુનિયાને સમૃદ્ધ કરી, કોઇને પવાલા પાણીની પણ તકલીફ આપ્યા વગર, અણદીઠપણે એમણે દુનિયાની રુખસદ લીધી. કેવળ પોતાના નમ્ર નિર્વ્યાજ જીવનની સંસ્કારિતા ને સુગંધનો મઘમઘાટ પોતાની પાછળ મૂકતા ગયા.

એમનું નામ નંદુલાલ માણેકલાલ મહેતા.

[એમના બે મિત્રો, સ્વામી આનંદ અને પરમાનંદ કાપડિયાએ અનુક્રમે 'હરિજનબંધુ' અને 'પ્રબુદ્ધ જૈન'માં લખેલી અંજલી ઉપરથી]

સહરા

ઉત્તર આફ્રિકામાં આવેલા સહરાના રણપ્રદેશને વિષે બહારના જગતને ભાગ્યે જ સાચી માહિતી છે. ઉત્તરે મોરોક્કો, અલ્જીરિયા ને ટ્યૂનીશિયા, દક્ષિણે નાઇજર નદી, પશ્ચિમે આટલાંટિક મહાસાગર અને પૂર્વે લીબિયા, એ ચતુઃસીમા વચ્ચે આવેલા એ રેગિસ્તાનને મિસર, સુદાન કે અરબસ્તાન સુદ્ધાં સાથે કશું લાગતું વળગતું નથી —સિવાય કે એના કેટલાક આરબ વતનીઓની એ જન્મભૂમિ છે.

અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સથી લગભગ અરધો વિસ્તાર સહરાનું રણ રોકે છે. એની ભૂમિ તેમજ એનું હવામાન તરેહવાર પ્રકારનાં છે. ઉનાળામાં તેનું ઉષ્ણતામાન ક્યારેક તો ૧૫૦ અંશ ફારનહાઈટ પર પહોંચે છે, અને ૧૦૦ અંશ પર તો કાયમ રહે છે. શિયાળામાં હિમાચ્છાદિત ઍટલાસ પર્વત પરથી ફૂંકાતો જે ઠંડો પવન અહીં ફરી વળે છે એમાં ક્યારેક તો પાણી પણ જામી જાય છે.

ઘણા માને છે તેમ સહરા એ નીચાણવાળો પ્રદેશ નથી, તેમ સપાટ વેરાન પણ નથી. એ સીધી કરાડો ને ઊંડી ખીણોવાળા ડું-



ગરા પણ ધરાવે છે. અમેરિકાના ઍારીઝોના પ્રદેશની જેમ એના ડુંગરાના ખડકો પણ તરેહવાર ચળકતા રંગના છે. પશુપંખીઓની વિવિધ સૃષ્ટિ તે ધરાવે છે અને હિંસક પ્રાણીઓનો પણ ત્યાં અભાવ નથી. નવાઇ લાગશે, પણ કેટલાક વિશાળ ચરાણપ્રદેશો પણ ત્યાં આવેલા છે, જે પર ઘેટાંબકરાંનાં ટોળાં ચરતાં હોય છે.

ઉત્તરેથી સહરાના રણમાં આગળ વધતાં સૌ પ્રથમ તો ઘાસનાં બીડનાં બીડ આવે છે. દરિયાની સપાટીથી એમની ઊંચાઈ લગભગ ૧૦૦૦ થી ૨૫૦૦ ફૂટની છે. ત્યાંથી દક્ષિણમાં આગળ વધતાં ખડકાળ વેરાન. ત્યાર પછી શરૂ થાય છે તૃષા અને મૌનપૂર્ણ રેતીનું મહાન રણ.

પરંતુ એ રણનો કોઈ ભાગ હરિયાળા પ્રદેશ (oases)થી વંચિત નથી. ઉલટું, ઉત્તર કરતા દક્ષિણમાં આવા પ્રદેશો વિશેષ છે. આનું કારણ સહરાના ભૂસ્તરમાં રહેલું છે.

સહરા એ પહેલેથી જ આવું રેગિસ્તાન નહોતું. અંતિમ હિમયુગ દરમિયાન યુરોપ અને યુનાઈટેડ સ્ટેટ્સ જ્યારે બરફના થર નીચે ઢંકાએલા રહેલા ત્યારે સહરા એક મહાન ફળદ્રુપ પ્રદેશ હતો. ધોધમાર વરસાદ ત્યાં વરસતો રહેતો અને અનેક નદ નદી તથા સરોવરોને લઈને આખું યે સહરા લીલુંછમ રહેતું. અત્યારે વિષુવવૃત્તમાં જણાતાં ઉત્તર આફ્રિકાનાં અનેક પ્રાણીઓનું ત્યારે તે નિવાસસ્થાન હતું. હાનિબાલના હાથીઓ ત્યાંથી જ કાર્થેજમાં આવેલા; અને ઍટલાસ પર્વત પર હજુ યે દેખાતા સિંહ તથા ચિત્તા એ વખતના જ પૂર્વજોના વંશજો છે.

એ અરસામાં જ માણસજાતનાં પ્રથમ પગલાં પૃથ્વી પર શરૂ થયાં હતાં. ત્યારે આ પ્રદેશમાં એક જબરો ઉત્પાત થવા પામ્યો. પૃથ્વીમાં બે જબરી મોટી ફાટ પડી. અને એ બે ફાટ વચ્ચેનો પ્રદેશ (આજનું સહરા) હજારો ફૂટ ઊંચો આવી ગયો. આ ઉત્પાતને લઈને નદીઓ ને સરોવરો બધાં ભૂમિમાં સમાઈ ગયાં. આજે એમનાં પાણી હજુ યે સહરાની સપાટી નીચે વહેતાં રહ્યાં છે અને કવચિત સપાટી પર આવીને લીલા રણપ્રદેશો રચે છે.

સહરામાં રેતીનો પ્રવાહ વાયવ્યેથી નૈઋત્ય તરફ સતત પાણીની પેઠે વહેતો રહે છે. એમાં કશાંયે ખડકાળ અંતરાય નડે તો તે પર એ જમા થઈ મોટા ઢગ રચે છે, જે 'ડયૂન'ને નામે ઓળખાય છે. આવા રેતીના ઢગ ૫૦ થી ૫૦૦ ફૂટ જેવડા હોય છે.


સહરામાં વસતા લોકો મોટે ભાગે અરબો છે; એ સિવાય તોરેગ, યહૂદી, મજબ વગેરે પણ છે. અરબો તો ત્યાં આક્રમણકારો તરીકે આવેલા; એ ત્યાંના મૂળ વતની નથી. સહરાના મૂળ વતનીઓ તો બર્બર લોકો છે. એમણે ઇસ્લામનો સ્વીકાર કર્યો હોવા સિવાય અરબો સાથે એમને કંઇ લેવાદેવા નથી. —અશોક હર્ષ

ઉનાળા માટે શીતળ સુવાસિત જળ

આપણા રોજિંદા જીવનમાં હાલ આપણા દેશનાં આબોહવા તથા પ્રકૃતિથી વિરુદ્ધનાં અગર સામાન્ય માણસને ન પરવડતાં સાધનો પ્રવેશતાં જાય છે. રેફ્રિજરેટર તેમાંનું એક છે. એક અભિપ્રાય એવો છે કે રેફ્રિજરેટરમાંનું કે બરફથી ઠંડુંકરેલું પાણી વધારે પડતું ને અકુદરતી ઠંડું હોઈ શરીરને નુકસાન કરે છે. એ વાત બાજુએ મૂકીએ તોપણ આપણે ત્યાં ઉનાળામાં પાણીને ઠંડું રાખવાની જે સરળ અને સસ્તી રીતો પ્રચલિત હતી તેમાંની એક આ નીચે આપી છે:

આઠ ફૂટ લાંબા લાકડા કે વાંસના ત્રણ દંડાની ઘોડી બનાવો; ને વચમાં ત્રિકોણ આકારનાં આડાં ચાર ખાનાં બનાવી લ્યો.

હવે ચાર માટલીઓ લ્યો. એમાંથી ત્રણની નીચે પેન્સિલની અણી જાય એવુંછિદ્ર બનાવીને તેમાં બારીક કપડાને વણી બનાવેલી દોરી લટકતી રાખો,—મહાદેવની જળાધારીની માફક.



છિદ્ર વગરનું માટલું ઘોડીના છેક તળિયાના ખાનામાં મૂકો, અને છિદ્રોવાળાં ત્રણે માટલાં ઉપરનાં ત્રણે ખાનામાં ગોઠવો.


હવે છેક ઉપરની માટલીમાં પાણી ભરો. એમાંથી છિદ્રવાટે ટપકીને પાણી બીજા ખાનાની માટલીમાં પડશે. એ બીજા ખાનાની માટલીમાં ૨ાા તોલા સુગંધી વાળો, ૦ા તોલો કપુરકાચલી અને એક તોલો ગુલાબનાં ફૂલની પાંખડી પાથરો. આ પદાર્થો ઉપર પહેલા ખાનામાંની માટલીમાંથી પાણી પડશે. એ પાણી નીચે છિદ્રમાં થઇને ત્રીજા ખાનાની માટલીમાં પડશે, અને ત્રીજા ખાનાની માટલીમાંથી તે છેક તળિયાની છિદ્ર વગરની માટલીમાં એકઠું થશે. એ જળ બિલકુલ ઠંડું હીમ જેવું તથા સુંદર સુવાસવાળું, અને બહારના તાપથી તૃષાથી વ્યાકુળ બની આવેલા મિત્ર મહેમાન ને સ્વજનને પ્યાલો આપવાથી પ્રસન્ન કરે એવું સરસ બનશે.

આ એક ઓછા ખર્ચે, સ્વાવલંબનથી કુદરતની મદદથી મેળ શકાય એવી જૂની રીત છે. (ગુજ૦ સમાચાર) —વૈદ્ય જાદવજી શાસ્ત્રી

કસ્તૂરીમૃગ

હિંદમાં જેમ 'સંસ્કૃતિ'નો ફેલાવો વધતો જાય છે અને જંગલોનું પ્રમાણ ઘટતું જાય છે તેમ હરણોની વસતિ ઘટતી જાય છે. દાખલા તરીકે સુંદર ટપકાદાર હરણ 'ચીતલ' એક વાર સર્વત્ર મળી આવતું, પણ હવે તે અમુક સ્થળે જ મળે છે. હરણની બીજી એક જાત 'બડાસીંગ' પણ એવી વિરલ બની ગઇ છે. 'ભસતાં હરણ' અને 'સાબર' વગેરે જાતો હજી એમના દુશ્મનો સામે કંઈક અંશે ટકી રહેલી છે: એ દુશ્મનો છે વાઘ, દીપડા, જંગલી કૂતરા તથા શિકારીઓ.

પરંતુ બધાં ય હરણાંમાં સૌથી વિરલ બની ગએલી જાત તો છે કસ્તૂરી મૃગની. કદમાં તદ્દન નાનું અને વિશિષ્ટ દેખાવનું આ હરણ મધ્ય અને અગ્નિ એશિયાના ખૂબ ઊંચા પહાડોમાં મળી આવે



છે. હિંદમાં એ હિમાલય પર્વતમાં જ્યાંથી બરફનો જમાવ શરૂ થ છે એ ઊંચાઇએ મળી આવે છે. આસામની ગિશમી જાતિ આ કસ્તૂરીમૃગને પકડવા માટે પ્રખ્યાત છે.

કસ્તૂરીમૃગની ઊંચાઈ માત્ર ૨૦ ઈંચ હોય છે. એમાં નરને માથે શીંગડાં નથી હોતાં, પરંતુ ઉપલા જડબામાં બે અણીદાર લાંબા દાંત હોય છે જે વડે તે દુશ્મનનો મુકાબલો કરે છે. એનું ચામડું ખાસ ખપનું નથી હોતું'કારણકે એના વાળ ખૂબ જાડા અને બરછટ હોય છે, આ કારણે એનો શિકાર થતો બહુ ઓછો જોવામાં આવે છે. ગિશમી તથા બીજી જાતો એને જીવતો જ પકડી લે છે.

આપણે જે કસ્તૂરીનો ઉપયોગ કરીએ છીએ એ કસ્તૂરી નર મૃગના નાભિસ્થાને આવેલી એક ગ્રંથીમાંથી મેળવવામાં આવે છે. જોકે એ ગ્રંથીમાંથી ઝરતી સુગંધ કુદરતે તો મૃગલીને આકર્ષવા માટે એનામાં મૂકેલી છે, પરંતુ માણસજાતે એ સુગંધી પદાર્થ માટે જ એનો નાશ કર્યો રાખ્યો છે. આ નાશ બેશુમાર છે. ઈ.સ. ૧૯૨૫માં નીકળેલા અંદાજ મુજબ હિંદ અને ચીન વચ્ચેના પહાડી પ્રદેશમાં વરસ દિવસે ૧૫૦૦૦ કસ્તૂરીમૃગોની હત્યા તેમનામાંથી કસ્તૂરી મેળવવાને કરવામાં આવે છે. કસ્તૂરીમૃગને મારીને એના નાભિ-પ્રદેશમાંથી કસ્તૂરીનું ડૂંખળું તોડી લેવામાં આવે છે અને એને ધોઇ સૂકવીને પછી યુરોપ ચડાવવામાં આવે છે.

હિંદમાં કસ્તૂરીમૃગનું વસતિપ્રમાણ બહુ જૂજ છે, અને એની આ રીતની હત્યા અટકાવવામાં નહિ આવે તો તે કદાચ સંપૂર્ણ નાબૂદ થઈ જશે. પહાડોની ઊંચાઇએ એ રહેતાં હોઇને બીજી હવા એમને માફક નથી આવતી. આ કારણે તો જગતનાં પ્રાણીસંગ્રહાલયોમાં પણ ક્યાંય કસ્તૂરીમૃગ જોવામાં નથી આવતા. આજથી ચાળીસેક વર્ષ પર કલકત્તાના પ્રાણીસંગ્રહાલયમાં એક કસ્તૂરીમૃગ લાવેલો, પણ થોડા જ સમયમાં એ મરી ગએલો. (પ્રજાબંધુ)

એશિયાડમાં ગુજરાતીઓ

ગયા અંકના 'સામયિક વિચાર'માં જે એવું વિધાન કરેલું કે એશિયાડકના રમતોત્સવમાં એક ગુજરાતી ન હતો, તેના પ્રત્યે ઘણા વાચકોએ ધ્યાન ખેંચી એ ભૂલ સુધારતા પત્રો લખ્યા છે. 'કુમાર'નો એકેએક લેખમાં આટલો જાગૃત રસ લેનાર આવડો મોટો વર્ગ છે અને ગુજરાતના ગૌરવની તેમને હૈયે આટલી દાઝ છે એ જાણીને અમને આનંદ ને સંતોષ થાય છે.

એશિયાડમાં એક નહિ પણ (અમારી માહિતી પ્રમાણે) છએક જેટલાં ગુજરાતી ભાઇ-બહેનો ઊતરેલાં હતાં. આ નીચે એમની માહિતી રજૂ કરતાં પહેલાં આ બાબતમાં એટલો ખુલાસો કરવો જરૂરી છે કે એ ઉલ્લેખ પાછળનો હકીકતનો અંશ ખરો છે, પણ તેની રજૂઆતમાં દોષ હતો. એ વિધાન તળ ગુજરાત પરત્વે, તેની વ્યાયામપ્રવૃત્તિના એવા એક અવલોકન ઉપરથી હતું, કે તળ ગુજરાતના ક્ષેત્રમાંથી તો મુંબાઇ ઑલિમ્પિક સુધી પણ હજી માંડ પહોંચતા થવાયું છે; અને ત્યાં પણ ખાસ દેખાવ કરી શકાયો ન હતો. બાકી તો એશિયાડમાં ઊતરેલા ને વિજયી થએલાઓનાં જે નામ આ નીચે આપ્યાં છે તે બધાં મુંબાઈમાંથી હતાં. પણ તેથી તેઓનું ગુજરાતી તરીકેનું ગૌરવ લેશમાત્ર ઓછું થતું નથી, અને અમે તેમની હકીકત ગર્વ સાથે રજૂ કરીએ છીએ. તેમનાં નામ નીચે મુજબ છે: (૧) બહેન રોશન મિસ્ત્રી; (૨) બાનુ ગઝદર; (૩) શ્રી કાન્તિલાલ નગીનદાસ શાહ–ઉંમર વર્ષ ૨૨; (૪) ખટાઉ પ્રેમજી ઠક્કર–૧૯ વર્ષ; (૫) શ્રી ગોરધનદાસ રતનશી કાપડિયા–૩૧ વર્ષ; (૬) શ્રી ભગવાનદાસ રતનશી કાપડિયા –૨૮ વર્ષ; (૭) શ્રી ટી. ટી. દંડ–૨૪ વર્ષ. આ પૈકી છઠ્ઠા નંબરને હરીફાઇમાં લેવા આમંત્રણ મળેલું હતું પણ તે કશામાં ચુંટાયા ન હતા. બહેન રોશન મિસ્ત્રી સ્ત્રીઓની ૧૦૦ મીટર દોડમાં બીજે નંબરે આવ્યાં હતાં. બાનુ ગઝદર ઊતર્યાં હતાં, પણ તેમને ઇનામ મળ્યું ન હતું. બાકીના ભાઇઓ વિષેની માહિતી તો, અમને એ વિષયમાં લખનારાઓ પૈકી શ્રી દલપતલાલ ચુનીલાલ ઝવેરીના પત્રમાં વિગતવાર આપી છે તે, એમના આભાર સાથે આ નીચે ઉતારીએ છીએ:

"શ્રી કાન્તિલાલ નગીનદાસ શાહ: આ ભાઈ તરવાની હરીફાઇમાં ૧૦૦ મીટર બૅક સ્ટ્રૉક, ૩×૧૦૦ મીટર મેડલી રીલે રેઈસ, અને વૉટર પોલો, એમ ત્રણ હરીફાઇઓ માટે ચુંટાયા હતા. ૧૦૦ મીટર બૅક સ્ટ્રૉકમાં એ આખા એશિયામાં બીજા આવ્યા હતા, તેમનો સમય ૧ મિનિટ ૧૯·૩ સેકન્ડ હતો, અને તેમણે રૂપાનો ચાંદ જીત્યો હતો.

૩×૧૦૦ મીટર મેડલી રીલે રેઈસમાં પણ તેઓ ભારતની ટીમ તરફથી બૅક સ્ટ્રૉકમાં ઊતર્યા હતા. તે ટીમે એશિયામાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું ને તેમાં તેઓ કાંસાનો ચાંદ જીત્યા હતા. વળી વૉટર પોલોની રમતમાં પણ ભારતની ટીમમાં તેમની વરણી થઈ હતી ને તેમની ઝડપથી તરવાની કળા તથા ચોક્કસ નેમથી બૉલ નાખવાની આવડતથી તેઓએ છમાંથી બે ગોલ કર્યા હતા, અને ભારતની ટીમને ચૅમ્પિયન બનાવવામાં આગેવાનીભર્યો ભાગ લીધો હતો. તે માટે તેમને સુવર્ણનો ચન્દ્રક મળ્યો હતો. વળી આખા એશિયામાં આ રીતે ત્રણ ચાંદ મેળવનાર એ એકલા જ છે.

શ્રી ખટાઉ પ્રેમજી ઠક્કર: આ ભાઇની ઉંમર હજુ તો માત્ર ઓગણીસ જ વર્ષની છે. તેમને તરવાની હરીફાઇઓમાં સ્પ્રિંગ બોર્ડ ડાઇવિંગ અને હાઇબોર્ડ ડાઈવિંગ માટે ચૂંટવામાં આવ્યા હતા; અને એ બંને હરીફાઈઓમાં પ્રથમ આવીને તેમણે બે સોનાના ચાંદ જીત્યા હતા. ભારતમાં બે સુવર્ણચંદ્રક મેળવનારાઓમાં તેઓ બીજા છે. (એવું પ્રથમ માન મિ. પિન્ટોને જાય છે.)

શ્રી ગોરધનદાસ રતનશી કાપડિયા: આ ભાઈ વૉટરપોલોમા ભારતના એક સુનંદા ગોલકીપર છે, ને ભારતની વૉટરપોલોની ટીમમાં તેમની વરણી થઈ હતી. એશિયાડની હરીફાઇઓમાં ભારત તેમાં ચૅમ્પિયન થયું છે તે આ ભાઇને આભારી છે. તેમણે જે સફાઇથી સીંગાપુરની ટીમ સામે ગોલકી-પિંગ કરેલી તેનાં વખાણ તો જેણે એશિયાડની રેડિયો કૉમેન્ટરી સાંભળી હશે તેણે સારીપેઠે જાણ્યાં હશે. વૉટરપોલોમાં ભારતની ટીમે છ ગોલ કર્યા હતા અને સીંગાપુરની ટીમે ચાર ગોલ કર્યા હતા. એ રીતે ભારતની ટીમ બે ગોલની જીત મેળવી ચૅમ્પિયન થઈ હતી અને ભાઈ ગોરધનદાસ રતનશી કાપડિયાએ સુવર્ણચંદ્રક મેળવ્યો હતો.

શ્રી ટી. ટી. દંડ: આ ભાઇ હાઇબોર્ડ ડાઈવિંગ માટે ચુંટાયા હતા અને તેમાં તેઓ ત્રીજા આવ્યા હતા ને કાંસાનો ચાંદ જીત્યો હતો. આ જ હરીફાઈમાં આપણા ભાઇ ખટાઉ પ્રેમજી ઠક્કર પ્રથમ આવ્યા હતા એ હકીકત ઉપર આવી ગઈ છે. બીજું સ્થાન ઈરાને મેળવ્યું હતું અને ત્રીજું સ્થાન ભાઇ દંડ જીત્યા હતા.

આ રીતે તરવાની હરીફાઇઓમાં આપણા ગુજરાતી બધુઓએ સુવર્ણચંદ્રકો, ચાંદીનો ચંદ્રક તથા કાંસાનો ચંદ્રક મેળવીને ગુજરાતનું નામ ઇતિહાસમાં અમર રાખ્યું છે."

આ માસ (મે) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

એપ્રિલ (૧૯૫૧)ની તવારીખ

તા. ૨ કાશ્મીર વિષેના યૂનોના ઠરાવનો અમલ ન કરવાની પંડિત નહેરૂની જાહેરાત.

તા. ૩ હિંદને ૧૦ લાખ ટન અનાજ આપવાનો ચીનનો પ્રસ્તાવ. ◐ કોરિયામાં યુનોનાં દળોએ ૩૮ અક્ષાંશરેખા ફરી ઓળંગી.

તા. ૪ ઇંગ્લંડ સાથેની પહેલી ટેબલ-ટેનિસ ટેસ્ટ મૅચમાં ભારતની ૮ વિરૂદ્ધ ૧ થી હાર.

તા. ૬ દ૦ આફ્રિકન સરકારની જાતિદ્વેષની નીતિના વિરોધમાં મહાત્માજીના પુત્ર શ્રી મણિલાલગાંધીના૨૪દિવસનાઉપવાસશરૂ.

તા. ૯ મનીઑર્ડર તથા વી. પી.ના દરમાં વધારાની, અને સ્થાનિક ટપાલનાં પરબીડીયાંનો ઓછો દર દૂર થયાની જાહેરાત.

તા. ૧૧ પ્રમુખ ટ્રુમૅને જનરલ'મૅક આર્થરને બધા હોદ્દા પરથી બરતરફ કર્યા.

તા. ૧૩ વડોદરાના મહારાજાને પદભ્રષ્ટ કરીને તેમના યુવરાજ ફતેહસિંહને તેમને સ્થાને નીમ્યાની હિંદ સરકારની જાહેરાત.

તા. ૧૪ કાશ્મીર ને જમ્મુ સહિત ભારતની કુલ વસતિ ૩૬ કરોડ ૧૮ લાખ ઠરી. ◐ ઈરાનના તેલ-વિસ્તારમાં મોટા પ્રમાણમાં તોફાન તથા હડતાળ ◐ ઈંગ્લંડના માજી પરદેશમંત્રી શ્રી બેવિનનું મૃત્યુ.

તા. ૧૫ નેપાળી લશ્કરના વડા તરીકે રાજા ત્રિભુવને પદ લીધું;તથા નેપાળમાંઅરાજકતા મચાવનાર ગુરખાદલ પર પ્રતિબંધ મુકાયો.

તા. ૧૮ યૂરોપનાં કોલસા અને લોખંડનાં ઉત્પાદન એક સહિયારા નિયંત્રણ નીચે મૂકવાની શૂમાં યોજનાના કરારો પર ફ્રાન્સ, હોલૅંડ, પશ્ચિમ જર્મની, ઈટાલી, બેલજિયમ ને લકઝેમ્બર્ગના પરદેશમંત્રીઓની સહીઓ.

તા. ૨૦ મુંબાઇમાં ધોળે દિવસે, ભરચક્ક રાજમાર્ગ ઉપરની લૅાઇડ્ઝ બૅન્કની બાર લાખની રોકડ રકમની લૂંટ. ◐ અમેરિકન સેનેટની પરદેશ-સંબંધ-સમિતિએ ભારતને ૧૦ લાખ ટન અનાજ લોન તરીકે ને ૧૦ લાખટન ભેટ તરીકે આપવાનો ઠરાવ કર્યો.

તા. ૨૬ લાલ દળોના જોસભેર ધસારાથી યૂનોનાં દળોની કોરિયામાં ફરી પીછેહઠ.

તા. ૨૭ ઈરાનના નવા મુખ્ય પ્રધાન હુસેન આલાનું રાજીનામું.

તા. ૨૯ લોણાવળા ખાતે યોગવિદ્યાની કૉલેજનું ઉદ્‌ઘાટન.

તા. ૩૦ કાશ્મીર માટે યૂનોના પ્રતિનિધિ તરીકે અમેરિકાની કૅરૉલિના યુનિવર્સિટીના પ્રમુખ ફ્રૅન્ક ગ્રેહામની નિમણૂક.

દિનવિશેષ

તા. ૧ જગતના કામગાર-કિસાનોનો 'મે ડે' ઊજવવાનો પહેલવહેલો ઠરાવ, ૧૮૮૯.

તા. ૩ અરવિંદ ઘોષ પર અલીપુરબૉંબ કેસ મંડાયો, ૧૯૦૮. (જેમાંથી તે નિર્દોષ છૂટ્યા.)

તા. ૪ શ્રીરંગપટ્ટમની લડાઈમાં અંગ્રેજો સામે ઝૂઝતાં ટીપુ સુલતાનનું મરણ, ૧૭૯૯.

તા. ૬ હિંદમાં પહેલા ખ્રિસ્તી ધર્મપ્રચારક ફ્રાન્સિસ ઝેવિયર ગોવા બંદરે ઊતર્યા, ૧૫૪૨.

તા. ૧૧ '૫૭ના ક્રાંતિકારોએ દિલ્હી સર કરી બહાદુરશાહને હિંદના શહેનશાહ જાહેર કર્યા.

તા. ૧૪ ઑસ્ટ્રેલિયાથી પહેલી વિમાની ટપાલ ૧૯ા દિવસે ઇંગ્લંડ પહોંચી, ૧૯૩૧.

તા. ૨૦ પ્રાણીઓની સમગ્ર સૃષ્ટિના નામકરણ પર અજોડ ગ્રંથ લખનાર મહાન નિસર્ગશાસ્ત્રી લૂઈ આગાસિસનો સ્વિટ્ઝરલૅંડમાં જન્મ, ૧૮૦૭.

તા. ૨૫ બંગાળના-બલ્કે હિંદના સમર્થ કેળવણીકાર આશુતોષ મુકરજીનું અવસાન, ૧૯૨૪.

તા. ૩૦ ભીષણ ધરતીકંપને કારણે ક્વેટામાં ૩૦,૦૦૦ માણસો માર્યાં ગયા, ૧૯૩૫.

વ્યક્તિવિશેષ·મહારાણી વિક્ટોરિયા



જગતભરના ઈતિહાસમાં બીજા કોઇ પણ સત્તાધીશો કરતાં વધુમાં વધુ વિસ્તૃત સામ્રાજ્ય પર આધિપત્ય ભોગવી જનાર ઈંગ્લંડની આ અતિ લોકપ્રિય મહારાણીનો જન્મ ૧૮૧૯ના મેની ૨૨મી તારીખે થયેલો. રાજા જ્યૉર્જ ત્રીજાના ચોથા પુત્ર ડ્યૂક ઑવ કેન્સિંગ્ટનની એ એકમાત્ર પુત્રી હોઈ, તેના કાકા વિલિયમ ચોથાના અવસાન બાદ તે ૧૮ વર્ષની વયે ૧૮૩૭ની ૨૦મી જૂને ઈંગ્લંડની ગાદીએ આવી. જોકે તેના બચપણમાં જ પિતાનું અવસાન થયેલું હોવાથી માતા (જે મૂળ જર્મન હતી)ના જ એકમાત્ર ઊછેરમાં આવવાથી છેક ગાદીએ બેસવા સુધી તો તેનું અંગ્રેજીનું ભાષાજ્ઞાન પણ ઘણું કાચું હતું. પણ લૉર્ડ મેલબોર્ન પાસેથી રાજકારણના પાઠ શીખીને તે પાવરધી થઇ ગઈ.૧૮૪૦માં તેના મામાના પુત્ર પ્રિન્સ આલ્બર્ટ ઑવ સૅક્સ-કૉબર્ગૅાથ સાથે તેનાં લગ્ન થયાં. શરૂઆતમાં મેલબોર્નની રીતે રાજ્ય ચલાવ્યા બાદ પાછળથી તે પ્રિન્સની દોરવણી મુજબ વર્તતી.

૧૮૬૧માં પ્રિન્સના અવસાનનો આઘાત લાગતાં લગભગ બધી સામાજિક પ્રવૃત્તિઓ છોડી દઈ તે કેવળ રાજકાજમાં જ રત રહેવા લાગી, અને છેક છેવટ સુધી કોઈની પણ મદદ લીધા વિના પોતાની ફરજો એ જાતે જ અદા કરતી રહી, ત્યારે જ એ કૃતનિશ્ચયી ને ઉદ્યમશીલ તથા પ્રજાવત્સલ ને શાણી રાણીની ખરી શક્તિઓની લોકોને જાણ થઈ. એનો રાજ્યકાળ ઈંગ્લંડના ઇતિહાસમાં સુવર્ણ યુગ ગણાય છે. ૧૮ વર્ષની નાની વયથી માંડી અવસાન સુધીના ૬૪ વર્ષના લાંબા રાજ્યકાળ દરમિયાન પ્રજા અને દેશની જ સતત ચિંતા રાખી તેણે પ્રજાનો જે ચાહ મેળવ્યો, એવો દુનિયાના કોઈ પણ રાજારાણીએ આટલાવિસ્તૃત સામ્રાજ્યની સમગ્ર પ્રજાનો નથી મેળવ્યો.

૧૯૦૦માં તેને વિસ્મૃતિ થવા લાગી, ધીરે-ધીરે શક્તિ ક્ષીણ થતી ચાલી ને ૧૯૦૧ની ૨૨મી જાન્યુઆરીએ નવી સદીનો પ્રારંભ જોઇ ૮૨ વર્ષની વયે એ અવસાન પામી.

પ્રસંગવિશેષ : પહેલી પનોતી : વાસ્કો ડ ગામાનું હિંદમાં આગમન

દુનિયાભરના વાણિજ્યકેન્દ્ર ભારતમાં વેપાર ખેડી માલેતુજાર થવાના મોહથી પોર્ટુગીઝ સરકારે ૧૪૯૭ના જુલાઇની ૮મીએ વાસ્કો ડ ગામાને હિંદ મોકલ્યો. તેણે ૨૦મી મે ૧૪૯૮ના દિવસે દક્ષિણ હિંદના કાલીકટ બંદરે પગ મૂક્યો, ત્યારે એ તરફ એક એવી ભવિષ્યવાણી પ્રચલિત થએલી કે 'દૂરદૂરથી આવી ગોરા લોકો હિંદ પર રાજ કરશે અને પોતાના વિરોધીઓને જડમૂળથી ઉખેડી ફગાવી દેશે.' એ કાળવાણી ખરી પડવાના ભયથી ત્યાંની પ્રજાએ આ બલા ટાળવા ઊંચી જાતના તેજાનાઓથી તેનાં વહાણ ભરી દીધાં. જેટલા વણિગ્બુદ્ધિ એટલા જ ચાણાક્ય એ ગોરાએ પહેલી નજરે જ હિંદી પ્રજાની નિર્બળતા માપી લીધી ને ઈ. ૧૫૦૨માં શસ્ત્રસજ્જ થઇ આવી કેવળ ધાક બેસાડવા ખાતર જ પ્રજા પર અત્યાચાર ગુજાર્યા, જેનો વિરોધ કરતાં ઝામોરીન પણ હાર્યો. પછી તો આકડે મધ જોઈ ગએલા એ વલંદાએ તથા ત્યાર બાદ ડચ, ફ્રૅંચ ને અંગ્રેજોએ આ દેશમાં આવીને શી વલે કરી એ આપણે જાણીએ છીએ. એ સાડાચારસો વરસની પનોતી વાસ્કો ડ ગામાના આગમનથી બેઠેલી.

> અલિ, પતંગ, મૃગ, મીન, ગજ, એક એક રસ આંચ,
> તુલસી તિનકી કો ગતિ જા કો વ્યાપત પાંચ.*

બનારસ હિંદુ યુનિવર્સિટી માટે ફાળો ઉઘરાવતા પંડિત માલવીયજી કલકત્તામાં એક શેઠ પાસે ગયા હતા. ત્યાં પાસે શેઠનો નાનો છોકરો રમતો હતો. તેણે દીવાસળીની પેટીમાંથી એક દીવાસળી લઈ અમસ્થી જ સળગાવતાં શેઠે તેને તમાચો ચોઢી કાઢ્યો. એક દીવાસળી બગડતાં જે શેઠ છોકરાને મારવા જેટલી કૃપણતા ધરાવે છે તે દાનમાં શું આપી શકે, એમ વિચારી માલવીયજી ફાળાની કાંઇ જ વાત ન કરતાં ઊઠ્યા. દરવાજે વળાવવા આવેલા શેઠે માલવીયજીને આગમનનું કારણ પૂછતાં માલવીયજીએ તે કહ્યું. તરત શેઠે તેમને અંદર લઈ જઇ ૫૦ હજાર રૂપિયા આપ્યા! આથી અચરજ પામી માલવીયજીએ પેલા દીવાસળીના પ્રસંગ વિષે પૂછતાં શેઠે કહ્યું, 'પ્રસંગ આવ્યે ઉદારતા શોભે, પણ કરકસર તો જીવનમાં હમેશ શોભે. જે છોકરો આ એક દીવાસળીનું મૂલ્ય સમજતો નથી તે મારી આ એકઠી કરેલી મિલકતનું મૂલ્ય પણ ન સમજી શકે.'

અનેકાર્થી શબ્દ: **રેલવું**=રેલ આવવી; જવું કે પરવરવું; જોરથી રેડવું; ઢોળવું; રેલમાં તાણી જવું; દૂર કરવું; પાણીનો એક સાપ.

રેલવે ક્યાં, ક્યારે શરૂ થઈ?

ઇગ્લંડ	તા. ૨૭-૧૧-૧૮૨૫
ફ્રાન્સ	૧-૧૦-૧૮૨૮
ઑસ્ટ્રિયા	૩૦-૧૧-૧૮૨૮
અમેરિકા	૨૮-૧૨-૧૮૨૯
જર્મની	૭-૧૨-૧૮૩૫
રશિયા	૮-૪-૧૮૩૮
ઈટાલી	૯-૪-૧૮૩૯
સ્પેઈન	૨૪-૧૦-૧૮૪૮
તુર્કસ્તાન	૪-૧૦-૧૮૬૦
હિંદુસ્તાન	૧૮૪૯
ઇજિપ્ત	૧૮૫૫
પોર્ટુગાલ	૧૮૬૪

*ભમરો, પતંગિયું, હરણ, માછલું ને હાથી, એ બધાં માત્ર એકએક જ ઇન્દ્રિયના રસના માર્યા વિનાશ પામે છે, તો માણસને પાંચ ઇન્દ્રિયો છે. તેના પર કાબૂ ન રાખતાં તેમાં તે લીન થાય તો તેની તો શી ગતિ થાય?

કહેવતોના અર્થ: 'ગાંડી માથે બેડું'–જેના પર કશો ભરોસો ન રાખી શકાય એવા બિનજવાબદાર અગર ઓછી બુદ્ધિના માણસની શક્તિ, સ્થિરતા કે કાર્યસિદ્ધિ વિષે ખાતરી ન પડતી હોય તે દર્શાવતી આ કહેવતમાંની ઉપમા સાર્થ છે: ગાંડી સ્ત્રીના માથા ઉપર રહેલું પાણીનું બેડું જેટલું બિનસલામત છે (ક્યારે એ ફેંકી દે તેનો ભરોસો નહિ) એવી જ અસ્થિરતા આવા દાધારંગા માણસ વિષે સમજવી.

ગણિત ગમ્મત

૯૮૭૬૫૪૩૨૧×૯=૦૮૮૮૮૮૮૮૮૮૯
,, ×૧૮=૧૭૭૭૭૭૭૭૭૭૮
,, ×૨૭=૨૬૬૬૬૬૬૬૬૬૭
,, ×૩૬=૩૫૫૫૫૫૫૫૫૫૬
,, ×૪૫=૪૪૪૪૪૪૪૪૪૪૫
,, ×૫૪=૫૩૩૩૩૩૩૩૩૩૪
,, ×૬૩=૬૨૨૨૨૨૨૨૨૨૩
,, ×૭૨=૭૧૧૧૧૧૧૧૧૧૨
,, ×૮૧=૮૦૦૦૦૦૦૦૦૦૧

પતંગિયાં જે હવામાં ઊડે છે તે હવાની તેમના રંગ પર અસર થાય છે.


ચીની માટીનાં વાસણો ધોયા પછી લાકડા યા લોઢાની અભરાઈ પર સીધાં મૂકવાને બદલે ત્યાં એકાદ કાપડનો કટકો પાથરીને તેના પર મૂકવાથી એ કાપડ વાસણોનું પાણી શોષી લેશે અને વળી વાસણો લપસી પડી ફૂટી જતાં પણ બચશે.

જાણો છો? લોઢાની સાંકળના ઝૂલતા પૂલ ચીનાઓએ ૨૦૦૦ વર્ષ પહેલાં કર્યા હતા. * માણસના શરીરનો પરસેવો બહાર વહન કરનારાં ૩ કરોડ છિદ્રો શરીર પર છે. * પીળા અગર નારંગી પ્રકાશમાં બ્લુ રંગ કાળો દેખાય છે. *ઉંદર, જિવાત તથા ભેજવાળી હવાને લીધે દર વર્ષે ૩૦ લાખ ટન અનાજનો આપણા દેશમાં નાશ થાય છે.

છેલ્લી વસતિગણત્રી પ્રમાણે ભારતમાં
૧૮,૩૩,૮૪,૮૦૭ પુરુષો
અને ૧૭,૩૫,૦૬,૮૧૭ સ્ત્રીઓ મળીને
કુલ ૩૫,૬૮,૯૧,૬૨૪ની વસતિ છે.

તદ્દન મુલાયમ અને બારીક સાડી કે પોશાકમાં સેઇફ્ટી પિન ભરાવતાં ખેંચાઇને ફાટવાનો ભય હોય તો પાછળના ભાગમાં રૂનું પૂમડું રાખીને તેની સાથે સાડીમાં પિન ભરાવવાથી નહિ ફાટે.

માણસનો સૌથી વધુ વિકાસનો કાળ ૧૪ થી ૧૭ વર્ષ દરમ્યાનનો હોય છે.



કલાકણિકા: છે તો માત્ર ખડિયા જેવું નજીવું સાધન; પણ જપાનીઓએ ઉમંગભેર એ માટે કેટલું શોભન કર્યું છે!

(અનુ૦ પૃ૦ ૧૭૧થી ચાલુ) અમે યોજી રહ્યાં છીએ. પુષ્પ નિરીક્ષણની સફરે નીકળવું એ વસંત ઋતુમાં જાપાની જનતાનો પ્રિય પ્રમોદ છે.

હવેથી અવારનવાર તમારે ત્યાંનું અંગ્રેજી પત્ર મોકલતા રહેશો તો હું ઘણો આભારી થઈશ.

તમને ઘણું ઘણું કહેવાનું છે, પણ દિલગીર છું કે અત્યારે સરકારી કામમાં ઘણો ગુંથાએલો છું; એટલે નજીકના ભવિષ્યમાં ફરીથી લખીશ. અલ-વિદા. તમારો, મિત્રાચારીભર્યો, યો. હોશીનો.

ઇન્ડોનેશિયાનાં પત્રમિત્રો

દરેક સરનામાને છેડે Indonesia ઉમેરી લેવું.

(1) Huse in Bratasuwignja, Gang Ereh-6, Bandung, Java—21, Hunting, Gardening, Games. Student of Technical College; (2) Yogi Soedjati, 282, Purwaganda, Wetan, Semarang, Java—20, Swimming, Foot-ball, Sports. S.M.A. Student, (equal to B.A.); (3) Bambang Dharsono, 46-Djenengan, Surakarta, Java—20, Learning more english through friendship, Music, Stu. of Law and Economic; (4) Moh. Anwar, Gondokusuman-2, Jogjakarta, Java—18, Swimming, Music, Stamps, S. M. A. student; (5) Sumdi, C/o Sekolah Menengah Nasional, (National Secondary High School), Djalan Bendan 2, Pekalongan, Java—19, Music, Drawing of cartoons, Film actors and placates. Student of National Secondary High School, final year; (6) Rahardjo, C/o Sekolah Menengan Nasional, Dajalan Bendan 2, Pekalongah Java—Penfriends; (7) Tabas Pandia-Daulu, Post Brastagi, East Sumatra—20, Interesting in writing Short stories; (8) Mr. W. Djiwa, Sekolah Guru Negara, Djalan Djustisi-8, Macassar—24, Religious matter whether about Hinduism or Budhism; (9) R. Moerjono, Djalan Pasar-38, Pati, Java-38, Interesting in Politics; (10) A. Ravai Munaf, Peladjar S. M. A. Bukittinggi, Sumatra Tengah—20, Male Friendship, Picnic, Foot-ball, Writing Short stories; (11) Soeardi Idris, Peladjar Perguruan, Menengah Umum, Bukittinggi, Sumatra Tengah—20, Male friendship, Writing stories, Drawing and Painting; (12) Danna S., S. M. P. G. R.I ., Garut, Java—17, Basket Ball, Foot-ball, Swimming, Writing to friends; (13) M. Soaloon A., Djalan Waringi-52, Medan, Sumatra Utara-22, Motion Pictures, Arts, Sciences, Film, History. (ચાલુ) ઉલ્લેખ: વિનોદ મેઘાણી, ૬૬ આગ્રારોડ, નૉર્થ કુરલા, મુંબાઈ,

હિંદી પત્રમિત્રો

(18) Indravadan Mehta, 40, Dadabhai Rd., Vileparle (West), Bombay-24—18, Stamps, Photos, Coins; (19) Kamal Kewalramani, 12, Vishva Kunj Society, Kankaria Rd., Ahmedabad—22, Poetry, Painting, Pen-friendship; (20) R. N. Mehta, Light House, 17, Princess Street, Bombay-2—20, Pen-friendship; (21) Chandulal D. Shah, C/o L. R. Boarding, Ellis Bridge, Ahmedabad—18, Politics, Religion, Photography, Sports; (22) Liladhar Keshavlal Sevajani, Ranjit Para, Bhanvad (Saur.)—18, Stamps, Photography, Cricket; (23) Pravin Mody, 1150, Sir Pattani Road, Krishnanagar, Bhavnagar (Saur.)—15, Stamps, Swimming; (24) Vinod S. Shah, Chintamani Build., 3rd floor, 2nd Bhoiwada, Bombay-2—Literature, Politics, Economics, Cultural activities of Movies; (25) Popatlal D. Bhindi, Custom House, Grain Market, Jamnagar (Saur.);—20, Stamps, View-cards: (26) Mistry Navanitlal Makanji, Navachetan Vidyalaya, Limbasi, Ta. Matar, Dist. Kaira—29, Teaching, Drawing, Fretwork; (27) Chandulal A. Chavda, Chavda & Co., Khodi Ambali, Ahmedabad, —30, Philosophy, Literature, Astrology; (28) Bakulesh Anantrai Bhatt, Manek wadi, Station Road, Plot No. 5, Krishnanagar, Bhavnagar—18, Stamps, Reading, Pen-friendship; (29) Sushilkumar S. Dani, C/o Jitendrarai & Co., 185, Princess St., Bombay-2, —20, Reading, Sports, Philosophy; (30) Babu S. Mamuwala, Saifipura, Siddhapur (N. G.)—20, Stamps, Literature, View cards, Coins, Photography, Politics, Journalism; (31) Bhikhubhai Hansjibhai Patel, 11/161, Hanuman Pole, Nanavat, Surat,—Giography, Philosophy; (32) N. M. Tanna, 22, Bhasker Lane, Bombay-2,—20, Photography, Literature, Fine-arts, Business; (33) V. M. Solanky, 75, Gaonthan Road, Y. B. Patel Build., Malad, Bombay—19, Music, Photography, Drawing & Painting, Dancing; (34) Joshi Chandrakant Mulajibhai, C/o Joshi Mulajibhai Chunilal, 867, Golwad, Khadia, Ahmedabad,—18, Pen-friendship; (35) Dinesh K. Laheri, C/o Kanaiyalal J. Laheri, Lati Bazar, Khargate Mahuva (Saur.)—13, Coins, Stamps, Photography; (36) Paresh L. Waghela, 94, Bhandari St., 3rd floor, Bombay-4—18, Pen-friendship, Economics, Literatupe; (37) Ramanlal B. Patel, Gamdi, P. O. Nandej, Dist. Ahmedabad—25, Literature, Philosophy; (38) Javaharlal Shankerlal Trivedi, Krishna Society, Ellis Bridge, Ahmedabad—16, Stamps, Reading, Coins, Pen-friendship; (39) Bharatkumar Dhanvantri Desai, Pihlavali Golvad, Opp. Dolatkhana, Sarangpur, Ahmedbad—17, Stamps; (40) Vijay R. Mankermi, 20, Mangeshsenoy Street, Bombay-1—18; Reading, Sports, Scouting, Pen-friendship. (ચાલુ)

મૅટ્રિકની પરીક્ષા પછી

કઈ કઈ કૉલેજોમાં જઇ શકાય તેની વિગત તથા ટ્રસ્ટફંડોની યાદી વગેરે આપતી પત્રિકાઓ હતી તેટલી વહેંચાઇ ગઈ છે. માટે હવેથી વી. પી. થી મોકલવા નીચેને સરનામે લખવું: શ્રી કાન્તિલાલ લલ્લુભાઈ દેસાઇ, વિદ્યાર્થી બુક ડીપો, પરા, બોટાદ (સૌરાષ્ટ્ર)



દેશદેશના કલાકારોએ પોતાને ત્યાં થતાં ફૂલ-પાન-કીટક-પતંગિયાં તથા પશુપંખીમાં વિસ્તરેલી કુદરતની લીલાની રૂપલક્ષણા પકડી લઈને તેના પરથી વિવિધ શોભન માટેનાં રૂપાંકનો પ્રકટાવ્યાં છે. ગયા વર્ષના માર્ચ અંકમાં જાપાનના કલાકારોએ પોતાને ત્યાંની પુષ્પ-પત્રસૃષ્ટિમાંથી ઉપજાવેલાં એવાં રૂપાંકનોનો સમૂહ આપ્યો હતો. એ જ ઢબના આ બીજા સમૂહમાં શરૂની ચાર હારમાં કીટક-પતંગિયાંની નાના-વિધ રૂપરચના છે. પાંચમી હારમાં માત્ર એક જ પ્રકારના પાનની કેટલી વિવિધ રચના કરી છે! વસ્ત્રો, ખોળિયાં, રૂમાલ, વાસણો, ફર્નિચર, ઉપરકરો તથા રોજિંદા વાપરની ચીજોના શોભન માટે આ (તથા તેની પ્રેરણા પર ...









બ્રિટિશ પ્રજાના ખમીરનું પ્રદર્શન: 'ફેસ્ટિવલ ઑવ બ્રિટન'

પુરુષાર્થવંતી પ્રજા કટોકટીનો વખત વટાવી જવાને કેવા કેવા પ્રયત્નો કરે છે તેનું એક દૃષ્ટાંત તે આ ત્રીજી મેએ ઇંગ્લંડમાં ખુલ્લો મુકાએલો 'ફેસ્ટિવલ ઑવ બ્રિટન'– બ્રિટનનો મહોત્સવ છે. આજથી ૧૦૦ વર્ષ પહેલાં, ઈ. ૧૮૫૧માં બ્રિટને આવું જ એક મહા-પ્રદર્શન યોજેલું. તેની શતાબ્દી નિમિત્તે આજે ફરી યોજાએલા એ મહોત્સવનો ઉદ્દેશ છે કલા, ઉદ્યોગ, વિજ્ઞાન વગેરે ક્ષેત્રોમાં બ્રિટિશ પ્રજાની જાગ્રત ચેતના દાખવવાનો, અને માનવ જાતની પ્રગતિમાં ફાળો આપવાની પોતાની તાકાત ને તમન્ના દર્શાવવાનો. આ ચિત્રો બતાવે છે તેમ માત્ર લંડનમાં જ નહિ, પણ પશ્ચિમ છેડે વેલ્સથી માંડીને ઉત્તરે એડિનબર્ગ લગીના એ સમસ્ત દેશના ગામગામડા સુધીની બ્રિટિશ પ્રજા એક પ્રાણ થઇને, જાતજાતનાં પ્રદર્શનો, કલાઉત્સવો રમતગમતો, વિહાર-ક્રીડાનો, ગ્રામ-ઉત્સવો તેમજ શોધખોળ-મંદિરો, અભ્યાસક્રમો વગેરેના ભવ્ય અને વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો દ્વારા ઉમંગભેર આજ એ વ્યક્ત કરી રહી છે. બ્રિટનની ભૂતકાલીન સિદ્ધિઓ, વર્તમાન વિકાસ ને ભાવિ અભિલાષાઓનું પ્રતિબિંબ રજૂ કરવા માટે યોજાએલા એ મહોત્સવમાં દુનિયાભરના લોકોને આમંત્રીને, બધા મેળાઓમાં થાય છે તેવી માતબર આવક ઊભી કરવા સાથે, બ્રિટિશ પ્રજાનું ખમીર હજી જીવતું છે તેનું દુનિયાને (તેમજ ખુદ તેની પ્રજાને પણ) ભાન કરાવવાનો એનો ઉદ્દેશ છે. કટોકટીમાંથી પસાર થતી આપણી પ્રજાએ પણ એમાંથી બોધપાઠ લેવાનો છે. ઉનાળાના પાંચ માસ સુધી ચાલનાર એ મહોત્સવના કેન્દ્ર સમા લંડનના 'સાઉથ બૅંક પ્રદર્શન'નું વિહંગદૃશ્ય ડાબી બાજુ મથાળે છે. તેની બાજુમાં ઊભો છે તે 'શૉટ-ટાવર.' એ મિનારને મથાળે રેડિયો ટેલેસ્કોપનું છત્રી આકારનું એરીઅલ છે. વૈજ્ઞાનિક પ્રગતિની આવી તો અસંખ્ય અવનવી રજૂઆતો તેમાં છે. દાખલા તરીકે મથાળાના ચિત્રમાં તથા વચલા ચિત્રમાં જમણી બાજુ દેખાતા મોટા ઘુમટનું નામ છે 'ડોમ ઑવ ડિસ્કવરી.' ઇસેક્સ પરગણાનું સૌથી સુંદર ગામડું હોવાનો દાવો કરતું, નીચેના ચિત્રમાંનું ફિંચિંગફીલ્ડ નામે ગામ એ તળાવને કાંઠે ગ્રામોત્સવ ઊજવશે.